કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી

ધીરુ પરીખ



શ્રીરંગમ્

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ એકોતેરમું • એપ્રિલ ૧૯૯૮ • સળંગ અંક ૮૪૩



ધરતીની સોડમ : જપાની ચિત્રકાર શિન કિટામુરાએ ભારતની ત્રીસેકથી વધુ વાર મુલાકાત લીધી છે. એ દરમિયાન ભારતીય ગ્રામજીવનનો એમના પર જે પ્રભાવ પડ્યો છે તેને ઝીલતા આ તૈલરંગી ચિત્રમાં જાણે ભારતની ગ્રામધરતીનો આત્મા અભિવ્યક્ત થયેલો છે. ઢોરઢાંખર અને બાલબચ્ચાં સાથે ભારતીય ભડક રંગોમાં તૈયાર થયેલું આ ચિત્ર એની સંરચના અને રંગરચનાથી આહ્લાદક અને આકર્ષક બની આવ્યું છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૧મું   અંક ૪

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

એપ્રિલ ૧૯૯૮

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૪૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩-૦૦

વાચકો લખે છે

'કુમાર'ના માર્ચ, ૧૯૯૮ના અંકમાં શ્રી માવજી કે. સાવલાએ 'શબ્દની સફરે' વિભાગમાં 'વાણિયો' શબ્દનાં કુળ-મૂળ વિશે જે લખ્યું છે તે અંગે થોડું વિચારવાનું થાય છે. તેઓ લખે છે : 'વાણિયો' એ શબ્દનું મૂળ 'વિહાણ'માં જડે છે; પણ 'વિહાણ' શબ્દ સંસ્કૃતમાં જડે છે ખરો? વિદ્યાપીઠના જોડણીકોશમાં 'વિહાણ' (પાનું - ૭૮૦) શબ્દ આપેલો છે, જે દેશ્ય કહ્યો છે ને એનો અર્થ વહાણું, સવાર એવો આપ્યો છે. વળી, આ જ કોશમાં 'વહ્' ધાતુ ઉપરથી 'વહન' અને 'વાહન' શબ્દની વ્યુત્પત્તિ કહી છે, પણ 'વહાણ' શબ્દ એમાંથી વ્યુત્પન્ન થયેલો જણાવ્યો નથી.(જુઓ : સાર્થ ગુજરાતી જોડણીકોશ; આ.-૫, પૃ.: ૭૫૩-૭૫૪).

સંસ્કૃતમાં 'વણિજ્', 'વાણિજકઃ', અને 'વાણિજઃ' એમ ત્રણ શબ્દો છે જેમનો અર્થ a merchant, trader એવો આપેલો છે. (જુઓ The Student's Sanskrit-English Dictionary V. S. Apte; Second Edition, Reprint - 1982; Pages: 488-500) આ શબ્દોમાંથી 'વાણિયો' અને 'વણજ' ભાષાપરિવર્તનની પ્રક્રિયા અનુસાર થઈ શકે. હજી આગળ વેદિક સંસ્કૃત સુધી જઈએ તો 'પણિ' શબ્દ જડે, જેનો અર્થ 'a bargainer' આપ્યો છે. કોશકાર એને વિશે વધુ પ્રકાશ પાડતાં લખે છેઃ Noun of a class of envious demons watching our treasures 'પણ્' ધાતુનો અર્થ to barter, purchase, buy એવો બ્રાહ્મણગ્રંથોમાં, મહાભારતમાં થયો છે. 'પણ્યજન' traderના અર્થમાં 'વરાહપુરાણ'માં પ્રયોજાયો છે. (જુઓ : A Sanskrit - English Dictionary - Sir Monier Williams; Reprinted Edition - 1951)આ બધું જોતાં મૂળ 'પણિ'માંથી 'વાણિયો' ઊતરી આવ્યો હોય એવો સંભવ છે.

મરાઠી ભાષાના 'વાણિ' શબ્દને શ્રી સાવલા 'વાણિયા'માંથી આવેલો ને એમાં તિરસ્કારભાવ ઉમેરાયો હોવાનું કહે છે. મરાઠી ભાષાના પૂરતા જ્ઞાન વગર આ વિષે હું ખાતરીથી કંઈ કહી શકું નહીં, પણ એક તર્ક, અનુમાન કરી શકાય. સંસ્કૃતમાં 'વાણિઃ' શબ્દ છે જેનો અર્થ weaving, weaver's loom એવો આપ્યો છે. (જુઓ : આપ્ટેના ઉપર નિર્દિષ્ટ કોશનું પાનું - ૫૦૦). સંભવ છે કે વણકરના વ્યવસાય સાથે એનો સંબંધ રહેલો હોઈ વર્ણભેદના આપણા માનસને કારણે એમાં તિરસ્કારનો ભાવ ભળ્યો હોય. વિદ્વાનો વધુ પ્રકાશ પાડી શકે.

શબ્દની સફર મજાની છે; પણ એ સફરે ચઢનાર માટે ભાષાસજ્જતા, ભાષાશાસ્ત્રના નિયમો, ભાષાપરિવર્તનની પ્રક્રિયા ને વલણો વિશે જાણકારીની અપેક્ષા રહે છે. અન્યથા વહાણ ક્યાંક folk-etymology માં સલવાઈ જવાનો ખતરો છે. **-જયન્ત પાઠક (સુરત)**

'કુમાર'ના ૮૪૨મા અંકમાં માવજી કે.સાવલાએ 'શબ્દની સફરે-૧'માં 'વાણિયો' શબ્દનું મૂળ 'વિહાણ' બતાવ્યું છે.' 'વહાણ' પરથી 'વહાણિયો' થઈને 'વાણિયો' થયું એમ કહેવું ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ ખોટું છે. ખરેખર તો 'વાણિયો' શબ્દ, 'વહાણ' ઉપરથી નહીં, પણ સંસ્કૃત 'વાણિજક' પરથી બનેલ છે અને 'વણિક' પણ 'વણિજ્'નું કર્તાવિભક્તિ એકવચન છે. વિદ્યાપીઠના 'સાર્થ જોડણીકોશ'માં 'વાણિયો' (અને 'વણજારો')ના મૂળમાં સં 'વાણિજ્ય' આપેલ છે. કે. કા. શાસ્ત્રીના 'બૃહદ ગુજરાતી કોશ'માં (અને મારા 'મોટો કોશ'માં) પણ 'વાણિયો'ના મૂળમાં સં 'વાણિજક' આપેલ છે. હરિવલ્લભ ભાયાણીએ 'લઘુ વ્યુત્પત્તિકોશ'માં 'વાણિયો'ના મૂળમાં સં. વાણિજક, પ્રા. વાણિયઅ અને 'વણજ'ના વાણિજ્યા, પ્રા. વણિજ્જા' તેમજ 'વણજારો'ના મૂળમાં સં. વણિજ્યાકાર, પ્રા. વણિજ્જારઅ' આપેલ છે. સાવલાએ મરાઠી ભાષામાં 'વાણિયા'નું 'વાણિ' થયું અને દુકાનદારી કરનાર તે 'વાણિ' અટક પ્રચારમાં આવી કહેલ છે એ અંગે પણ થોડું કહેવું છે. ભાયાણીસાહેબે 'શબ્દકથા'માં કહ્યું છે: 'સં. વણિજ્યતિ (વેપાર કરે છે) પરથી સધાયેલું નામ તે વણિજ્યા ('વેપાર' અર્થમાં) જેનું પ્રાકૃત રૂપ 'વણિજ્જા' અને એમાંથી જ પછી 'વણજ' શબ્દ બન્યો. 'વેપારી' એવા સામાન્ય અર્થમાંથી અમુક કોમના ('વણિક') વિશિષ્ટ અર્થમાં 'વાણિયો' શબ્દ રૂઢ થયો છે. મરાઠી 'વાણી'ના મૂળમાં પણ સં. વાણિજ છે.

-રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

હવે 'કુમાર'ના દરેક અંક જોતાં વાંચતાં મનમાં અત્યંત ખેદ થાય છે. કેટલી ભૂલો-છાપભૂલ (મુદ્રણ) જોડણીભૂલ વગેરે આ જાન્યુઆરીના અંકમાં જ છે!

શ્રી પ્રાણલાલ પટેલના અમદાવાદના જૂના ફોટા કેવા ખરાબ છપાયા છે અને બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટાને પીળી શાહીમાં શા માટે છાપ્યા છે એ જ સમજાતું નથી. ગાંધીજીનાં રેખાચિત્રો પણ આવા પીળા કલરમાં શા માટે એ સમજાતું નથી. ફોટોગ્રાફ તો હવે 'કુમાર'માં કદી સારા જોયા જ નથી. મને ખાતરી છે કે આ પત્ર આપ 'કુમાર'માં 'વાચકો લખે છે' વિભાગમાં નહીં જ છાપો. દરેક છાપાં-મૅગેઝીન પોતાના વખાણના પત્રો છાપે છે.

- ઉત્તમ પરીખ

માર્ચનું કુમાર (૮૪૨) મળ્યું.ખરેખર 'ક્વિક માર્ચ' કરતું થઈ રહ્યું છે. અમને એનો ખૂબ જ આનંદ છે. સ્ટૉર્કની નૃત્યમુદ્રાવાળું પૂંઠું ઉત્કૃષ્ટ છે. એવા જ નૃત્યલયવાળા 'કુમાર'ના નામાક્ષરોથી સંયોજન આકર્ષક બન્યું. કુમારની આ લાક્ષણિકતા છે! અંદરના ચિત્રની છપાઈ પણ સુંદર અને નીચે આપેલો ચિત્રપરિચય પણ યોગ્ય! પાનાંઓ પરની તસવીરોની છપાઈ પણ ચોખ્ખી રહી. ફોટા-ચિત્રો-તસવીરો(એકરંગી)ના સ્ક્રીનની ડૉટ સાઈઝ હજુ ગીચ કરી શકાશે. વિગતો વધુ

(અનુસંધાન પૃ. ૩૭૯)

બ્રાહ્મી મુહૂર્તની એક અવકાશ-એક્સ્ટસી / ઉશનસ્

(શિખરિણી-સૉનેટ)

મુહૂર્તે બ્રાહ્મી હું ઊઠી જઉં છું ઝબ્કી સપનથી,
અચંબે આકાશી નિરખી રહું છું એકી જ ટશે :
જશોદા મૈયાએ નિજ શિશુ મુખે કૌતુક રસે
વિકાસી જૃંભામાં દીઠું'તું અશું ખુલ્લાં નયનથી;

રહ્યો જોતો ઊંડા ઉડુખચિત નિઃસીમ નભને :
ઉડુઓ જે વિશ્વસ્વરૂપ તનપે ગાઢ પુલકો
સમા, સ્વર્ગંગાઓ વહત વમળો લેતી; ખલકો
જતાં આસ્ફાલંતાં, ફૂટી ફીણ થતા બુદ્‌બુદ સ્વને !

ઉડુના ગોળાઓ : ઘૂઘરી સ્વરમાં રાસ શું ચગ્યો !
બધાંની વચ્ચે છે વણઘુમરીનાં ફ્હાન ભૂખરો !
ઝીલે તારા-તાલી ! બિચબિચ બધે તો ય ઊફરો !
દિસે બ્રહ્માણ્ડોની ગતિ, ભમરડો હોય શું ઊંઘ્યો !

હવે સંગીતિમાં લયમય રચે હીંચ હીંચવા
મિથ : જોડાયું છે સઘળું; બીજું બ્રહ્માણ્ડ રચવા !

પરંતુ ઉરમાં વ્યથા... / દેવેન્દ્ર દવે

(પૃથ્વી-સૉનેટ)

'સુવર્ણ મૃગની તમે રઢ તજો પ્રિય ! આપણે
વસેલ વનવાસમાં ૮ સુખમઢેલ રાજ્યાસને
નિહાળી ધન-સંપદા મન અજંપ ઇન્દ્રે ધરે,
તજી પલકમાત્રમાં ફણીધરે યથા કાંચળી !

ન રંજ મનમાં વહ્યો : વચન કાજ જ્યાં વલકલો
ધરી વિહરવું પડે કઠિન વેઠવા આતપો !
ખલેલ ઋષિ-યજ્ઞમાં કરત રાક્ષસો નાથવા
ધનુષ્ય કરમાં ધર્યું, નવ અબોલ સંહારવા !'

'ઘણા સમયથી મને કનક-કાંચળી ઓઢવા
હતા અભરખા. જુઓ, નિકટ ધ્યાનથી ઘાસને
ચરે ! જીવતરે કદી તમ કને કરી યાચના... ?!'

સ્મિતે રઘુવીરે કહ્યું: 'નહીં ! ન અર્પવું એમ ના,
પરંતુ ઉરમાં વ્યથા - નિજની તોષવા કામના
ચઢેલ શર...' રોષમાં ચરણ ચાલતા રામના !

બ્રાહ્મી મુહૂર્તની એક ..... યંત્ર સંસ્કૃતિને પગલે આવેલી ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણની પ્રકિયામાં મનુષ્ય ધીમે ધીમે પ્રકૃતિથી વેગળો પડતો ગયો છે. અહીં કાવ્યનાયક વહેલી પરોઢે અચાનક જાગી જતાં આકાશસૌંદર્યનાં દર્શનથી દિઙ્મૂઢ બની જાય છે. એ સ્થિતિને બાલકૃષ્ણના મુખમાં માતા જશોદાએ બ્રહ્માંડ નીરખ્યું અને તેમની જે સ્થિતિ થઈ તે સાથે સરખાવે છે. અને પછી સૉનેટ નિસર્ગશ્રીના કલ્પનામઢ્યાં વર્ણનચિત્રોમાં આગળ વધતું જાય છે, ને જાણે અવર બ્રહ્માંડની રચનાનો ભવ્ય ખયાલ વીંટળાઈ વળે છે. **પરંતુ ઉરમાં વ્યથા** - સીતા અને રામના સંવાદરૂપ આ કાવ્ય એક પ્રાણીને ન હણવા તરફની રામની દયામયી દૃષ્ટિ અને કનકખાલમાં મોહિત સીતાની માયામયી દૃષ્ટિનો સંઘર્ષ નિરૂપી અંતે સીતાને રીઝવવા શરસંધાન કરતા રામની સૉનેટને અંતે મનોવ્યથા અભિવ્યક્ત થઈ છે. **ઋતુચક્ર** : અવનવીન ભાવપોષક કલ્પનાઓથી પ્રિય પાત્રને સઘળું સદા અર્પી દેવાની સર્વકાલીન પ્રેમવૃત્તિને નિરૂપતી ગઝલ. **જીવ હું** : ગઝલનાયક ભલે નામ ધારણ કરીને પૃથ્વી ઉપર આવ્યો હોય, પણ આખરે તો તે કશાયમાં લુબ્ધ થઈ બંધાવા માગતો નથી, અને તેથી જ અંતે કહે છે '.... ક્યાં કાળ અને સ્થળનો જીવ હું!' -ધી. પ.

ઋતુ-ચક્ર / હર્ષદ ચંદારાણા

(ગઝલ)

મારું આખું ય આકાશ આપું તને
બાહુ થઈ ભીંસતો શ્વાસ આપું તને.
પાંખડી પાંખડી ખૂલતો શરદમાં
પુષ્પ-સંચિત અજવાસ આપું તને.
ભટકતી શોધનો અન્ત હેમન્તમાં
હૃદયનો ઉષ્ણ આવાસ આપું તને.
ગાલ પર ગાલ ચાંપી મનાવું તને
કૂણું, શિશિરનું ઘાસ આપું તને.
મસ્તીની મ્હોરશે રોમરોમે વસન્ત
ચૂભતી તીક્ષ્ણ સુવાસ આપું તને.
ગ્રીષ્મમાં થાઉં ગુમ કોઈ વાદળ સમો
કંઠમાં સળગતી પ્યાસ આપું તને.
વરસતું જળ બનું ને ડુબાડું તને
'ભોંય', આષાઢનો માસ આપું તને.
આવ તું, મારું પાતાળ આપું તને
છાતીએ દ્વાર સમ ચાસ આપું તને.

લક્ષ્યવેધ / રાજેન્દ્ર શાહ

(તાન્કા)

રહી હવામાં
શર-શી સાંધી ચાંચ
પાણીની માંહી
- લઈ ભુક્તિને
-તટે ઝૂલતી ડાળે.

જીવ હું / જગદીશ વ્યાસ

(ગઝલ)

ઝળહળ થતા ગગન તળે ઝાકળનો જીવ હું,
ચળકી લઉં અનંત તેજે પળનો જીવ હું.
ખુલ્લાપણું છે લોહીમાં મારા સમુદ્રનું,
તોડી પહાડ બ્હાર પડું જળનો જીવ હું.
મારાં ખરી પડેલ પીળાં પાન હું ગણું?
ફૂટી રહેલી હર પળે કૂંપળનો જીવ હું.
થોડાંક બીજ હાથમાં છે કલ્પવૃક્ષનાં
બેઠો છું એના છાંયડે અટકળનો જીવ હું.
આ જળ પ્રશાંતનું હશે મારું સગું કશું
ખેંચાઈ આવ્યો છું જે ગંગાજળનો જીવ હું !
જગદીશ નામે ઓળખાયું ખોળિયું ફકત
બાકી હતો ક્યાં કાળ અને સ્થળનો જીવ હું?



વિશ્વક્રિકેટના રાજકુમાર

રણજી

[ગતાંકથી સંપૂર્ણ]

ભરત ના. ભટ્ટ

આ ગાળામાં ઑસ્ટ્રેલિયન ટીમ ત્રણ ટેસ્ટ રમવા ઇંગ્લન્ડના પ્રવાસે આવેલી. સૌને લાગતું હતું કે રણજીનું ઇંગ્લન્ડ વતી રમવું હવે અનિવાર્ય છે. પરંતુ ત્યારે પણ ક્રિકેટર તરીકેની યોગ્યતા-ક્ષમતા કરતાં બીજાં પરિબળો વધુ નિર્ણાયક બનતાં. ત્યારે હજી ઇંગ્લન્ડમાં ટેસ્ટ ટીમ માટેની 'રાષ્ટ્રિય પસંદગી સમિતિ' નહોતી. ટેસ્ટ જે સ્થળે રમાવાની હોય ત્યાં સ્થાનિક ક્લબ ટેસ્ટ ટીમની પસંદગી કરતી. પ્રથમ ટેસ્ટ લૉર્ડ્ઝ, લંડન ખાતે રમાવાની હતી ને ત્યાંની એમ.સી.સી. (Marylebone Cricket Club) ટેસ્ટ ટીમની પસંદગી કરવાની હતી. રણજીને તૈયાર રહેવાની સૂચના અપાઈ હતી, પરંતુ ટીમ જાહેર થઈ ત્યારે તેમાં તેમનું નામ નહોતું! આનું કારણ એ હતું કે એમ.સી.સી.ના પ્રમુખ, લૉર્ડ હૅરિસ, આ ભારતીયને રમાડવાની વિરુદ્ધ હતા. તેમને મન રણજી, તેમના જ શબ્દોમાં કહીએ તો, 'Bird of Passage' (પ્રવાસી પંખી) હતા. જો કે લોકો તો રણજીને ભારતીય કરતાં કેમ્બ્રિજ બ્લૂ તરીકે જ વધુ ઓળખતાં હતાં. હૅરિસના વલણનો વિરોધ પણ સારો એવો થતો પરંતુ હૅરિસ અડગ હતા. તૈયાર રહેવાનું કહ્યા પછી આવી અવગણના ને આવા અનાદરથી રણજી ખૂબ દુ:ખી-હતાશ થયા. પરંતુ સહેવું અને યોગ્ય સમયની રાહ જોવી તેમાં જ ડહાપણ છે ને ? રણજીએ આવું ડહાપણ દાખવ્યું ને વિધાતાએ યોગ્ય સમય પણ તરત આપ્યો.

બીજી ટેસ્ટ ઓલ્ડ ટ્રૅફર્ડ, માંચેસ્ટર, ખાતે રમાવાની હતી. ત્યાંની લૅંકશાયર ક્લબે રણજીનું નામ પહેલેથી જ ટીમમાં મૂકી દીધું. રણજીએ કહ્યું, 'હું રમું, પરંતુ ઑસ્ટ્રેલિયનોનો મારા રમવા સામે વિરોધ ન હોય તો !' આના જવાબમાં ઑસ્ટ્રેલિયન સુકાની જૉર્જ હેન્રિ સ્ટીવન્સ ટ્રૉટે કહ્યું; 'ટીમમાં રણજીના સમાવેશથી અમે આનંદિત છીએ ને તેમના સમાવેશને આવકારીએ છીએ.'

આમ, ૧૬મી જુલાઈ, ૧૮૯૬ના રોજ રણજીએ ઇંગ્લંડ વતી ટેસ્ટ-પ્રવેશ કર્યો ને એક એવી તેજસ્વી ક્રિકેટગાથા આરંભાઈ જેનું તેજ આજ સુધી જરાય ઝાંખું નથી પડ્યું. ઑસ્ટ્રેલિયનોએ પ્રથમ દાવ લઈ ૪૧૨ રન કર્યા. ઇંગ્લન્ડે જવાબમાં ૨૩૧ કર્યા, જેમાં રણજીના ૬૨ રન ! ઇંગ્લન્ડ ફૉલોઑન થયું. ૧૭મીની સાંજે તેના બીજા દાવમાં ૪ વિકેટે ૧૦૯ રન થયેલા, જેમાં રણજી ૪૧ રને નૉટ આઉટ હતા. ૧૮મીની સવારની એ પહેલી સેશન એટલે જાણે ક્રિકેટ-સાહિત્યનું સુભાષિત. આરંભથી લંચ સુધીના, ૧૩૦ મિનિટના સમયમાં રણજીએ પોતાને નામે વધુ ૧૧૩ રન કર્યા. ઇંગ્લન્ડ બીજા દાવમાં ૩૦૫માં ઑલઆઉટ થયું, જેમાં રણજીના, ૨૩ ચોગ્ગા સાથે, ૧૫૪ (અણનમ) રન હતા ! આ દાવ દરમિયાન ટેસ્ટ મૅચમાં લંચ પહેલાં ૧૦૦ કે તેથી વધુ રન કરનાર તેઓ વિશ્વના પ્રથમ ક્રિકેટર બન્યા. આજ સુધીમાં આ સિદ્ધિ મેળવનાર કુલ ૩ જણમાં રણજી એવા હતા જેમણે પોતાની પ્રથમ ટેસ્ટમાં જ આ સિદ્ધ કર્યું. ૧૮મીની એ પ્રથમ સેશનમાં ઇંગ્લન્ડે ૧૯૬ રન કરેલા જેમાં રણજીના ૧૧૩ હતા. તેમના અન્ય છ સાથીદારોમાંથી કોઈનો ફાળો ૧૯ રનથી વધુ નહોતો.

જો કે આ ટેસ્ટ રણજીના પ્રતિસ્પર્ધીઓ જીત્યા, પરંતુ રણજીના આ કીર્તિયુક્ત દેખાવ સામે એ વિગત નગણ્ય બની ગઈ. જેમ 'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલે સૌથી વધુ વિવેચકોને આકર્ષ્યા છે; ને 'શ્રીમદ્ ભગવત્ગીતા' કે 'ધ્વન્યાલોક' પર સૌથી વધુ ભાષ્ય રચાયાં છે તેવું રણજીના આ દાવનું થયું. કદરદાન પ્રતિસ્પર્ધી ઑસ્ટ્રેલિયનોએ પ્રશંસાની ઝડી વરસાવી. મહાન ઑલરાઉન્ડરોમાં આદ્ય એવા જૉર્જ ગીફેને કહ્યું, 'The princes 154 not out was absolutely the finest innings I have seen... But then Ranji is a batting wonder of the age.'

અજાયબ એવી ડાબેરી બૅટ્સમનોની પરંપરાના પ્રણેતા સમા ક્લેમ હિલે કહ્યું, 'He is more than a batsman - he is nothing less than a juggler.' રણજીના પરમ મિત્ર સી. બી. ફ્રાઈએ કહ્યું. 'He moved as if he had no bones'. સસેક્સના ત્યારના સુકાની આર્થર સમરસેટે કહ્યું, 'રણજીની સરખામણીમાં અન્ય સૌ બૅટ્સમૅનો રન નહીં,

મજૂરી કરી રહ્યા હોય તેમ લાગતું હતું; અને યાદ રહે કે આ 'અન્યો'માં ગ્રેસ અને મૅકલેરેન પણ હતા !

રણજીનો આ દાવ જોઈ ઇંગ્લિશ ટીમના વિકેટકીપર એ. એ. લિલેએ કહેલું, 'Ranjitsinhji stood straight-up, forcing the fastest away on the legside.' રણજીનું સમગ્ર મૂલ્યાંકન કરતાં લિલેએ જ પછી એક વાર કહેલું, 'As a batsman pure and simple, Ranjitsinhji was unquestionably the greatest of all.'

આ દાવ તેમ જ રણજીની કાયમી બૅટિંગ શૈલી, આમ તો, ત્વરિતતા, નિર્બન્ધતા, નૈસર્ગિકતા માટે જાણીતાં ગણાય છતાં રણજી, એક બૅટ્સમેન તરીકે, ટેક્નિકલી પણ એટલા જ કુશળ ને સજ્જ હતા. આ દાવ દરમિયાન જ તેમણે પોતાનું એ કૌશલ અદ્ભુત રીતે પ્રદર્શિત કરેલું. આ દાવ દરમિયાન ઝડપી રન કરવા સાથે જ તેમણે પોતાની વિકેટ સાચવી, એટલું જ નહીં; તેમણે પોતાના બદલાતા સાથીઓને પૂરા સેટલ પણ થવા દીધા. નવા સાથીદાર આરંભમાં નૉન-સ્ટ્રાઇકર રહે તેવી કાળજી તેમણે એવી રાખેલી કે એક સાથીદાર, જે. ટી. બ્રાઉન, તો લગભગ છ ઓવર સુધી સામે છેડે માત્ર પ્રેક્ષક જ બની રહેલા.

વગવાળાના વિરોધ-વાંધા વચ્ચે માંડ મળેલો ટેસ્ટપ્રવેશ; પોતાની પહેલી જ ટેસ્ટ; હારતી ટીમ વતી રમવાનું; પ્રતિસ્પર્ધીની આક્રમકતામાં સફળતાનું હોમાયેલું ઘી; નૈસર્ગિક ને નિર્બન્ધ બેટિંગ કરવાની આદત; કૌશલથી સ્ટ્રાઈક સાચવવાની આવશ્યકતાઃ ષડ્રિપુથી ઘેરાયેલો માનવ કે છ મહારથીઓ વચ્ચે અટવાયેલો અભિમન્યુ યાદ આવી જાય તેવા આ સંજોગો. અભિમન્યુ વીરગતિને પામ્યો ને ષડ્રિપુને નાકામિયાબ કરનાર તો અબજે એક હશે કદાચ ! રણજીએ આ બધા પ્રતિસંજોગો વચ્ચે અદ્ભુત સફળતા મેળવી. ખુદ્ ક્રિકેટદેવ આવે તો જ શક્ય બને તેવી સિદ્ધિ આ ગણાય. રણજીની ક્રિકેટ વિશેની શાસ્ત્રીય આવડતને પારખી લઈ, તેને બિરદાવતાં ઑસ્ટ્રેલિયનોએ કહેલું, 'એ સમયે અમારે એક એવા માણસ સાથે કામ પાડવાનું હતું જે ક્રિકેટના ટેક્નિકલ પાસાની નખશિખ જાણકારીથી સુસજ્જ હતો.' જેમ જ્ઞાનમાર્ગ ને ભક્તિમાર્ગ તેની ચરમ સીમાએ અભિન્ન બની જાય છે તેમ કલા સંપૂર્ણતાએ પહોંચે છે ત્યાં તેની અને શાસ્ત્રીયતા વચ્ચે ભેદ નથી રહેતો. રણજીએ ક્રિકેટ સંદર્ભે આ મર્મ પોતાની આરંભની કારકિર્દીમાં જ સ્વદષ્ટાંતથી પ્રતીત કરાવ્યો.

જેવી રીતે ટાગોર કે તૉલ્સ્તૉયની સર્ગશક્તિ સુદીર્ઘ કે લઘુ બંને પ્રકારની રચનામાં સમાન માત્રામાં નિખરી ઊઠે તેવું જ રણજીની બાબતમાં બની શકે ને બન્યું છે. આપણે હમણાં જ જેની વાત કરી તે, ટેસ્ટ કક્ષાએ મહાકાવ્ય જેવો



૧૮૯૬-૯૭ની ઇંગ્લિશ ટીમ : પાછલી હરોળ ડાબી બાજુથી : હેવૂડ, લિલ, રિચર્ડસન, જે. ટી. હર્ને; વચ્ચેની હરોળ : એ. સી. મેકલેરેન્ટ, કે. એસ. રણજિતસિંહજી, ડબ્લ્યુ. જી. ગ્રેસ, એફ. એસ. જેકસન(સુકાની), વેનયાર્ડ; બેઠેલા : એબેલ, પીલ.

દાવ રમી, સમીક્ષકોને તેની સમીક્ષા કરવામાં ને નવાં નવાં વિશેષણો શોધવામાં વ્યસ્ત કરી, રણજીએ લૉર્ડ્ઝ ખાતે બૅટિંગનું ઊર્મિકાવ્ય સર્જ્યું છે ! જેન્ટલમન વિરુદ્ધ પ્લેયર્સની એક મૅચમાં ૧૦ મિનિટના ક્રીઝનિકેત દરમિયાન ૧૨ બૉલમાં ૪૭ રન ! રિચર્ડ્સે (બીજા ઉલ્લેખ પ્રમાણે રિચર્ડસને) રણજી સામે બે ઓવરો નાખી, જેના પ્રથમ ૧૧ બૉલમાં ૧૧ ચોગ્ગા સાથે ૪૪ રન ! બારમા બૉલમાં સ્ટ્રાઈક સાચવવા ત્રણ રન લીધા. બ્રિગ્ઝની નવી ઓવરના પહેલા ને પોતાના ૧૩મા બૉલે, છેક પેટ પર બૉલ અથડાવાથી, તેઓ એલ. બી. ડબ્લ્યૂ આઉટ થયા! અમ્પાયરો કાયમ રૉબૉટ જ બની રહે તેવી આપણી અપેક્ષા યોગ્ય નથી. ક્યારેક તેમણે સંવેદનશીલ બની કાવ્યન્યાય આપવો પડે ! બોલરને એ ન્યાય આપવાનો અહીં અમ્પાયરનો પ્રયત્ન હશે તેમ લાગે છે. ખેર !

આ દાવ નિહાળી આખું સ્ટેડિઅમ જાણે રણજીનું ભક્ત બની ગયું. આ દાવ ખેલાયા પછી, કહેવાય છે કે, વર્ષો સુધી ઇંગ્લન્ડની ક્રિકેટરસિક દુનિયા બે વર્ગમાં વહેંચાઈ ગઈ. એક વર્ગ એવો કે જેણે આ દાવ નજરે જોયો છે, ને બીજો વર્ગ એવો કે જેને આ દાવ નીરખવાનું સદ્ભાગ્ય મળ્યું નથી !

રણજીના આ યશસ્વી વર્ષની યશકલગી એટલે, ક્રિકેટના પિતા સમા ને ક્રિકેટના મેદાનના મહારથી ડબ્લ્યુ. જી. ગ્રેસના, એક જ ઇંગ્લિશ સીઝનમાં, એક બૅટ્સમન દ્વારા સૌથી વધુ રન કરવાના વિક્રમનું ખંડન. રણજીએ આ સીઝનમાં ૫૦ દાવમાં, ૧૦ સદીઓ સાથે ૫૭.૪૪ની સરાસરીથી ૨૭૮૦ રન કરી ઉપર્યુક્ત વિક્રમ તોડ્યો ને નવો સ્થાપ્યો. તેમની સિદ્ધિ બદલ સૌથી વધુ ખુશ ગ્રેસ પોતે થયેલા.

આ સીઝનની સમાપ્તિ એક અનન્ય પ્રસંગથી થઈ. રણજીના

મિત્રો તેમજ ચાહકોએ તેમના માનમાં કેમ્બ્રિજના ગિલ્ડહોલ (ટાઉન હૉલ) ખાતે, ૨૯-૯-૧૮૯૬ના રોજ એક રાત્રીભોજન ગોઠવ્યું. આ રાત્રીભોજનમાં રેવ. લુઈ બોરિસ્સો હતા ને, પોતાની બૅટિંગ-પ્રતિભાને સૌપહેલી પારખવાનો જેને રણજીએ યશ આપ્યો છે તે, ન્યૂટન ડિગ્બાય પણ હતા. આ ભોજન-સમારંભ માટે એક કલાત્મક નિમંત્રણપત્રિકા પણ છપાઈ હતી. રણજીના ૧૮૯૬ના આ યશસ્વી વર્ષની ચરમ સીમા સમું આ ભોજન ભાવસભર, અવિધિસરનું ને સંતર્પક હતું. તેમાં અનેક વક્તાઓ આવ્યા પણ તેમાંથી આપણે તો અહીં માત્ર ડૉ. બટલરનું વક્તવ્ય જ નોંધશું. સઘન અને દીર્ઘ ગદ્યના નમૂના સમા એ વક્તવ્યનો થોડો અંશ આ રહ્યો :

"Bonaparte, a hundred years ago, standing before Pyramids, said to his soldiers ; 'Soldiers ! forty centuries look down upon you !' But if the papers are true, since 1891 our guest (Ranji) has look down upon forty centuries, and no less than eleven in last five months."

આ રીતે કેમ્બ્રિજમાં જઈ વસેલા ભારતના એક શરમાળ યુવાને પાંચ-સાત વર્ષમાં એવું કાંઈક કર્યું કે ટ્રિનિટી કૉલેજના આ અધ્યાપકને, હળવી શૈલીમાં તે યુવાનને ક્રિકેટફિલ્ડના નેપોલિયન કહેવાનું મન થયું.

આ ભોજન-સમારંભમાં એક ક્રિકેટ સમીક્ષકે કહેલું, 'ઑસ્ટ્રેલિયાને એક ઝંઝાવાતી બોલર (અર્નેસ્ટ જૉન્સ) સાથે ૧૧ ક્રિકેટરો મોકલ્યા છે; જ્યારે ભારતે એક ઝંઝાવાતી બૅટ્સમન મોકલ્યો છે. હવે તેમણે ૧૧ની ટીમ મોકલવી જોઈએ.'

આ સમારંભ વિશે બીજે દિવસે 'ડેઈલી ટેલિગ્રાફ'માં ખાસ લેખ આવ્યો. તેમાં એડવિન આર્નલ્ડે લખ્યું; 'ગઈ રાત્રે ઈંગ્લન્ડ ને ભારતનાં હૈયાં, પહેલાં કદી નહોતાં આવ્યાં એટલાં નજીક આવ્યાં.'

ક્રિકેટનું બાઇબલ ગણાતા 'વિઝડને' બહુ ઉચિત રીતે, ૧૮૯૬ના વર્ષ માટેના પોતાના 'Five cricketers of the year' માં રણજીની પસંદગી કરી. તેણે લખ્યું: "If the word genius can with any propriety by employed in connection with cricket, it surely applies to the young Indian's batting."

આ (૧૮૯૬) વર્ષમાં રણજી ઈંગ્લન્ડમાં એટલા લોકપ્રિય બનેલા કે 'સ્ટાર'નામના દૈનિકે એક ખાસ લેખ દ્વારા સૂચન કર્યું કે 'જો રણજિતસિંહજીને રાજકારણમાં થોડો પણ રસ હોય તો આજે કોઈ પણ મતવિસ્તારમાંથી ઉમેદવારી કરવાનું તેમને માટે મુશ્કેલ નથી. કારણ કે આ સમયે તેઓ ઈંગ્લન્ડમાં સૌથી વધુ લોકપ્રિય વ્યક્તિ છે.' કહેવાય છે કે પોતે કેમ્બ્રિજ ખાતે હતા ત્યારે આવો વિચાર ખુદ રણજીના મનમાં પણ આવી ગયેલો.

૧૮૯૭ની ઈંગ્લિશ સીઝનમાં રણજીએ ૧૯૪૦ રન કર્યા ને કાઉન્ટીક્રિકેટની સરાસરીમાં પાંચમું સ્થાન મેળવ્યું. ૧૮૯૭-૯૮માં ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જતી ઈંગ્લિશ ટીમમાં તેમનું નામ આવ્યું ત્યારે ભાગ્યે જ કોઈને નવાઈ લાગી. એક બાજુ ઑસ્ટ્રેલિયન પ્રજા પણ રણજીનું બૅટિંગ જોવા આતુર હતી. તો ઑસ્ટ્રેલિયન ક્રિકેટરો પણ રણજીની પસંદગીથી ખુશ થયેલા. આ રીતે વિશિષ્ટ આવકાર સાથે રણજી 'ડાઉન અન્ડર'-(ઑસ્ટ્રેલિયા)ના કિનારે ઊતર્યા. ઑસ્ટ્રેલિયામાં એક પ્રસિદ્ધ દૈનિકે રણજીને આ શ્રેણી પર જ કોલમ લખવા નિમંત્રણ આપ્યું, જે રણજીએ સહર્ષ સ્વીકાર્યું.

ઑસ્ટ્રેલિયામાં શરૂઆતથી જ બૅટ અને કલમ ચલાવવામાં તેમણે નામના મેળવી. એડિલેઈડ ખાતેની પ્રથમ મૅચમાં જ તેમણે ૧૮૯ રન કર્યા. આ પછી પોતાના પ્રથમ લેખમાં તેમણે ઑસ્ટ્રેલિયાના મુખ્ય ને પ્રખ્યાત બોલર અર્નેસ્ટ જૉન્સ સામે બૉલ થ્રો કરવાનો આક્ષેપ મૂક્યો. અચાનક રણજી સામે એક વિરોધ-વંટોળ જાગ્યો અને તેમની લોકપ્રિયતા અપ્રિયતામાં ફેરવાઈ જવાનાં એંધાણ દેખાયાં. આ સંદર્ભે રણજી સામે એવો પ્રતિઆક્ષેપ વહેતો થયો કે રણજીને ઑસ્ટ્રેલિયાની ઝડપી તેમજ બૉલને ઉછાળ આપતી પીચો ફાવી નથી ને તેના પર જૉન્સ સામે રમવાનું તેઓ ટાળવા માગે છે. આમ, રણજી 'દુઃખે છે પેટ ને કૂટે છે માથું' એવું સૌને લાગ્યું. આવા સંજોગોમાં દુષ્કાળમાં અધિક માસ જેવું તો ત્યારે થયું જ્યારે પ્રથમ ટેસ્ટ નજીક આવી ને રણજી બીમાર પડ્યા! તેમને કાકડામાં સોજો આવી ગયો. પરંતુ નજીકના સિવાય આ વાત સ્વીકારે કોણ ? આખું ઑસ્ટ્રેલિયા એમ માનવા-કહેવા લાગ્યું કે, 'રણજી બીમાર છે, કારણ કે તેઓ જૉન્સનો સામનો કરવા માગતા નથી.'

પણ રણજિત જેનું નામ ! આ ટીકા કાને પડતાં જ તેઓ બીમાર પથારીએથી સીધા ક્રીઝ પર અને કેવો એ દાવ ? લગભગ ૧૬ માસ પછી ઓલ્ડ ટ્રેફર્ડના બનાવનું પુનરાવર્તન સીડનીના ક્રિકેટ મેદાન પર થયું. ટૉસ જીતી ઈંગ્લન્ડે પ્રથમ દાવ લીધો ને ૫૫૧ રન ખડક્યા. આમાં સાતમા ક્રમે આવેલા રણજીના ૧૭૫ ! તેઓ છેલ્લા આઉટ થયેલા ને, તેમણે, જૉન્સને સૌથી વધુ ફટકારેલા ! ૧૪-૧૨-૧૮૯૭નો એ દિવસ. રણજી તો ફરી પાછા પથારીમાં. પરંતુ આ બાજુ ઑસ્ટ્રેલિયા આખુંય રણજી-ઘેલું બની ગયું. ધૂમ્રપાનના શોખીનો 'રણજી બાકસ' વાપરે તો મદ્યપાન રસિયાઓ 'રણજી બાર'માં જાય; સૌના માથામાં 'રણજી તેલ' નંખાવા લાગ્યું તો વળી કિશોરો-યુવાનો 'રણજી બૅટ'થી પ્રૅક્ટિસ કરે, ત્યાં ઑસ્ટ્રેલિયામાં ક્રિકેટશોખીનોમાં જાણે 'રણજી જ સત્ય ને બાકીનું જગત

મિથ્યા' જેવું થયું. નાદુરસ્તીનાં નડતરો છતાં રણજીએ આ પ્રવાસમાં ૬૦-૮૯ની સરાસરીથી ૧૧૫૭ રન કરેલા.

અહીં ઑસ્ટ્રેલિયામાં જ, પોતાના સમીક્ષાત્મક લેખોમાં તેમણે પોતાના મિત્ર સી. બી. ફ્રાઈને (ટેસ્ટ ડિબૂ ફેબ્રુ. ૧૮૯૫) ઇંગ્લન્ડના ભાવિ બૅટિંગ હિરો તરીકે, તેમ જ વિક્ટર ટ્રમ્પરને (ટેસ્ટ ડિબૂ જૂન ૧૮૯૯) ઑસ્ટ્રેલિયાના સૌથી વધુ આશાસ્પદ બૅટ્સમન તરીકે ગણાવ્યા. તેમની આ પરખ કેટલી બધી સાચી પડી તે તો હવે ક્રિકેટગ્રંથોનાં પાનાં પર આલેખિત છે.

એ સમય - ઈ.સ. ૧૮૯૩-૯૫ થી ઈ. સ. ૧૯૧૨-૧૪ સુધીનો (પ્રથમ વિશ્વયુદ્ધના આરંભ સુધીનો) લગભગ ૧૮ થી ૨૦ વર્ષનો સમય - ઇંગ્લન્ડમાં કાઉન્ટી કક્ષાએ (ને તેથી સમગ્ર વિશ્વ કક્ષાએ) અનેક મહાન ઓજસ્વી બૅટ્સમનો થકી ક્રિકેટ ઈતિહાસમાં (બૅટિંગ) સુવર્ણયુગ કહેવાયો છે. આજના તજ્જ્ઞો પણ જ્યારે સર્વકાલીન બૅટિંગ મહારથીઓની યાદી કરે છે ત્યારે તે સમયનાં નામો જ પ્રથમ મૂકે છે ને પછી તેમાં ભાગ્યે જ ઉમેરો કરે છે. રણજીનો આશાસ્પદ બૅટ્સમનો વિશેનો મત જાણ્યા પછી તજ્જ્ઞો દ્વારા સર્વકાલીન મહાન પ્રતિભાઓમાં તે બંને (ફ્રાઈ ને ટ્રમ્પર) તેમ જ, ખુદ રણજી પોતે આવે છે કે નહીં, ને આવે છે તો ક્યાં આવે છે તે જાણવું અત્રે રસપ્રદ ને જરૂરી બનશે. આ અંગે તજ્જ્ઞો ગ્રેસ, મેક્લેરેન, ટ્રમ્પર, રણજી તથા ફ્રાઈને (અલબત્ત, અલગ અલગ ક્રમમાં) સર્વકાલીન મહાન બૅટ્સમનો ગણે છે. ઇંગ્લન્ડના ગિલબર્ટ જેસપ, ખુદ એ સુવર્ણયુગનું ફરજંદ ને આભૂષણ, પોતાની પસંદગી ત્રણ પૂરતી મર્યાદિત કરી ચોક્કસ ક્રમમાં તેઓની મહાનતા સ્વીકારે છેઃ ગ્રેસ, રણજી, ટ્રમ્પર. ભારતમાતાનાં સંતાનો તરીકે, ક્રિકેટ સંદર્ભે, આપણે માટે આથી વધુ ગૌરવની વાત બીજી કઈ હોઈ શકે ? આ અનુસંધાને રણજી વિશેનું જેસપનું વિધાન ખાસ નોંધ માગી લે છે. તેમણે રણજી વિશે કહ્યું છે, 'The most brilliant figure in cricket's most brillant period.'

૧૮૯૯માં રણજી વિશ્વના એવા પહેલા બૅટ્સમન બન્યા જેણે એક ઇંગ્લિશ સીઝનમાં ૩૦૦૦થી વધુ રન કર્યા હોય!

તે સીઝનના તેમના આંકડા તેમની આ સિદ્ધિનું અભિવાદન કરતા, ઇંગ્લન્ડના 'ડેઈલી ક્રૉનિકલ' નામના જાણીતા છાપાએ એવું એક ચિત્ર મૂક્યું જેમાં બૅટિંગ કરી રહેલા રણજી પૃથ્વીના એવા ગોળાને ફટકો મારે છે જેના પર ૩૦૦૦નો આંકડો લખેલો છે ! (જુઓ ચિત્ર પૃ. ૩૪૦)

આ જ વર્ષે - ૧૮૯૯માં ટ્રેન્ટબ્રિજ, નોટિંગહામ ખાતેની ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં બૅટ્સમન તરીકેનું તેમનું જુદું જ કૌશલ સૌને દૃષ્ટિગોચર થયું. મૅચના છેલ્લા દાવમાં, ઑસ્ટ્રેલિયા સામે જીતવા માટે, ઇંગ્લન્ડે ૪ કલાકમાં ૨૯૦ રન કરવાના હતા ને ઇંગ્લન્ડની ૪ વિકેટો માત્ર ૧૯ રનમાં પડી ગઈ હતી!



જામનગરના મહેલમાં રણજીનાં સ્મારકચિહ્નો

આવી ક્ષણે બગડેલી તેમ જ અનિયમિત ઉછાળ આપતી એ પીચ પર, ઉત્કૃષ્ટ ઑસ્ટ્રેલિયન બૉલિંગ સામે રમવા રણજી ક્રીઝ પર આવ્યા. તેમણે ત્યાં ધૈર્યભર્યું, દૃઢતાસભર તેમ જ સધ્ધર ટેક્નિકથી ભરપૂર અને આક્રમક ને સંરક્ષણના બેનમૂન સંયોજનભર્યું બૅટિંગ કર્યું. તેમણે ૯૩(અણનમ) રન કર્યા ને તેમના આ દાવ થકી ઇંગ્લન્ડ ૧૫૫ રને ૭ વિકેટ પર ટકી રહી મૅચ ડ્રૉમાં લઈ જઈ શક્યું.

૧૯૦૦ની સીઝનમાં ફરી, માત્ર ૪૦ દાવમાં તેમણે ૩૦૬૫ રન કર્યા ને ૧૧ સદીઓ નોંધાવી, જેમાં પાંચ બેવડી સદીઓ હતી, ૧૯૦૧માં રણજીએ પોતાની કારકિર્દીનો સર્વોચ્ચ જુમલો નોંધાવેલો, એક આખી રાત માછલી પકડવાના શોખમાં જાગીને બીજે દિવસે, ટાઉટન ખાતે, સમરસેટ સામે તેમણે ૨૮૫(અણનમ) રન કરેલા.

શું રણજી ક્રીઝ પર કાયમ સફળ જ રહ્યા? ના, એવું નથી. તેમની ટેસ્ટ કારકિર્દીનો છેલ્લો ગાળો ઠીક ઠીક નિષ્ફળતાભર્યો હતો. ૧૯૦૨માં ઇંગ્લન્ડમાં રમાયેલી ઑસ્ટ્રેલિયા સામેની સીરીઝ રણજી માટે કમનસીબ ને ટેસ્ટ કક્ષાએ અલવિદાની સીરીઝ હતી. પાંચ ટેસ્ટની આ સીરીઝમાં તેઓ પ્રથમ, બીજી ને ચોથી ટેસ્ટમાં રમ્યા, જેમાં કુલ ચાર દાવમાં તેમનો દેખાવ ૧૩, ૦, ૨, ને ૪ રન હતો. આમાંની ચોથી ટેસ્ટ તે તેમની છેલ્લી ટેસ્ટ બની રહી.

૧૯૦૪ સુધી તેઓ ઇંગ્લન્ડમાં નિયમિત રમ્યા, આ પછી ૧૯૦૮, ૧૯૧૨ ને ૧૯૨૦ ની સાલોમાં પણ તેઓ ઇંગ્લિશ સીઝનમાં રમવા ગયેલા. પોતાની પ્રથમ કક્ષાની એ કારકિર્દીમાં તેમણે ૫૦૦ દાવમાં, ૫૬.૭૩ની સરાસરીથી ૨૪૬૯૨ રન કર્યા ને ૭૨ સદીઓ નોંધાવી. તે સમયે, જો રણજીએ આ સિદ્ધ ન કર્યું હોત તો, બિનઅંગ્રેજ ક્રિકેટર માટે આવું વિધાતાએ કલ્પવું વિધાતા માટે પણ અશક્ય હતું.

તેઓ ઇંગ્લન્ડ વતી ૧૫ ટેસ્ટો (બધી જ ઑસ્ટ્રેલિયા સામે) રમ્યા. ૨૬ દાવમાં, બે સદી, ૬ અર્ધી સદી સાથે તેમણે

૯૮૯ રન કરેલા. (સરાસરી ૪૪.૯૫)

માત્ર પાંચ વર્ષની વયે દત્તક લેવાયેલા રણજી, આશરે ૩૫ વર્ષની વયે, ૧૯ માર્ચ, ૧૯૦૭ના રોજ જામનગરની ગાદીએ બેઠા. એમ કહેવાય છે કે આરંભમાં તેમની ગાદી-વારસ સંદર્ભે ઠીક ઠીક અવગણના થયેલી. પછીથી તો તેમને ગાદીથી વંચિત રાખવાના પણ પ્રયત્નો થયેલા, પણ પછી રાજમહેલમાં જ ખટપટો થઈ તેમજ નિમ્ન ઘટનાઓ બની. જાણે આ વિધાતાનું જ નિર્માણ હોય તેમ આ બધાને પરિણામે ઉપેક્ષાએલા રણજીને તેમનો ગાદીહક્ક પાછો મળ્યો ને તેઓ સિંહાસને બેઠા.

૧૯૧૫માં તેમણે યૉર્કશાયર ખાતે શૂટિંગ(ગોળીબાર)ની પ્રૅક્ટિસ દરમિયાન એક અકસ્માતમાં પોતાની જમણી આંખ ગુમાવી ! આ એ જ વર્ષ હતું જેમાં ક્રિકેટ વિશ્વની બે અલૌકિક હસ્તીઓએ વિદાય લીધી. જૂનમાં વિક્ટર ટ્રમ્પરનું(માત્ર ૩૮ વર્ષની વયે) ને ઑક્ટોબરમાં ડબ્લ્યુ. જી. ગ્રેસનું અવસાન થયું.

બીજી એપ્રિલ, ૧૯૩૩ના રોજ, ૬૧ વર્ષની વયે (ભારતના મહાન કથાશિલ્પી સ્વ. શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય જેટલું આયુષ્ય ભોગવીને)તેઓ અવસાન પામ્યા. એ પ્રસંગે કલમના રણજી સમા નેવિલ કાર્ડસે લખ્યું, 'When Ranji passed out of cricket, a wonder and a glory departed from the game for ever. It is not nature that there should be another Ranji. We who had the good luck to see Ranji, let us be grateful. Did he really happen? Or was he perhaps a dream, all dreamed on some mid summer's night long age?'

તેમના દેહાવસાન પછી એક જ વર્ષમાં - ૧૯૩૪માં - બહુ ઉચિત રીતે, ભારતીય ક્રિકેટના બ્રહ્મા એવા રણજીના માનમાં, તેમની હૃદયસ્પર્શી સ્મૃતિરૂપે, ભારતમાં આંતરરાજ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ - રણજી ટ્રૉફી - શરૂ થઈ. આ ટુર્નામેન્ટની પ્રથમ ઐતિહાસિક મૅચ ૪-૧૧-૧૯૩૪ના રોજ મદ્રાસ અને મૈસુર વચ્ચે રમાયેલી.

એક બૅટ્સમન તરીકે રણજી જેટલા પ્રતિભાસંપન્ન, સર્વતોમુખી ને નૈસર્ગિક તેટલા જ ટેક્નિકલી મજબૂત ને અભિગમમાં નિર્ભિક. તેઓ બધા પ્રકારના શૉટ્સ રમી શકતા ને કેટલાક નવા શૉટ્સ તેમણે આવિષ્કૃત કરેલા. કવિ 'કાન્ત' જેમ બેનમૂન ખંડકાવ્યો લખી ગુજરાતીમાં આધુનિક ખંડકાવ્યને જન્મ આપ્યો તેમ રણજીએ લેગગ્લાન્સ નામે ઓળખાતા શૉટનો આવિષ્કાર કર્યો. લગભગ રણજીના જ સમયના ક્રિકેટ-મહારથી ને તજ્જ્ઞ સર પિલ્હામ વૉર્નરે સાચું કહ્યું જ છે કે, 'Ranjitsinhji was a master of every stroke. To some extent he revolutionised the art of batting.'

લેગગ્લાન્સ ઑવ સાઈડના લેઈટકટ જેવો, પરંતુ તેથી પણ કઠિન શૉટ છે. બંનેમાં તીક્ષ્ણ-દૃષ્ટિ ત્વરિત ને ચોક્કસ ફૂટવર્ક તેમજ કાંડાની અદ્‌ભુત સ્થિતિસ્થાપકતા જોઈએ. આમાં લેગગ્લાન્સ એક વધુ ક્ષમતાની અપેક્ષા રાખે છે તે સમતુલા. આ બધું હોય તો લેગગ્લાન્સ શૉટ લગાવી શકાય. આ ફટકો જો ચૂકયા તો અંદર આવતા બૉલમાં બોલ્ડ થવાની, તેમ જ, બૉલને દિશા આપવામાં જરા ચૂક થવાથી પાછળ ઝિલાઈ જવાની ઠીક ઠીક સંભાવના તેમ જ ભીતિ રહે. આ કારણે ઇંગ્લન્ડમાં રણજીના ટીકાકારોએ એમ કહેલું કે, 'રણજીએ આ એવો શૉટ શોધ્યો છે કે જે તેમને રન ઓછા અપાવશે ને આઉટ વધુ કરાવશે.'

જો કે, પછી આવા ટીકાકારો-શંકાસેવીઓનાં મંતવ્યો લખનાર એક પત્રકારે સમાપન કરતાં લખેલું, 'Still these strokes brought runs.' રણજીનાં કૌશલ તેમ જ સફળતાની આમાં ખેલદિલી ભરી સ્વીકૃતિ છે. એક અન્ય વ્યક્તિએ વળી જરા જુદી રીતે આ ટીકાકારોને જવાબ આપેલો - કહોને કે સાંત્વના આપેલી કે,'આ શૉટ રણજીએ ન શોધ્યો હોત તો તેમને પછી આઉટ કેવી રીતે કરી શકાત!'

રણજીની બૅકલિફ્ટ બહુ ઓછી હતી. તેઓ બૅટને ઓછું ઘુમાવતા. બૉલને છેલ્લી ક્ષણે રમવાની ને તેથી ક્રીઝની અંદર રહીને રમવાની તેમને ટેવ હતી. તેમની પદ્ધતિ તેમ જ તેમની પસંદગીના શૉટ્સમાં એક મૃદુતા હતી - નજાકત હતી, એમ કહી શકાય કે તેઓ બૉલ પર પ્રહાર ન કરતા, પણ તેને આલિંગતા.

રણજી ટેક્નિકલી એટલા સધ્ધર કે એક વાર તેમણે કહેલું, 'તમે ત્રણને બદલે ૧૮ સ્ટંમ્પ્સ રાખો ને હું બૅટિંગ કરીશ, મારા હાથમાં બૅટ હોય પછી બૉલ સ્ટમ્પ્સ તરફ જાય જ કેવી રીતે?'

રણજી ઑવ સાઈડના બૉલને પણ લેગગ્લાન્સ કરી શકતા. અલૌકિક હતી તેમની નજર ! સરાસરી નહીં, વિશિષ્ટ બૅટ્સમન કરતાં પણ વધુ ઝડપથી તેઓ બૉલને પારખી લેતા. સર્વકાલીન મહાન ઇંગ્લિશ ઑલ રાઉન્ડર વિલ્ફ્રેડ ર્‌હોડ્ઝે એક વાર સરસ બૅટિંગ કર્યું. દાવ પૂરો થતાં એક પ્રેક્ષકે ખુશી વ્યક્ત કરતાં પૂછ્યું, 'તમે બૉલ પર દોરા જોઈ શકો છો એ વાત શું સાચી છે?'

'હા,' ર્‌હોડ્ઝે કહ્યું ને પછી જરા અટકીને કહે, 'પરંતુ તેમાં વધુ ગૌરવશાળી ખેલાડી રણજી છે. તેઓ પવનવેગે આવતા બૉલના સાંધા પણ જોઈ શકે છે.'

રણજીના ટીકાકારો આ અંગે શંકાઓ સેવ્યા કરતા. છેતરામણી બૉલિંગમાં તેમની ત્વરિત નજર કેમ કામ કરી શકે? આવો સવાલ તેમને થતો. એમાંના એક જણે પછી એક વાર પૂછી

જ લીધું, 'What would you do with a googly ?'

'I should watch the seams of the ball.' રણજીનો જવાબ હતો. ફેંકાઈ ચૂકેલા બૉલનો સાંધો નીરખી લેવો એ દૃષ્ટિની કેવી તીક્ષ્ણતા! તેઓ માનતા કે આંખ-મન-પગ-હાથ બધાં ટૂંકમાં સ્થૂળ કે સૂક્ષ્મ એવા સમગ્ર શરીર કે વ્યક્તિત્વ બાબતમાં પોતાને પશ્ચિમી ખેલાડીઓના સંદર્ભે લાભ હતો, અનુકૂળતા હતી. ડી. જે. નાઈટે એક વાર રણજીને તેમની સમગ્ર બૅટિંગ ક્ષમતા સંદર્ભે પૂછેલું, 'તમે જાણે જાદુગર લાગો છો, તમે આ બધું કેવી રીતે કરી શકો છો?'

'એ તો અમારી જાતિ (race)ને મળેલી એક ભેટ છે.' રણજીએ જવાબ આપેલો ને પછી જરા અટકીને કહેલું, 'તમારા (પશ્ચિમી) બૅટ્સમનો બૉલ તેમની તરફ અડધે રસ્તે પહોંચે ત્યારે તેને પારખીને પોતાની સ્થિતિ (પોઝિશન) ગોઠવે છે, જ્યારે હું બૉલને તેના ૧/૩ માર્ગે જ પારખી લઉં છું.' નાઈટને જાણે સાંભળવાની ક્ષમતા કેળવવા માટે થોડો સમય આપતા હોય તેમ ફરી જરા અટક્યા ને પછી ઉમેરતાં કહે, 'ઉપરાંત અમારે (ભારતીઓને)આંખનો સંદેશો મગજને ને તેનો સંદેશો ત્યાંથી સ્નાયુઓએ માત્ર પલકારામાં પહોંચી જાય જેનો જોટો અંગ્રેજોમાં નથી.' નમ્રતાથી કહેવાયેલું પરંતુ વ્યંજનાસભર આ વિધાન રણજીની સમજશક્તિ, નિરીક્ષણક્ષમતા, સમીક્ષાશક્તિ તેમ જ આત્મવિશ્વાસનું દ્યોતક છે.

ડી. જે. નાઈટે, એક વાર, રણજીની એક લેઈટકટ યાદ કરી છાપામાં લખેલું : 'એ કાંઈ મૃદુ પ્રહાર માત્ર નહોતો. બે મહત્ત્વાકાંક્ષી ફટકો હતો. પોતાની સંપૂર્ણ ઊંચાઈ વાપરી તેમણે (રણજીએ) પોતાનાં, દેખાવ કે સ્પર્શ થકી નાજુક લાગતાં; પરંતુ વાસ્તવમાં વજ્ર જેવા મજબૂત, તેમ જ પાણીદાર ખડ્ગ જેવા સ્થિતિસ્થાપક કાંડા વડે બૉલને, સાંધાના ઉપરના ભાગે, બૅટની અવરોહ ગતિએ, સર્વ શક્તિથી ફટકારેલો.'

આટલું લખ્યા પછી નાઈટ તેમાં ઉમેર્યા વગર રહી શકતા નથી ને, આપણે પણ તે ઉમેરણ અહીં ટાંક્યા વગર નહીં રહી શકીએ. લખે છે : 'હું માનું છું કે (પટ્ટીથી કડક રીતે બાંધેલી બંધ) છત્રી વડે તેઓ બૅટિંગ કરે તો પણ, ઈંગ્લન્ડના સૌથી ઝડપી બોલર સામે પણ તેઓ, સ્લિપ્સની વચ્ચેથી કે લેગ બાજુ બૉલ મોકલી, સદી ફટકારે.'

એમ કહેવાય છે કે એ સમય જેમ બૅટિંગનો સુવર્ણયુગ હતો તેમ ક્રિકેટગદ્યનો પણ સુવર્ણયુગ મનાતો હતો. ક્રિકેટના ગદ્યસ્વામીઓ ત્યારે રણજીનું બૅટિંગજાદુ વર્ણવવા પોતાની શબ્દસમૃદ્ધિને કામે લગાડતા ને તોય જાણે 'નેતિ નેતિ' કહેતા - અનુભવતા.

જેમ 'ગીતા' કહે છે કે સજીવ માનવ માટે અકર્માવસ્થા સંભવિત નથી તેમ રણજીને લાગતું કે ક્રીઝ પર ઊભા હોઈએ તો બૉલને ફટકારવા સિવાય બીજું કરવું શું? જેમ કવિ, નિસર્ગ ને એકાન્ત હોય ત્યાં કવિતા જન્મે; બે યુવાન હૈયાં, વર્ષાઋતુ ને એકાન્ત હોય ત્યાં અનુરાગ પ્રગટે; તેમ બૅટ, બૉલ ને ક્રીઝ ભેગાં થાય ત્યાં એક જ બાબત બને - રન ! આવાં રણજીનાં અભિગમ-વિભાવના. આથી તો કહેવાયું છે કે, 'In his first Test match, he laid the foundation of a new style of cricket; for he was the first man to make every ball in to a ball to be hit hard.'

રણજીના કેમ્બ્રિજ સમયના સુકાની સ્ટેન્લે જૅક્સને, વિકેટ પર ટકી રહેવાની રણજીની ક્ષમતાના સંદર્ભમાં કહેલું, 'તેઓ (રણજી) ૧લી મેએ વિકેટ પર ગયા હોય, ને જો તેમનું સ્વાસ્થ્ય તેમને સાથ આપે તો, ૧લી ઑગસ્ટે પણ તેઓ ત્યાં જ ઊભા હોય.'

પરંતુ અહીં એ બાબત સ્પષ્ટ કરી લેવી જોઈએ કે આપણે માનીએ કે કલ્પીએ તેવા અર્થમાં તેઓ રનભૂખ્યા નહોતા. તેમનાથી બૉલને ફટકાર્યા સિવાય રહેવાતું નહોતું. જો સમય અટકી શકે, તો જ, રણજી ક્રીઝ પર રન કર્યા વગર રહી શકે. આવા કિસ્સાઓમાં જે તે ક્રિયા બાહ્ય દેખાય છે પરંતુ તે બાહ્ય હોતી નથી. તે તેમની ચેતનાનો અંશ બની ગઈ હોય છે. ટ્રમ્પરની માફક રણજી માટે પણ ક્રિકેટ તેમના વ્યક્તિત્વનો ભાગ હતી. આથી રન કરવાની તેમની ઇચ્છાને ભૂલ ન કહેવી જોઈએ. તેને કાંઈક કહેવું જ હોય તો અંદરનો સાદ કહી શકાય, અંતરનો આદેશ કહી શકાય.

રણજી જેવા બૅટિંગ કલાકાર તેવા જ દૃઢ, નિર્ભીક ને આત્મપરીક્ષક. એક વાર સદી ફટકારી તેઓ પેવેલિયનમાં આવ્યા એટલે એક મિત્રે ખુશાલી વ્યકત કરી. પ્રતિભાવમાં રણજીએ નારાજગીમાં માથું હલાવી પોતાના પેડ પર થયેલાં બૉલનાં ત્રણ નિશાન બતાવી કહ્યું. 'આ સારું ન કહેવાય. I was hit three times !'

એક વાર તેમના એક મિત્રે જરા આનંદ-ઉત્સાહથી કહ્યું. '..... નામના જાણીતા બૅટ્સમનને એક ઝડપી બોલરની બોલિંગમાં બૉલ વાગ્યો.' આની સામે રણજીનો સાવ નિર્દોષ એવો સામો પ્રશ્ન હતો, 'શા માટે ? શું તે બૅટ્સમનના હાથમાં બૅટ નહોતું?'

'લેગ થીઅરિ' તરીકે ઓળખાતી ને પછીથી 'બૉડિલાઈન બોલિંગ' એવું વિશિષ્ટ ને તિરસ્કારપાત્ર નામ પામનારી, ચર્ચાસ્પદ બોલિંગ-પદ્ધતિનો તેમના સમયમાં વિધિસર જન્મ નહીં તેમ છતાં તેવી બૅટ્સમનને ઈજા કરતી બોલિંગ વિશે તેમનો, એક બૅટ્સમન તરીકનો, અભિગમ ઉપર દર્શાવાયો તેવો નિર્ભીક હતો. જો કે તેમના કેમ્બ્રિજ સુકાની જૅક્સને

રણજીના લેગગ્લાન્સ સંદર્ભે આવી બોલિંગયુક્તિનો ઉલ્લેખ કર્યો ત્યારે રણજીએ જડબાતોડ જવાબ આપતાં કહેલું, 'મને તેમાં વાંધો ન આવે પરંતુ જૅકર, એ પછી કાંઈ ક્રિકેટ ન કહેવાય.' વાણીસ્વાતંત્ર્ય, ખેલદિલી, ક્રિકેટ, મૈત્રી એ બધાં વિશે કેવી શરદઋતુના આકાશ જેવી, સ્વચ્છ-સ્વસ્થ દૃષ્ટિ!

રણજી એક સારા ફિલ્ડર પણ હતા. પોતાની બૅટિંગક્ષમતા થકી તેઓ યુનિવર્સિટી તરફથી રમવા તો લાગ્યા, પરંતુ હજી અન્ય સૌ માટે તેઓ સહજ સ્વીકાર્ય નહોતા. તેમણે અલગ-અતડા રહેવું પડતું ત્યારનો પ્રસંગ છે. તેમને ડીપમાં જ ફીલ્ડિંગ ભરવાનું સોંપાતું. કેમ્બ્રિજ અને યૉર્કશાયર વચ્ચે એક યુનિવર્સિટી મૅચ ચાલતી હતી. યૉર્કશાયરના ટન્નિક્લિફે એક જોરદાર ડ્રાઈવ લગાવ્યો. બાઉન્ડ્રી નજીક ફીલ્ડિંગ ભરી રહેલા રણજીને જરા તુચ્છતા તથા ગુસ્સાના ભાવ સાથે સુકાની જૅક્સને કહ્યું, 'સ્મિથ(રણજી) તેની (બૉલ) પાછળ દોડ! તને ત્યાં શા માટે રાખ્યો છો?'

રણજીએ સ્વસ્થતાથી પોતાના હાથમાં બૉલ બતાવ્યો. જે બૉલ ફટકા પછી મોટા ભાગના ફિલ્ડરોની નજર બહાર હતો; જે બૉલ વિશે વિકેટ કીપરે એમ કહેલું કે 'ક્યાં ગયો? દેખાતો કેમ નથી?' તે બૉલ રણજીની નજર તેમ જ ચપળતાને થાપ ન આપી શકતાં તેમના બે સલામત હાથોમાં 'કૅચ' રૂપે બેસી ગયેલો! જૅક્શનની મનોદશા 'કાપો તો લોહી ન નીકળે' તેવી થઈ હશે.

૧૮૯૬માં ઓવલ ખાતેની ત્રીજી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયન ઓપનર આયર્ડલેને પણ રણજીની ફીલ્ડિંગ-ચપળતાનો પરિચય થયેલો, ટૉમ રિચર્ડસનના એક બૉલમાં સ્નિક લગાવી તેઓ રન દોડવા લાગ્યા. ચાર રન દોડી પાંચમો લેવા ગયા ત્યાં, પોતાની બીજી જ ટેસ્ટ રમી રહેલા, રણજીએ દોડી આવી બૉલ લઈ ૧૧૦ વાર જેટલે દૂરથી સીધો થ્રો કરી આયર્ડલેને રન આઉટ કર્યા! આ ક્ષણ મૅચનો ટર્નિંગ પૉઈન્ટ બનેલી.

રણજીના ક્રિકેટશોખે તેમના અભ્યાસ પર અસર કરેલી. આથી તેઓ અભ્યાસ બહુ ન કરી શક્યા, પરંતુ તેમનામાં બુદ્ધિપ્રતિભા હતી. ઇંગ્લન્ડમાં રંગભેદને કારણે ક્રિકેટના ક્ષેત્રમાં તથા ભારતીઓ પ્રત્યેના ઇંગ્લિશ પ્રજાના અહંકેન્દ્રી તેમજ ગુરુતાગ્રંથિભર્યા વલણ થકી રણજીને ઠીકઠીક સહન કરવું પડેલું. આમ છતાં તેમની બૅટિંગપ્રતિભાએ એ વિઘ્નો ધીરે ધીરે છેદી નાખેલાં. તેમની ક્રિકેટપ્રતિભાના સ્વીકાર સાથે તેમની બુદ્ધિપ્રતિભાને પણ સ્વીકૃતિ મળેલી.

આ આખી પ્રક્રિયા દર્શાવતો એક પ્રસંગ જોઈએ. રણજી એક વાર પોતાની કેમ્બ્રિજ ટીમ સાથે પ્રવાસ કરી રહ્યા હતા. એક જગ્યાએ પ્રતિસ્પર્ધીઓએ કેમ્બ્રિજના સુકાનીને પૂછ્યું, 'આ તમારો કાળિયો ખેલાડી અંગ્રેજી બોલી શકે છે?' જવાબમાં જણાવાયું કે તે બે-ચાર અંગ્રેજી શબ્દો જાણે છે. બન્યું એવું કે સાંજે ડિનર પછી એ 'કાળિયો' ખેલાડી ઊભો થયો, ને તેણે બધા વચ્ચે એક હળવું - સુંદર વક્તવ્ય અંગ્રેજીમાં આપ્યું! એ સમયે ત્યાં મોટા ભાગના અંગ્રેજોનાં મોં ધોળી પૂણી જેવાં થઈ ગયેલાં.

એક બીજો આવો કિસ્સો સાઈમન વાઈલ્ડે નોંધ્યો છે. ઓલ્ડ ટ્રૅફર્ડ ખાતેનો રણજીનો યશસ્વી દેખાવ જોઈ સર હોમ ગોડેન નામના એક તજ્જ્ઞ પોતાના એક મિત્ર પાસે રણજીનાં વખાણ કરવા લાગ્યા. પેલા મિત્રનો પ્રતિભાવ કેવો હતો? 'આ ગોડેન મારા મિત્ર ન હોત તો, એક કાળા માણસની આવી (પોતાને) અપ્રિય ને (ને પોતાના મતે ગોડેન માટે) મતનકારી પ્રશંસા કરવા બદલ મેં તેમને ક્લબમાંથી બહાર ફેંકી દીધા હોત!

આ મિત્ર પોતે ક્રિકેટના સારા ખેલાડી હતા ને જતે દિવસે, ઇંગ્લન્ડમાં ક્રિકેટ-વહીવટમાં ઊંચું પદ શોભાવતા હતા !

રણજી જેવા તેજસ્વી ક્રિકેટર તેવા જ ઉદાર ને ઉમદા માણસ. જેવી રીતે તેમને ભેદભાવ ન ગમતા તેવી જ રીતે દંભ, સસ્તી લોકપ્રિયતા, અશિસ્ત વગેરે પણ તેમને જરાય ન ગમે. એક વાર તેઓ માંચેસ્ટર ખાતેની એક મૅચમાં બૅટિંગ કરવા ગયા એટલે પ્રેક્ષકોએ ફટકાબાજીની માગણી કરી. હજી પોતે દાવમાં સેટ થતા હોવાથી રણજીએ આ માગણી ધ્યાન પર ન લીધી. આથી પ્રેક્ષકો દેખાવો ને દેકારો કરવા લાગ્યા. દરમિયાન રણજી સેટ થઈ ગયા એટલે નૈસર્ગિક રમત રમવાનું તેમને માટે સહજ હતું. વળી, બૉલ પણ તેઓ ફટકા મારી શકે તે રીતે, લેગ બાજુ નખાતા હતા. આમ છતાં તેમણે ફટકાબાજી ન જ કરી. પ્રેક્ષકોની માગણી ને પછી તે માટેનો આગ્રહ તેમને રુચ્યાં જ નહોતાં. શોભા, સંસ્કારિતાના ભોગે પ્રેક્ષકોનું મનોરંજન કરી લોકપ્રિય થવાનું પસંદ નહોતું.

તે સમયે ઇંગ્લન્ડની ટીમમાં ધંધાદારી અને શૉખીન (ઍમેચ્યોર) વચ્ચે ભેદ રેખા રહેતી. પ્રવાસ દરમિયાન બંનેના ઉતારા અલગ અલગ હોય, એક વખત સંજોગવસાત્ આ સુવિધા શક્ય ન બનતાં બધાનો ભેગો ઉતારો ગોઠવાયો. આ પ્રસંગે રણજીએ મક્કમતાથી સૂચવેલું કે આવી વ્યવસ્થા જ હવે કાયમ રહેવી જોઈએ. વચ્ચે ત્રણેક વર્ષ રણજી પોતે સસેક્સના સુકાની બન્યા ત્યારે તો તેમણે સહનિવાસની આ નવી પદ્ધતિ અપનાવી જ.

બ્રિટન ખાતેના નિવાસ દરમિયાન તેમને ખર્ચનો સવાલ ખાસ ન જ હોય. તેઓ માત્ર પાંચ વર્ષની વયે જ દત્તક લેવાયેલા એટલે એ રીતે જ તેમની સુવિધાઓ સચવાતી. તેઓ જીવન અને આર્થિક બાબતે શૉખીન, ઉદાર ને ચોખ્ખા હતા. પોતાના ટેસ્ટપ્રવેશ સમયે તેમણે રેશમી શર્ટ પહેરેલું.

પછી કાયમ પણ તેઓ મોટે ભાગે ક્રીઝ પર રેશમી શર્ટ પહેરીને જતા. તેમના ઘાટીલા બાંધાને આ શોભતું. તેમનું કપડાં રાખવાનું કબાટ વિશિષ્ટ ને આગવું હતું. કહેવાય છે કે તેમની પાસે એવી કાર હતી કે જે તેઓ લાવ્યાં એ પૂર્વે કેમ્બ્રિજ ખાતે ભાગ્યે જ જોવા મળેલી.

સારી હોટેલમાં ઊતરે ને તેનાં બિલો કોઈ પ્રકારની લપ વગર તરત જ ચૂકવે. તેઓ ટ્રિનિટી કૉલેજના વહીવટ નીચે આવેલા 'ગિલિંગ ઈસ્ટ' નામના ધાર્મિક સ્થળે ક્રિકેટની પ્રેક્ટિસ કરવા જતા. ત્યાંના એક માણસે - ૧૯૭૦માં પોતાની વૃદ્ધાવસ્થાએ - કહેલું 'હું અહીં કિલ્લા નીચેના ભાગમાં તેમની સામે બૉલિંગ કરતો. તેઓ પેડ ન બાંધતા, તેઓ અમને (ગામના કિશોરોને) બને તેટલી વધુ ઝડપે બૉલિંગ કરવાનું કહેતા. આ બદલ તેઓ(રણજી) દરેક છોકરાને રોજ છ-છ પેન્સ મહેનતાણું આપતા, આ રકમ તે સમયે (૧૮૯૦ આસપાસ) ઘણી કહેવાય.'

ભારતીય હોવાને કારણે તેમણે ઘણું સહન કરેલું, પરંતુ તેમની ઉદારતા તેમ જ કદરદાની પર એની કોઈ અસર નહીં થયેલી. ૧૮૯૬ની લૉર્ડ્ઝ ખાતેની (જેમાં રણજીને હેતુપૂર્વક ટેસ્ટપ્રવેશ નહીં અપાયેલો તે) ટેસ્ટમાં ઇંગ્લન્ડનો છ વિકેટે વિજય થયેલો. આના ઘડવૈયા હતા ઝડપી બોલર ટૉમ રિચર્ડસન. આની કદર તેમ જ ખુશાલીરૂપે, આ પછી થોડા સમયે જ આવેલા રિચર્ડસનના લગ્નપ્રસંગે, રણજીએ તેમને ચાનો સર્વિસ સેટ ભેટ આપેલો. ઇંગ્લન્ડની તે સમયની ટીમના રણજીના સાથી ને વિકેટ કીપર આર્થર લિલેને તેમણે સોનાનું સિગારેટ કેસ ભેટ આપેલું. ૧૮૯૭-૯૮માં ઑસ્ટ્રેલિયા જતી ઇંગ્લિશ ટીમમાં તેઓ પસંદ થયા ત્યારે સસેક્સ વતી તેમના માનમાં શુભેચ્છાવિદાય પાર્ટી ગોઠવાયેલી. આ સમયે રણજીએ ઇંગ્લિશ ટીમના બધા સભ્યોને સસેક્સ કાઉન્ટીની મુદ્રા ધરાવતો મેડલ ભેટ આપેલો.

એક બાજુ રણજીની ૧૮૯૬ની યશસ્વી સીઝન પૂરી થઈ. તેઓ ઇંગ્લન્ડમાં લોકપ્રિયતાના એ શિખરે પહોંચ્યા કે તેઓ ત્યાં ચૂંટણી લડે તો પણ જીતી જાય... ને... બીજી બાજું ? તેઓ બીમાર પડ્યા!

દુનિયાના બે નિર્ભેળ, નૈસર્ગિક બૅટિંગ કલાકારો : દક્ષિણ ગોળાર્ધના ટ્રમ્પર ને ઉત્તર ગોળાર્ધના રણજી. બંને એકવડિયા બાંધાના, દેહસૌષ્ઠવ ધરાવનારા. બંનેના દેહમાં (તેમની સજ્જનતાને કારણે જ હશે) બીમારીરૂપી કળિએ વાસ કરેલો. ભાગ્યે જ તેણે પોતાનું આ નિવાસસ્થાન સાવ ખાલી કર્યું છે. અદ્ભુત બોલર ચંદ્રશેખરની જ વાત લ્યોને. તેમને પોલિયો ન થયો હોત તો, ન તેઓ આવા અદ્ભુત બોલર બની શકત ને ન ભારતની એ ગૌરવગાથા આલેખાત.

રણજીની બીમારી સંદર્ભે પણ આવું બન્યું. તેમના પરના વ્યાધિના આ આક્રમણે બે અવાન્તર લાભો કરાવ્યા. એક કે, જગતને ક્રિકેટ વિશેનું એક શ્રદ્ધેય ને મહત્ત્વપૂર્ણ પુસ્તક મળ્યું ને બે, રણજીની કલમપ્રતિભા પ્રતિનિધાન પામી.

બીમારી, બરફવર્ષા ને ભયંકર ઠંડીએ રણજીને બાંધી દીધા. તેઓ આ ગાળામાં Kneesworth Hall, Royston, ખાતે આરામ કરતા હતા. અહીં, પથારીમાં પડ્યા પડ્યા ડ્યૂમાના ગ્રંથોને હાથમાં પકડતાં થાક લાગતો હતો, આથી તેઓ પડ્યા પડ્યા વિચારો કર્યા કરતા. આમાંથી એક દિવસ તેમને પુસ્તકલેખનનો વિચાર સ્ફૂર્યો. તેમણે આ વિચારને તરત જ અમલમાં મૂક્યો ને ટાઇપિસ્ટને બોલાવ્યો. વળી મિત્ર સી.બી. ફ્રાઈની પણ મદદ મળી. પરિણામે ૧૮૯૭માં ક્રિકેટજગતને 'જ્યૂબિલી બુક ઑવ ક્રિકેટ' નામનો રણજીનો અ-ક્ષર દેહ પ્રાપ્ત થયો. આ પુસ્તકમાં નિષ્કપટ રમત અને ખેલદિલી વિશે રજૂઆત છે. આ ઉપરાંત ફીલ્ડિંગ, તાલીમ, બૅટિંગ, બોલિંગ, સુકાનીપદ, અમ્પાયરિંગ એવા અનેક મુદ્દાઓ વિશે સારી છણાવટ છે. આની બીજી આવૃત્તિ પણ થયેલી, જેમાં રણજીએ અમેરિકન, કેનેડિયન, ભારતીય, ઑસ્ટ્રેલિયન વગેરેનાં ક્રિકેટવિશેનાં પ્રકરણો ઉમેર્યાં હતાં. (તેઓ એક મિત્રના આમંત્રણ-આગ્રહથી અમેરિકા પણ ગયેલા.) આ ગ્રંથમાં ક્રિકેટનાં શિષ્ટાચાર તેમ જ આચારસંહિતા ઉપર પણ તેમણે પોતાનો અભિપ્રાય લખ્યો છે, જે આજે પણ ઉપયોગી ગણાય છે.

તેમના અવસાનના થોડા માસ પહેલાં જ બૉડીલાઈન બોલિંગનો વિવાદ જાગેલો. (એ પદ્ધતિનો વિધિવત્ આરંભ ડિસે. ૧૯૩૨માં થયેલો) આ અંગે કોઈકે તેમનો મત પૂછતાં તેમણે કહેલું, 'તમે મારા પુસ્તકમાં એ અંગે વાંચીને તમારી સમસ્યાઓના ઉકેલ મેળવી શકશો.' આવું સર્વસ્પર્શી એ પુસ્તક હતું.

આ પછી રણજીનાં બીજાં બે પુસ્તકો પણ પ્રકાશિત થયાં, જે આ પ્રમાણે છે : ૧. 'વિથ ક્રિકેટર્સ ટીમ ઇન ઑસ્ટ્રેલિયા'- ૧૮૯૮. ૨. 'હાઉ ટુ પ્લે ક્રિકેટ'- ૧૯૦૬.

આ ગ્રંથોમાં કે અન્યત્ર રણજીએ પોતાના સમયના જાણીતા બોલરો વિશે જે કહ્યું છે તે અહીં નોંધવું પ્રસ્તુત બનશે. ટૉમ રિચર્ડસન વિશે તેમણે કહેલું, 'તેમની બોલિંગની વિશેષતા એ કે તે ખરાબ કે સારી બંને પ્રકારની પીચ પર તે સરખી (અસરકારક) જ હતી.'

વળી લોકવૂડ વિશે કહે છે, 'હું જેમની સામે રમ્યો છું તેમાં લોકવૂડ મને સૌથી વધુ મુશ્કેલ બોલર લાગ્યા છે; અને આ તેમના ઝડપી બૉલને કારણે નહીં, પરંતુ તેમના ધીમા બૉલને કારણે.'

પરંતુ તેમણે સીડ બોનેસ વિશે જે કહેલું તેમાં તો હળવાશ ને ગાંભીર્ય બંને છે. તૂટેલી વિકેટ પર બોનેસ લગભગ ન

રમી શકાય તેવા ગણાય. એવી વિકેટ પર બોનેસ ધારી વિકેટ લે. એક વાર આવી પીચ પર પરંતુ ઠીક ઠીક આસાનીથી, પોતાની ટીમના સાત વિકેટે ૮૦ રનના જુમલામાં, રણજીએ ૫૦ રન કર્યા ત્યારે આ દાવ દરમિયાન રણજીએ બોનેસને કહેલું, 'આભાર બોનેસ, તમે અદ્‌ભુત બોલિંગ કરી રહ્યા છો. સર્વોત્તમ પ્રેક્ટિસની તક આપવા બદલ આભાર.'

રણજી જીવનભર અપરિણીત રહેલા. એસ. બેરીએ નોંધ્યું છે તે પ્રમાણે રણજીને તેમના ઇંગ્લન્ડનિવાસના વાલી બોરિસ્સોની પુત્રી એડિથ સાથે દીર્ઘકાલીન મૈત્રીસંબંધ બંધાયો હતો, પણ બેરીએ જ લખ્યું છે, 'But that is another and equally long story,' તે અલગ મુદ્દો છે ને હાલ તેને અંગત ગણવો રહ્યો.

રણજીનાં અંતિમ વર્ષો એક અનન્ય સંબંધ રજૂ કરે છે. તેમના ભત્રીજા કે. એસ. દુલીપસિંહજી, રણજીની માફક જ ઇંગ્લન્ડ વતી રમી બેટ્સમન તરીકે પ્રખ્યાત બનેલા. આમ, કાકા-ભત્રીજા તેમ જ ક્રિકેટ ક્ષેત્રે પુરોગામી-અનુગામી તેવા આ બંને આજે પણ ભારતીય ક્રિકેટનો આદર્શ ને તેની ગૌરવગાથા જેવા છે. એ બંનેના સંબંધોના તાણા-વાણા માણવા જેવા છે.

૧૯૩૦ની સાલ. દુલીપના નામનો બધે ડંકો વાગે. આ ગાળામાં રણજી દક્ષિણ ઇંગ્લન્ડની કોઈ એક હોટેલમાં ગયા. મેનેજરે તેમને એક પણ કમરો ખાલી ન હોવાનું જણાવી દિલગીરી વ્યક્ત કરી. તેની વાત સાંભળી રણજીએ પોતાનો પરિચય આપતાં કહ્યું, 'હું રણજી છું, રણજિતસિંહ... જામ-સાહેબ, નવાનગર!' મેનેજરે આ સાંભળ્યા પછી પણ દિલગીરી સાથે, જગ્યા ન હોવાની, વાત દોહરાવી.

પછી અચાનક રણજીને કાંઈક યાદ આવ્યું, કહે, 'જુઓ, હું જાણીતા ક્રિકેટર દુલીપસિંહજીનો કાકો છું. તમે મને કાંઈ મદદ કરી શકશો?'

'અરે, આ વાત તમે પહેલાં કેમ ન જણાવી ?' મેનેજરે ખુશ થતાં જણાવ્યું ને તરત જ એક ખાસ રૂમ કાઢી આપી.

દુલીપસિંહજીની ખાસ ઇચ્છા રહેતી કે કાકા તેમની તેમ જ તેમના સમયની રમત વિશે વાતો કરે ને પોતાને કંઈક માર્ગદર્શન આપે. પરંતુ રણજી એ વિશે કાયમ મૌન જ રહ્યા. ક્યારેક દુલીપે વાત કાઢે તો પણ કશું ન કહેવાનું કાયમ રાખ્યું. આમ છતાં તેઓ ભત્રીજાની રમતમાં રસ લેતા ને તાર દ્વારા પોતાનો પ્રતિભાવ પહોંચાડતા. આમ પણ રણજી લાંબા - નવાઈ લાગે તેવા તાર કરવાના શોખીન હતા. એક વાર ૧૯૨૭માં, દુલીપ ઑસ્ટ્રલિયા સામેના એક દાવમાં માત્ર ૧ રન કરી આઉટ થયા. દુલીપના મિત્ર પર રણજીનો તાર આવ્યો., 'મારા ભત્રીજાને કહો કે હવે તે ક્રિકેટ રમવાનું છોડી ટેનિસનો અભ્યાસ શરૂ કરે.'

વળી, એક વાર ઑસ્ટ્રેલિયામાં જ દુલીપ ૯૨ રને આઉટ થયા તો તાર આવ્યો, 'બાકીના આઠ રનોનું શું થયું?'

ક્રિકેટને તેમ જ તેની સાથે જોડાયેલા પોતાના સંબંધીને જોવા-ઘડવાની આવી તેમની રીત હતી.

દુલીપસિંહજી (જન્મ સડોદર ખાતે ૧૯૦૫માં) પણ ઇંગ્લન્ડમાં સૌપ્રથમ તો સેન્ટ ફેઈથ ખાતે જ રમેલા. આથી ગૂડ ચાઈલ્ડ તેમની રમત પણ બરાબર જાણે. તેઓએ કાકા-ભત્રીજાની સરખામણી આ રીતે કરી છે : 'દુલીપ મારી પાસે વધુ અનુભવ સાથે આવેલા કારણ કે તેમને તેમના કાકાનું માર્ગદર્શન મળેલું. રણજીનો બધો જ મદાર તેમની નૈસર્ગિક ક્ષમતા પર હતો. રણજી ક્યારેક કોઈક કિશોરવયના બોલરના બૉલમાં પણ બોલ્ડ થઈ જાય. દુલીપ અભેદ્ય હતા.'

દુલીપસિંહજી પણ ઇંગ્લન્ડ વતી જ ટેસ્ટ રમેલા. જો કે તેમનો ટેસ્ટ પ્રવેશ દક્ષિણ આફ્રિકા સામે થયેલો, પણ પછી રંગભેદની નીતિને કારણે તેઓ સામે તેમને નહીં લેવાયેલા. તેઓ મુખ્યત્વે ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલેન્ડ સામે રમેલા. તેમની ટેસ્ટ કારકિર્દી આ પ્રમાણે હતી : ૧૨ ટેસ્ટ, ૧૯ દાવ, ૨ વખત નૉટઆઉટ, ૯૯૫ રન ૫૮.૫૨ સરાસરી, ત્રણ સદી, પાંચ અર્ધીસદી, સૌથી વધુ ૧૭૩ - ઑસ્ટ્રેલિયા સામે.

રણજી જામનગરના જામસાહેબ બન્યા પછીની તેમની રાજવી તરીકેની કારકિર્દી પણ યશસ્વી રહી. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે તેમણે લશ્કરી ટુકડી મોકલેલી તેમ જ જાતે પણ મોરચા પર કામગીરી બજાવેલી. પ્રથમ વિશ્વવિગ્રહ પછી 'લીગ ઑવ નેશન્સ'ની સ્થાપના માટેના મંડળમાં તેઓ ભારતીય રાજવીઓના પ્રતિનિધિ હતા. ગાંધીજી યરવડાની જેલમાં હતા ત્યારે, પોતાની ઇંગ્લિશ પ્રજા સાથેની પરિચિતતા - લોકપ્રિયતા થકી, મધ્યસ્થી બની રણજીએ કેટલાક પ્રશ્નો હળવા કરેલા.

એક પ્રસંગ છે : લંડનમાં ગોળમેજી પરિષદ ભરાવાની હતી. ભારતના પ્રતિનિધિઓ ઇંગ્લન્ડ પહોંચી ગયા હતા. નામદાર આગાખાને લંડનના 'ટાઇમ્સ'માં એક લેખ છપાવ્યો હતો. આનો બરાબર જવાબ દેવો જોઈએ તેવું સપ્રુ-જયકર જેવાને લાગ્યું. જવાબ તૈયાર કરી તે મિત્રો 'ટાઇમ્સ'ના માલિક પાસે ગયા. માલિકે કહ્યું, 'તમે આ લેખમાં રણજીની સહી લાવી આપો તો એ છાપવો વધુ અનુકૂળ પડે, કારણ કે બ્રિટનમાં આગાખાન કરતાં વધુ લોકપ્રિય વ્યક્તિ રાજવી રણજી છે.'

એક ભારતીય તરીકેની તેમની કારકિર્દીનું મહત્ત્વ સમજાવતાં, રણજી પછી જામનગરના જામસાહેબ બનનાર, તેમના ભત્રીજા શ્રી દિગ્વિજયસિંહજી લખે છે : 'આમ (સામાન્ય) અંગ્રેજમાં ભારતના શિષ્ટ વર્ગને ઓળખવાની આંતરદૃષ્ટિ આપવાનો

(અનુસંધાન પૃ. ૩૬૪)

એલન મજોલા

શૈલેશ ટેવાણી

અચાનક વરસાદ તૂટી પડ્યો હતો. ઠંડી પણ ઠીક ઠીક પડતી હતી. અહીં આમ ટુપુર્ ટુપુર્ વરસાદ પડતો જ નહીં. આજે શરૂઆત જ માત્ર આવી થઈ. પછી તો ધડીમ અને ધરરરરમ્. !! લોકો પહેલાં છત્રી ઓઢીને જતાં લાગ્યાં, પછી છત્રીપગાં થઈ દોડમાં લાગ્યાં. કેટલીક છત્રીઓ દિલ્હી અને મુંબઈનાં મોટાં પુલ પરથી પસાર થતી ઑટોરિક્ષાનાં ટોળાં જેવી, જાણે કબૂતરો સંઘ લઈ કાશી ચાલ્યાં !! દુકાનો સાંજે પાંચ વાગ્યે તો બંધ થઈ જતી. વેસ્ટવિલે ખાતેની ડરબન યુનિવર્સિટીથી ચાલી ચાલીને તે બપોર સુધીમાં માંડ લોર્ન સ્ટ્રીટ પહોંચી હતી. હજુ વેસ્ટસ્ટ્રીટના ખૂણે જવાનું હતું. રસ્તાઓનાં ટ્રાફિકથી બચી, મોટરોની પૂરપૂર આવતી ગતિથી સરકી-છટકી, કયારેક ઊંચે ટેકરી પરનાં ઘાસ પર તો કયારેક ટ્રાફિક સિગ્નલ્સને સાવ અઢેલીને ચાલવું પડતું.

'શિરાઝ' અને 'શાહરાઝ' બંને ટૉકિઝનાં પ્રેક્ષકો અંધારામાંથી અજવાળામાં આવી રોડ પર સંસાર ફંફોસતાં હતાં ! ત્રણ કલાક ઘર-પરિવાર ભૂલીને એમણે હિંદી ઍક્ટરોને દિલ-દિમાગ આપી દીધાં હતાં. ખાસ કશો ઘોંઘાટ નહોતો, પરંતુ આલ્બર્ટ સ્ટ્રીટ જતાં બધેથી ફૂટપાથ ભરેલી જોવા મળતી. ટેકસીની કતારો - બસની કતારો તરફ કેટલાંકે દોટ મૂકી હતી.

એલન ઈસ્માઈલ અબ્બાસને ત્યાં કામ કરતી. 'હમણાં જ ઘર આવી જશે', તે વિચારતી હતી. હવે લગભગ હાંફતી હાંફતી પહોંચવા મથતી હતી. પહોંચીને સીધું જ બૅકરી માટેનું સીધું તૈયાર કરી ગાડીમાં મૂકવાનું હતું. અને આ એટલામાં જ સાઉથબીચ તરફથી ઊંચેઊંચેથી રમતાં સૂર્યકિરણો નીચે દડતાં આવતાં હતાં. ઘડી વારમાં ઉઘાડ થશે તેવી આશા જન્મતી.

ઈસ્માઈલ અબ્બાસને ત્યાં પહોંચી, પણ અમળાયેલી બ્રેડ જેવી. ઘડીભર શ્વાસ થંભાવવા બેઠી. હાજીયાણી નસીમા તેની ગૉડમધર હતી. તેનું ખૂબ ધ્યાન રાખતી. બે ટોસ્ટમાં બટર લગાડી થોડી ચા તેણે એલનને આપી.

પૂરી આલ્બર્ટ સ્ટ્રીટ તરફ સૂરજ ત્રાંસો છવાયો હતો. દૂર ભારતની એલચી કચેરીનું મકાન ધૂપછાંવમાં ઊભું હતું. નજીકનો સિટી હૉલ ભૂખરો નીલ ઈંટોના મહેલ જેવો સૂર્યના કિરણને ઝીલતો ઊભો હતો. એલન બેકરી પર જતાં જતાં દૂર નજર કરી આ બધું શ્વાસમાં ભરી લેતી હતી. જાણે જીવનમાં આ બધા કરતાં જુદા જુદા લયમાં ડિપાર્ટમેન્ટલ સ્ટોર બહાર ઊભેલાં કાળાં છોકરા-છોકરીઓ પોતાના માલિક તરફની વફાદારી દેખાડતાં હતાં. ઈસ્માઈલનો નાનો છોકરો ચેકર્સમાં કામ કરતો. સ્ટાન્ડર્ડ બૅન્ક નજીક અત્યારે ઝુલુઓના ઘેરામાં બીડીમાં હસીસ ચોંટાડી ચૂસતો હતો.

થોડી વારમાં એલન અને કાસીમ ભેગાં થયાં. બેકરીમાં ભેગાં થતાં જ કાસીમે ઑર્ડર પર ઑર્ડર છોડવાનું શરૂ કર્યું. એલન હાંફળી-ફાંફળી બધું ભેગું કરવા લાગી. વ્યસને કાસીમને ખોખલો કરી નાખ્યો હતો. ડ્રગ્ઝ વિરુદ્ધ 'સેવ યૉર લાઈફ'નું હોર્ડિંગ બનાવવું હોય તો જીવતાં હાડપિંજર તરીકે તેનો ફોટો કામ આવે !! તેના મગજનું ઠેકાણું નહોતું. ઈસ્લામના બધા પાક ખયાલોને તે કયારનો ભૂલી ગયો હતો. બે-પાંચ પળો પણ જો એલન મોડી થાય તો તે ગાળોનો વરસાદ વરસાવી નાખતો. એલન લગભગ મૂંગા મોઢે બધું સાંભળતી રહેતી. બપોર ઢળતાં ઈસ્માઈલ શેઠ શાંતા ક્લૉઝની માફક અચાનક દુકાને આવતા અને એલન સહેજ રડતાં રડતાં બધું કહેવા લાગતી. ઈસ્માઈલ જાણે પોતાની દીકરીને આશ્વાસન આપતા હોય તેમ તેને આશ્વસ્ત કરતા. બરાબર એ જ વખતે સામેની મસ્જિદમાંથી બાંગ સંભળાતી. 'બિસ્મિલ્લાહ... ઈ.. રહમાન... રહીમ'ને દુકાનની પછીતે જઈ તે નમાઝ પઢવા માંડતા. એલન તેનો અર્થ ન સમજતી, પરંતુ કોણ જાણે કેમ બધું સારું લાગતું. તે મનમાં મનમાં બોલ્યા કરતી 'ઓહ લૉર્ડ જિસસ... ઓહ જિસસ, સેવ મી, મેક મી સ્ટ્રૉંગ'. આ બધાં કાળાં લોકો ગુજરાતી 'ટ'નો ઉચ્ચાર અંગ્રેજીમાં લગભગ 'ત' કરતા.

ઈસ્ટર, નાતાલ કે રમઝાનની કેટલીક રજાઓમાં એલન સી ફ્રન્ટ કે સાઉથ બીચની ભીની રેતી પર પોતાના ભોળા-દુ:ખી પગ છાપી આવતી. નાના હેરીને આંગળીએ વળગાડી બીચ પર થોડું ફરી અને રસ્તે ગમે ત્યાંથી ઈંડાની કરી અને બ્રેડ ખાઈ પાછી ફરતી. એલન દિવસભરની મજૂરી કરી થાકતી ત્યારે ફિરોઝ ઓચિંતો આવી દુકાનની પછીતે તેના ગળામાં હાથ નાખી ઝૂલી લેતો. હેરીના જન્મ પછી બંનેએ કોઈ સમજૂતીથી શરીરના સંબંધો પૂરા કર્યા હતા. કદાચ એલન કોઈક રીતે બીમાર હતી. એલન કાળી, શાંત, સૂકી ઠંડીભરેલી અને હતાશ શિયાળાની રાત હતી. કદાચ ફિરોઝ અશક્ત હતો. બંનેએ લગ્ન તો કર્યાં જ નહોતાં. એલનની જ્ઞાતિમાં દુલ્હો પંદર-સત્તરનો હોય અને દુલ્હન ત્રીસ વર્ષની હોય તે સામાન્ય હતું. લગ્ન પહેલાં સંતતિને કોઈ રોક-ટોક નહીં. હેરીના જન્મ પછી લોકો તેના પપ્પાં વિશે પૂછતાં અને એલન કહી દેતી, 'ટ્રાન્સવાલમાં છે, નોકરી કરે છે.' કોઈ વધુ પૂછતું નહીં. ધીમે ધીમે સૌ સમજતું થયું કે આ તો 'ફિરોઝપુત્તર' છે. પરંતુ તેની સામેય અહીં કોઈ ફરિયાદ નહોતી.

રેશમા કેવી તોફાની ? કેવી બડબડતી દિવસભર !! કહેતી

હતી, 'તું ભારતમાં હોત તો આ પ્રકારનું સંતાન સમાજે સ્વીકાર્યું ન હોત. તારે અને ફિરોઝે લગ્ન કરવાં જ પડત.' ઘડીભર એલનને થઈ આવતું કે, 'ઓહ ! કેવું સારું હોત જો લગ્ન થઈ શક્યાં હોત !' પણ સ્વપ્ન ! આ કાળી પ્રજાનું સ્વપ્ન!! તેની પ્રતિનિધિ એલનનું સ્વપ્ન! આર્થિક રીતે - શિક્ષણની દૃષ્ટિએ કેવળ પછાત આ એલનનું સ્વપ્ન ! એ સ્વપ્ન સાચું ન પડ્યું એ માટે તેણે ફિરોઝને ક્યારેય ફરિયાદ ન કરી.

★

લગભગ સ્વપ્નવત્ દિવસ પૂરો કરતાં લોક હવે સલામત ગુફામાં ભરાઈ પડવાનાં હતાં. જાણે દુકાન પાસેની ફૂટપાથ પર કીડિયારું ભરાય તેમ માણસો પસાર થતાં હતાં. હિંદુઓનાં સત્સંગ મંદિર તરફથી વૃદ્ધાઓ ચાલીને સ્ટ્રીટના કૉર્નર સુધી આવી ચૂકી હતી. હવે મોટરની રાહ જોતી કોઈ સંતોષબહેન, કોઈ ગંગામા, કોઈ પદ્માબહેન અને કોઈ રેવામામી આવનારા દિવસોનાં અન્નકૂટ ઉત્સવની ચર્ચામાં ગૂંથાઈ હતી.

કાસીમ આવ્યો ત્યારની ગાળો તો ચાલુ જ હતી. હવે 'ચાલ, ચાલ' કહી એલનને ખેંચવા લાગ્યો હતો. ફિરોઝની અવિધિસરની પત્નીને પોતે પણ પજવી શકે તે જાણે આ માલિક પ્રજાનો વતની પ્રજા પરનો અધિકાર હતો ! એલન કાઉન્ટર પાસેથી ટસ સે મસ થતી નહોતી. નજીકની પાનની કેબિનમાં વૃદ્ધ ગિરધર ખાંસી ખાઈ શટર પાડતો હતો. તેણે દરરોજનો ઝઘડો માની તે તરફ ધ્યાન નહોતું આપ્યું. સ્વીટ માર્ટ ધરાવતા પટેલ હવે પૈસા ગણવામાં પડ્યા હતા. બસ કે ટૅક્સીની 'ક્યૂ'માં ઊભેલી આફ્રિકન પ્રજાનાં યુવક-યુવતીઓ મજાક-મશ્કરીમાં ગળાડૂબ હતાં. તેમનામાંથી કોઈને આ જ દેશની મૂળ પ્રજાના છેલ્લા પ્રતિનિધિ જેવી એલન તરફ નજર માંડવાનો ભલા ક્યાં સમય હતો?

કાસીમે લગભગ ઢસડવાની હદે એલનને ખેંચી. કાઉન્ટર પર બ્રેડ જોખવાનું નાનું છાબડું હતું તે સરક્યું. કાઉન્ટર નીચે, એલનના પગ પાસે બે તોલાં પડતાં રહી ગયાં. તેમાંનું એક તો એલને ઉઠાવી જ લીધું. 'એ.. સીત્ લીવ મી, સીત્ લીવ મી અલોન' એવું કાળી છોકરીનું ટિપિકલ અંગ્રેજી બોલતાં તેણે હાથ છોડાવ્યો. કાસીમે ગરદન ફરતી આંટી મારી બીજા હાથનો પંજો ખેંચ્યો. એલને ૫૦૦ ગ્રામનું એક તોલું ઊંચકીને પ્રહાર કરવાની કોશિશ કરી. પરંતુ કાસીમ ચૂકી ગયો. કાસીમ હવે મરણિયો થઈ ગયો હતો. 'યુ ફૂલ, યુ મિસ્ટ્રેસ, યુ બૅડ વુમન' કહેતો તે ગાળોની બૌછાર વચ્ચે એલનને ભીંસ વધારતો હતો. પાછળ જતાં એલનનો હાથ કાચના કબાટ સાથે અથડાતાં તેની કોણીમાં લોહી વહેવા લાગ્યું હતું. મસ્જિદમાં સાંજની છેલ્લી બાંગ સંભળાતી હતી. રસ્તા પર અવરજવર ઓછી થવા લાગી હતી. એલન વહી જતા લોહીને ખાળવા જતાં બેસી પડી. કાસીમે તકનો લાભ લઈ દુકાનનું શટર લગભગ ખેંચી લીધું. એલન ઊભી થવા ગઈ કે કાસીમે હેવાનની જેમ તેના પર હુમલો જ કર્યો. અંદરથી ક્યાંય સુધી ચીસોનો અવાજ આવ્યા કર્યો.

મોટા શેઠની આબરૂ અને પેઢીની શાખને લઈ સૌને થતું ઉપરના કોઈ મકાનમાં કામવાળીઓ ઝઘડે છે. ફૂટપાથ પર બે મિનિટ રોકાઈ, અવાજ સાંભળી બેએક જણે ચાલતી પકડી.

થોડી વાર શટરના, કબાટ સાથે હાથ-પગ અફળાવવાના, મૂંગી ચીસના, ગાળોના, ત્રાજવાં કે બિસ્કિટની ચોકીઓ પછડાવાના અવાજો આવ્યા કર્યા. પણ અંતે દુકાનના એક ફૂટ ખુલ્લા દરવાજામાંથી કાસીમનું ફાટેલું મોં કપાયેલી ડુંગળીની ફાડ જેવું બહાર પડ્યું હતું. પોચી પડેલી બ્રેડ જેવું પેટ અને ફાટેલાં પૅકેટ જેવું ખૂલી ગયેલું શર્ટ તેની સ્થિતિને દયાજનક બનાવતાં હતાં. ઢોળાયેલી વાસી ચટણી જેવું તેના મોઢાનું થૂંક તેને હિસ્ટિરિયાનો હુમલો આવ્યાની ચાડી ખાતું હતું. તેના કપાળ પર લોહીલુહાણ ભાઠાં દેખાતાં હતાં. ધીમેથી શટર ખેંચાયું. ફાટેલાં કપડાંવાળી, વિખરાયેલા વાળવાળી, રડતી કકળતી એલન, પોતાના બાળક માટે કોથળીમાં એક બ્રેડ લઈ બહાર આવી.

આટલી વારમાં વિખરાતાં લોકોમાંથી પાંચ-પંદર એકઠાં થયાં. 'ઓહ નો, ઓહ સ્ટ્રેંજ, ઓહ પુઅર ફેલો' એવા ઉદ્ગારો સાથે સૌ દયા ખાતાં ટોળું વળ્યાં. એલન ઠાકર્સના બિલ્ડિંગના પિલરને અઢેલીને બેસી પડી. માથે હાથ દઈ, ફોક સંકોરી રડતીરડતી દયાની નજરે સૌને વિનવતી હતી. કેટલાંકે કાસીમને દુકાનની બહાર ખેંચ્યો. થોડી વારમાં સિટી હૉસ્પિટલ તરફથી ઍમ્બ્યુલન્સ આવી. આ તરફથી સમાચાર મળતાં ફિરોઝ આવ્યો. શેઠ તો મસ્જિદ ગયા હતા. તેમને કદાચ આ દુર્ઘટનાની જાણ પણ નહોતી. ફિરોઝે પળવારમાં પરિસ્થિતિ પામી લીધી. ઍમ્બ્યુલન્સ ચાલી ગઈ. લોકો પૂછતાં રહ્યાં. ફિરોઝે મૌન રહી એલનને પિલર નજીકથી ઉઠાડી. તેના ખભે હાથ મૂકી ચાલતી કરી. એલન લગભગ રડી પડી - કાળી પ્રજાની મૂંગી લાચારી જેવું કાળું. ફિરોઝે પોતાની ગાડીના ડ્રાઇવરને ઇશારો કર્યો. એલનને ગાડીમાં બેસાડી વળાવી. પૂરપાટ દોડતી ગાડીની દિશામાં એલનની આવતી કાલ અંધકાર છવાતી આજ જેવી ધૂંધળી દેખાતી હતી. □

✲ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી સ્વ. રતિલાલ ચૂનિલાલ દીવાન તથા મામા સ્વ. બી. કે. મજૂમદારના સ્મરણાર્થે અરુણાબહેન નિપુણચંદ્ર દીવાન તરફથી 'કુમાર'ના ૭૫૦ જૂના અંકો સ્મૃતિભેટ તરીકે મળ્યા છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ. -તંત્રી

શ્રીરંગમ્

ડૉ. પ્રિયબાળા શાહ

કોઈ પણ સ્થળની પવિત્રતા ત્રણ વસ્તુઓ ઉપર આધારિત હોય છે : (૧) ત્યાંના પવિત્ર જળની ગુણવત્તા, (૨) તેનો ભવ્ય ભૂતકાળ અને (૩) ત્યાંના ભગવાનની લોકપ્રિયતા. શ્રીરંગમ્‌ના પવિત્ર મંદિરમાં આ ત્રણેની ગુણવત્તા ભરપૂર છે.

શ્રીરંગમ્ ભગવાન શ્રી રંગનાથનું નિવાસસ્થાન. અહીં ભગવાન વિષ્ણુ શયનાવસ્થામાં છે. આ સ્થળ તિરૂચિરપલ્લી દક્ષિણ ભારતની કાવેરી નદી પાસે છે. આ ભવ્ય ઇમારત પાસે સતત વહેતી કાવેરી નદીની બંને બાજુએ આમ્રવૃક્ષ, કેળના બગીચા અને નાળિયેરીનાં વૃક્ષોના મધ્યમાંથી પસાર થઈને મૃદુ પવન પૃથ્વીના આ સ્વર્ગમાં આવે છે. આ મંદિરનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો સમગ્ર હિંદુઓ માટે પ્રાણદાયી અને પૂજનીય છે. વૈષ્ણવો આ સંકુલને પૂજ્યભાવથી જુએ છે. સ્થાપત્યની દૃષ્ટિએ પણ આ સમગ્ર સંકુલ અદ્‌ભુત છે.

ભગવાન વિષ્ણુનાં સ્વયં વ્યક્ત આઠ ક્ષેત્રો (સ્વયંભૂ) છે તેમાં શ્રીરંગમ્ મહત્ત્વનું છે. વળી, ૧૦૮ યાત્રાનાં દિવ્ય કેન્દ્રોમાં પણ આ સ્થળ સમગ્ર ભારતમાં અગત્યનું છે.

વૈષ્ણવોનાં મંદિરોમાં તામિલનાડુમાં આવેલા ભગવાન શ્રીરંગનાથનું આ મંદિર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ મંદિર ખૂબ વિશાળ જગામાં ઊભેલું અને શિલ્પથી અલંકૃત છે તેથી ભક્તજનો માટે તે પ્રેરણાદાયી છે અને તેમાં પ્રવેશતાં જ ભક્તિભાવ ઊભરાઈ આવે છે.

આ મંદિરે તામિલ વેષ્ણવ સંતોને ભક્તિગીતો માટે પ્રેરણા આપી છે. ભગવાન વિષ્ણુનાં તામિલ ભક્તિગીતોનો ટૂંક સાર ત્યાંના નલયીર દિવ્ય પ્રબન્ધમ્‌માં છે, જેમાં શ્રીરંગનાથની પ્રશસ્તિનાં ગીતો છે.

ખૂબ વિશાળ જગામાં ઊભેલું શ્રીરંગનાથ સ્વામીનું મંદિર આ પ્રદેશમાં સૌથી મોટું છે. આ મંદિરનો ભૂતકાળ મહાકાવ્યોમાં અમર થઈ ગયો છે અને તે 'રામાયણ' સુધી વિસ્તરે છે. તામિલ સાહિત્યમાં પાંચ અગત્યનાં મહાકાવ્યોમાંના 'શિલ્પાધિકારમ્'માં ભગવાન વિષ્ણુનું ખૂબ ટૂંકામાં વર્ણન કરેલું છે; જેમાં કાવેરી નદીને કિનારે શય્યાસ્થાનમાં ભગવાન આરામ કરે છે તે સંભવતઃ આ શ્રીરંગમ્ ભગવાનનું વર્ણન હોઈ શકે. તામિલનું પ્રાચીન ભક્તિકાવ્ય નલયીર દિવ્ય પ્રબન્ધમ્‌માં ભગવાન શ્રીરંગનાથનાં ભક્તિભાવથી ભરપૂર તેમજ અલૌકિક વર્ણનની સાથોસાથ કાવેરી નદીનો મહિમા પણ ગાયેલો છે. આદિ શંકરના 'રંગનાથશતકમ્'માં રંગનાથ વિશે વર્ણન મળે છે. શ્રી મધ્વાચાર્યનાં ભજનોમાં તેમજ 'પથરાયર'નાં વચનોમાં શ્રીરંગમ્ મંદિરની મહત્તાનાં ગુણગાન છે. ચેર રાજ્યના રાજકર્તા કુલશેખર અલ્વરે પણ ભગવાન શ્રી રંગનાથની પ્રશસ્તિ સુવિખ્યાત 'મુકુંદમાલા'માં વર્ણવેલી છે. મહાન આચાર્યો શ્રી વલ્લભ અને શ્રી ચૈતન્ય જેવા વૈષ્ણવોએ આ મંદિરની મુલાકાત લીધી હતી. બૌદ્ધ સાધુ દલાઈ લામાએ પણ આ મંદિરની મુલાકાત હાલમાં લઈને ત્યાં ભક્તિભાવથી પૂજા કરી હતી. માર્શલ ટીટોએ પણ આ મંદિરની મુલાકાત લઈને આ મંદિરને પ્રાચીન સમયની તેજસ્વિતા અને દિવ્યતાનો મહાન ખજાનો ગણાવ્યો છે. આ શ્રીરંગમે તેના લાંબા ઇતિહાસમાં ઘણી તડકી-છાંયડી જોઈ છે. છતાં પંદરમા-સોળમા સૈકા દરમ્યાન આ મંદિરના પ્રાંગણમાં ઘણી ઇમારતોનું ઉમેરણ થયેલું જણાય છે.

આ મંદિરનું અજોડ લક્ષણ તેના સાત સાત પ્રાંગણોને જુદી પાડતી કિલ્લાની એટલી જ દીવાલો છે. પહેલાં ચાર પ્રાંગણોમાં જે પ્રવેશદ્વાર છે તેના ઉપર ઊંચાં ગોપુરમ્ છે. આ ભવ્ય ગોપુરમ્‌થી પણ વિશેષ આ મંદરમાંની નાજુક શિલ્પાકૃતિઓ નોંધનીય છે. અહીંનું કલાસૌન્દર્ય, નાજુક શિલ્પકામ અને ભવ્ય પ્રાકાર તથા તેના દરવાજાની રચના અજાયબીમાં ગણાય તેવાં છે.

તેનું રંગવિમાન ચળકતા સોનામાં મઢેલું છે. સુંદર વેણુગોપાલ મંદિર તથા શેષરાય મંડપના સુશોભિત સ્તંભો તેમજ કલાશિલ્પની ઘણી ચીજો ઉપરાંત પિત્તળ તથા બીજી ધાતુ, હાથીદાંતની અનેક ચીજો દર્શનીય તથા પ્રસંશનીય છે. તેનો સમાવેશ અહીંના સંગ્રહસ્થાનમાં છે. રાજગોપુરમ્‌ની ટોચ ઉપર ચઢવાથી લગભગ ૧૫ કિ.મી. સુધી મંદિરની આજુબાજુનું સુંદર પ્રાકૃતિક દૃશ્ય માણવાનો અનેરો આનંદ આવે છે. આ અમૂલ્ય મંદિરની સમૃદ્ધિની સાથોસાથ તે સમયના તથા ત્યાર પછીના ઝવેરીઓએ બનાવેલા કલાના નમૂના જેવા અલંકારો તે સમયની શ્રેષ્ઠ કારીગીરીનો ખયાલ આપે છે.

સામાન્ય રીતે આ મંદિરમાં દક્ષિણ બાજુના દરવાજાથી પ્રવેશ કરવાનો હોય છે છતાં પણ કેટલાક પૂર્વ અને ઉત્તરના દરવાજાઓમાંથી પ્રવેશ મેળવે છે. આ પૃથ્વીના સ્વર્ગનો સૌથી પવિત્ર દરવાજો 'પરમપદ વાસલ' છે. વૈકુંઠ એકાદશીના તહેવાર નિમિત્તે વર્ષમાં એક જ વખત તે ખોલવામાં આવે છે. આ સ્વર્ગીય દરવાજામાંથી ભગવાન રંગનાથની સવારી પસાર થાય છે. લાખો ભક્તો દેશદેશાવરથી આ મહોત્સવ દરમ્યાન ભગવાનનાં દર્શન કરવા ઇચ્છુક હોય છે. તેમની માન્યતા એવી છે કે જ્યારે આ પાર્થિવ દેહમાંથી તેઓ મુક્ત થશે ત્યારે તેમને માટે સ્વર્ગનાં દ્વાર ખૂલવાની આથી ખાતરી મળે છે.

શ્રીરંગમ્‌માં વર્ષ દરમ્યાન ઘણા ઉત્સવો થાય છે, પરંતુ

વૈકુંઠએકાદશી તમામે તહેવારોમાં શ્રેષ્ઠ છે. આ રંગબેરંગી બેનમૂન તહેવાર ડિસેમ્બર-જાન્યુઆરી માસ દરમ્યાન અર્થાત્ તામિલ મહિનાના માગશરની શુકલ એકાદશીએ ઉજવાય છે.

તિરૂચિરપલ્લી(ત્રિચી)થી શ્રીરંગમ્ મંદિર માત્ર આઠ કિલોમીટર દૂર છે. ત્રિચી તામિલનાડુનાં સૌથી મોટાં શહેરોમાં ત્રીજા નંબરે આવે છે. તિરૂચિરપલ્લી મદ્રાસ શહેરની દક્ષિણે ૩૩૭ કિ.મી. દૂર છે. ત્રિચીથી શ્રીરંગમ્ સુધી બસો પણ દોડે છે. ખાનગી વાહનો મંદિરના દરવાજા સુધી લઈ જવાય છે. મદ્રાસ અને ત્રિચીની વચ્ચે રેલવે સ્ટેશનથી પશ્ચિમ દિશામાં માત્ર અડધો કિ.મી.ને અંતરે આ મંદિર આવેલું છે.

શ્રીરંગમ્‌ની નગરી કાવેરી નદીની એક શાખાના નાનકડા ટાપુ ઉપર આવેલી છે. આ સ્થળને મુક્કોમ્બુ (નદીના બંધનો ઉપરનો ભાગ) તરીકે ઓળખાય છે, જે તિરૂચિરપલ્લી શહેરની પશ્ચિમે ૨૦ કિ.મી. દૂર છે. કાવેરી નદીની દક્ષિણની શાખાનું નામ કાવેરી છે; જ્યારે ઉત્તરની શાખાને કોલ્લીડેમ કે અંગ્રેજીમાં 'કાલેરૂન' તરીકે ઓળખાવે છે.

શ્રીરંગમ્ મંદિરમાં શ્રીરંગનાથ જમણા પડખે દક્ષિણ તરફ મોં કરીને આરામથી સૂતેલા છે. તેમની શય્યા વર્તુલાકારમાં પડેલા 'આદિશેષ'ની છે. આદિશેષની પાંચ ફણા ભગવાનને છત્રની જેમ રક્ષણ આપે છે.

આ વિશાળ કદની મૂર્તિ શ્યામવર્ણી ચળકતી છે. આ મૂર્તિ એટલી વિશાળ છે કે તેના મસ્તકનો સુવર્ણ મકુટ અને સુવર્ણથી ઢંકાયેલાં ચરણ સમગ્ર ગર્ભગૃહને આવરી લે છે. આ મૂર્તિ ચૂનાના એક જ પથ્થરમાંથી બનાવેલી છે. આ મૂર્તિને વર્ષમાં એક વાર સુખડના કાષ્ઠમાંથી કપૂર, કસ્તુરી વગેરેથી બનાવેલ ખાસ પ્રકારનું તેલ મૂર્તિને લગાડવામાં આવે છે, જેથી કાલાનુક્રમે મૂર્તિનું રક્ષણ થાય તેમજ દર શુક્રવારે ખાસ બનાવેલું 'પુનુગુ' તેલ મૂર્તિને ચોપડવામાં આવે છે.

આ મૂર્તિની બાજુમાં તિરૂવરંગમ્‌ની પ્રતિકૃતિ જોઈ શકાય છે, કે જેની મુસલમાન સમય દરમ્યાન પૂજા થતી હતી. કારણ આ સમયમાં મુખ્ય મૂર્તિને કામચલાઉ અદશ્ય કરી દેવામાં આવતી. તેની સામે પવિત્ર ઉત્સવમૂર્તિ - કે જે સોનાની છે તેને 'અઝહીયમાનવલર' તરીકે ઓળખવામાં આવે છે તે - મૂકેલી છે. ભગવાન શ્રીરંગનાથની બંને બાજુએ તેમની દેવીઓ શ્રીદેવી અને ભૂદેવી છે. આ બંને દેવીઓ ખૂબ અલંકારો અને સુવર્ણમાં જડેલાં કિંમતી રત્નોથી વિભૂષિત છે.

આ ગર્ભગૃહની ફરતો દિક્ષિણાપથનો દરવાજો છે. આ માત્ર ધાર્મિક વિધિ માટે જ ઉપયોગમાં લેવાય છે. આ ગર્ભાગારની ફરતી પથ્થરની એક ખાઈ જેવું તેનું બાંધકામ જણાય છે. ઉનાળામાં આ ગર્ભાગાર ઠંડું રાખવા માટે પાણી ભરવામાં આવતું હશે!

ગર્ભાગારની ઉપર સુવિખ્યાત રંગવિમાન છે. સુવર્ણનું આ વિમાન તેના ચળકાટથી ખૂબ આકર્ષક લાગે છે. ઉપરાંત તેના ઉપર સોનાના ચાર કળશ એક જ હરોળમાં છે. રંગવિમાનની ચારે બાજુએ ભગવાનના વિવિધ અવતારો કંડારેલા છે. દક્ષિણ બાજુએ પરાવાસુદેવ, પૂર્વમાં ગોવિંદ, ઉત્તરમાં આનન્દ અને પશ્ચિમમાં અચ્યુતનાં દર્શન આપણે કરી શકીએ છીએ.

સુવર્ણનું બનાવેલું આ 'રંગવિમાન' ફૂલોની છાબડીના આકારમાં જણાય છે. આની ડિઝાઈન ખાસ પ્રકારે સોનાના પતરાને દબાવીને તેમાં પારાને ગરમ કરીને ખાસ પ્રકારની ટેક્નિકથી તૈયાર કરવામાં આવી છે.

બહારનાં બીજાં સાત પ્રવેશદ્વારોની સરખામણીમાં મધ્યદ્વાર કે જે ગર્ભાગારને વીંટળાયેલું છે તે મહામંડપના દરવાજા ચાંદીના છે. તે દ્વારા ભગવાન શ્રી રંગનાથના દરબારમાં પ્રવેશી શકાય છે. આ ભાગ નાનો, તેની રચનામાં સાદો છતાં તેની કલ્પના ભવ્ય છે.

પહેલું પ્રવેશદ્વાર જે અંદરના મંદિરને વિંટળાયેલું છે તેમાં અર્ધમંડપમ્ અને રંગવિમાનમ્ છે. તે રાજા મહેન્દ્રન્ થિરૂવિથી નામે ઓળખાય છે. તે રાજ રાજા બીજાના પુત્ર મહેન્દ્ર (ઈ.સ. ૧૦૬૦-૬૩)એ પહેલા અને બીજા પ્રવેશદ્વારનો કિલ્લો બંધાવ્યો હતો. પહેલાં પ્રવેશદ્વાર પછીનો સરસ રસ્તો પણ આ ચોળ રાજવીએ બંધાવ્યાનું કહેવાય છે.

રાજા મહેન્દ્રન્ થિરૂવિથીમાં પહોંચવા માટે સાત પ્રવેશદ્વારો અને સાત દરવાજા વટાવીને મુખ્ય દક્ષિણના દરવાજાથી જઈ શકાય છે. દરેક દરવાજા ઉપર સુશોભિત ગોપુરમ્‌ની રચના જણાય છે. શ્રી અઝહીય (ગાયક) જિર સ્વામીગલ નામના અહોબીલ મઠના વૃદ્ધે પોતાના મજબૂત સ્કંધો ઉપર આ મહાન ભવ્ય અને આકર્ષક રાજગોપુરમ્‌ને સંપૂર્ણ કરવાની જવાબદારી લીધી.

ત્રણસો વર્ષ પહેલાં નાયક રાજ્યકર્તાઓએ આ મુખ્ય ગોરપુરમ્ અધૂરું મૂક્યું હતું. તેનાં મુખ્ય કારણોમાં મુસ્લિમ હુમલાખોરોએ તેમના આક્રમણથી વિઘ્ન ઊભું કર્યું તે હતું. જિર સ્વામીગલે આઠ વર્ષ પહેલાં આ મહાન કામ પૂર્ણ કરવાની જવાબદારી લીધી અને તે અદા પણ કરી. આ સિદ્ધિ કાંઈ નાની સરખી ન કહેવાય! આ રાજગોપુરમ્‌નું મહાસંપ્રોક્ષણમ્ ૧૯૮૭ના માર્ચની તા. ૨૫મીએ ઊજવવામાં આવ્યું.

આ વિમાન આશરે ૨૨૨.૫ ફૂટ ઊંચું છે. તેમાં ૧૩ ભૂમિકા છે. આ ભૂમિકાઓ ઉપર ૧૨.૫ ફૂટ ઊંચા કળશ મૂકવામાં આવ્યા છે. તેથી સમગ્ર વિમાનની ઊંચાઈ લગભગ ૨૩૬ ફૂટ જેટલી થાય છે એમ કહેવાય છે. આ ઊંચામાં ઊંચું વિમાન કે ગોપુરમ્ છે. તેના ઉપર ચઢવા માટે પગથિયાં કરવામાં આવ્યાં છે. છતાં અર્વાચીન જગતનાં લક્ષણો પ્રમાણે

સ્વર્ગીય વિમાન સુધી પહોંચવા માટે 'લિફ્ટ' મૂકવાનો ઇરાદો રાખવામાં આવ્યો છે. ટોચ ઉપર જઈને શ્રીરંગમ્ મંદિરના અનેક વિભાગો તેમજ ૨૧ મંદિરોનાં શિખરો, સમગ્ર નગર, કાવેરી નદી, ત્રિચીના ખડકના કિલ્લાની અંદરનું મનોરમ દૃશ્ય બતાવતું પ્રાકૃતિક સૌન્દર્ય અને સુવર્ણ રંગવિમાનમ્ જોઈને દિઙ્મૂઢ થઈ જવાય છે.

ગાયક શ્રીમત્ અઝહિય જિર સ્વામીગલ કે જે અહોબીલ મઠના છે તેમણે આકાશચુંબી રાજગોપુરમ્ ૨૩૬ ફુટ ઊંચું બાંધવાનું મુશ્કેલ કામ હાથમાં લીધું હતું. પોતાના આ કાર્યમાં મંદિરના વહીવટકર્તાઓ, સામાજિક સંસ્થાઓ અને શંકરાચાર્ય આંદવ સ્વામીગલ ઉપરાંત પરગજુ ભક્તોનો સહકાર તેમને સાંપડ્યો હતો.

લગભગ ૯૦ વર્ષના વૈષ્ણવ ધર્માધિકારી કે જેનામાં શક્તિ અને ઉત્સાહનો ધોધ હતો તેમણે મોટી જવાબદારી લીધી અને સમગ્રપણે દૈવી પ્રેરણા અને દૃઢ મનોબળથી આ કઠિન કામ પૂરું કર્યું, કારણ તેમને સ્વપ્નામાં ભગવાન શ્રી રંગનાથે હુકમ કર્યો કે, 'આ વિમાન જે વર્ષોથી અધૂરું રહેલું છે તેને તારે સંપૂર્ણ કરવું.'

આવા પવિત્ર કામ માટે માત્ર ટહેલ નાખવાથી પૈસાનો ધોધ વહેવા માંડ્યો. ઉપરાંત રાજ્ય સરકાર, જાહેર તેમજ ધાર્મિક સંસ્થાઓ અને વ્યક્તિગત ભક્તજનો પાસેથી મદદ મળવા લાગી. જિર સ્વામીગલનો પોતાનો આર્થિક ફાળો બીજા બધાની મદદ કરતાં વિશેષ હતો.

આ મંદિરનો મુખ્ય રસ્તો પ્રવેશદ્વારથી પાંચ, છ અને સાતમા પ્રકારમાંથી પસાર થાય છે; તેમાં દુકાનો, નાની નાની હાટડીઓ રસ્તાની બેઉ બાજુએ છે. આ ત્રણ પ્રકારોમાં મુખ્યત્વે મંદિર સાથે સંકળાયેલાં લોકોનાં નિવાસસ્થાન છે.

સાતમા પ્રાકારના નૈર્ઋત્ય કોણમાં આંદલનું વિશાળ મંદિર આવેલું છે. આ મંદિર ચોળ શૈલીમાં બંધાયેલું છે. છઠ્ઠા પ્રાકારના અગ્નિકોણમાં 'માનવલ મામુનિગલ'નું મંદિર છે. આ બહારના પ્રકારને ઓળંગીને 'નાન્મુગ ગોપુર વાસલ'માં જઈ શકાય છે. અહીંથી જ પવિત્ર સ્થળની શરૂઆત થાય છે તેને કારણે દર્શનાર્થીઓએ પોતાનાં ચંપલ-બૂટ બહાર કાઢીને અંદર પ્રવેશ મેળવવો પડે છે.

નાન્મુગગોપુર વાસલમાં પ્રવેશતાં જ રંગવિલાસમંડપમ્ જાણે મુલાકાતીઓને આવકારે છે. આ સ્થળ અકલંકન વાસલથી પણ ઓળખાય છે. આ મંદિરોનું પાંચમા પ્રાકારમાંથી દર્શન કરી શકાય છે. પાંચમા પ્રાકારમાં વેણુગોપાલનું મંદિર છે. તેની દક્ષિણ બાજુએ સુંદર કલાકૃતિઓ કંડારેલી છે. આ તમામ આકૃતિઓ ઉપસાવીને કરેલાં શિલ્પોની છે. કલાદૃષ્ટિ વગરનો માનવી પણ આ શિલ્પોની પ્રશંસા કર્યા વગર રહી શકતો નથી. આ મંદિર હોયશલા રાજાઓના રાજ્યકાળ દરમ્યાન તૈયાર થયેલું છે. અહીં નોંધનીય શિલ્પાકૃતિઓમાં વીણાવાદન કરતી સ્ત્રી, પોપટ સાથે ક્રીડા કરતી સ્ત્રી, લજ્જાયુક્ત સ્ત્રી, દર્પણમાં જોઈને તિલક કરતી સ્ત્રી વગેરે છે.

આ ઉપરાંત મંદિરના સંગ્રહાલયમાં ધાતુ અને હાથીદાંતની ઘણી કલાકૃતિઓ છે. જૂના રાજવંશના સિક્કાઓ, જૂના જમાનાના યુદ્ધનાં શસ્ત્રો છે. સુંદર સુશોભિત આકૃતિઓવાળા સ્તંભો શેષરાય મંડપમ્માં જોઈ શકાય છે. આ મંદિરની સામેની બાજુએ હજાર થાંભલાવાળો ઓરડો છે.

નાન્મુગ ગોપુર વાસલમાંથી શ્રીરંગનાથમાં ધ્યાનમગ્ન પ્રફુલ્લિત ભક્તજનો કાર્થિગલ ગોપુરમ્માં દાખલ થાય છે. આ દરવાજામાંથી પસાર થતાં એક ભવ્ય મંડપ આવે છે, જ્યાં ભગવાન વિષ્ણુના વાહન ગરુડની ભવ્ય મૂર્તિનાં દર્શન થાય છે. અહીં ભક્ત ગરુડ પોતાના ભગવાન શ્રી રંગનાથની બે હાથ જોડીને અંજલિ મુદ્રામાં ભક્તિ કરતા નજરે પડે છે. આ ગરુડમંડપમાં સોળ થાંભલાની ચૌદ પંક્તિઓ છે, પરંતુ મધ્યમાં દસ થાંભલાની બે હાર છે. સમગ્રયા આ મંડપમાં ૨૧૨ થાંભલા છે. મધ્યમાં જે સ્તંભો છે તેની ઉપર નાયક રાજાઓ (સત્તરમા સેકા)ની શિલ્પાકૃતિઓ શોભે છે. ગરુડ મંદિરની બહારની દીવાલમાં જ ગોખ છે તે ઘટપલ્લવની શિલ્પાકૃતિઓથી શોભે છે. આ મંડપ સમગ્ર મંદિરમાં સૌથી આકર્ષક જણાય છે.

કાર્થિગલ ગોપુર વાસલમાં પ્રવેશતાં જ ડાબી બાજુએ નામઅલ્વરનું મંદિર છે. તેમની જમણી બાજુએ તિરૂકાચી નાંબી મંદિર છે, જે સૂર્ય પુષ્કરણીને અડીને આવેલું છે. અહીંથી આર્ય ભટ્ટલ વાસલમાં જઈ શકાય છે. વાયકા છે કે કેટલાક આર્યભટ્ટો (સંતોના અનુચરો)એ મોટાં મોટાં દાન આપેલાં હતાં. ભગવાન તેનો સ્વીકાર કરે ત્યાં સુધી તેઓની અહીં સંભાળ રખાતી. અહીં હિંદુ સિવાયની બીજી કોમોને પ્રવેશ આપવામાં આવતો નથી. પરંતુ આ સિવાયના બીજા ભાગમાં બધી કોમો છૂટથી હરીફરી શકે છે.

કુલશેખર તિરૂવિથીના મધ્યભાગમાં ધ્વજસ્તંભ છે. ઉપરાંત બલિદાન માટેની વેદી છે. અ બંને સોનાનાં પતરાંથી મઢેલાં છે. ધ્વજસ્તંભની ડાબી બાજુએ દેવી સરસ્વતી, ભગવાન હયગ્રીવ અને વિષ્ણુનાં દશાવતારની પ્રતિમાઓ છે.

નાઝીકેતન વાસલમાંથી પસાર થઈને ભગવાનના ગર્ભાગાર પાસે દર્શન માટે જઈ શકાય છે. અહીંથી રાજા મહેન્દ્રન્ તિરૂવિથીમાં જવાય છે. ત્યાં બીજો મંડપ છે. આ બીજા મંડપની દક્ષિણ અને પશ્ચિમે - દીવાલની બાજુએ અડીને ઊંચા ઓટલા કરવામાં આવ્યા છે અને તેના ઉપર કોઠાર ભરવાના ઓરડાઓ ચણાવેલા છે. અહીંના ખૂણાઓમાં મોટા અરીસા મૂકેલા છે. જ્યારે ભગવાનનો વરઘોડો - શોભાયાત્રા નીકળે ત્યારે ખૂબ ગિરદીને કારણે સુગમતાથી ભગવાનનાં દર્શન આ અરીસા દ્વારા થઈ શકે.

મંદિરના નૈર્ઋત્ય કોણમાં ભગવાનના ખજાના માટેનો મજબૂત

તિજોરી જેવો ઓરડો છે. તેમાં સોનાનાં વાસણો, કિંમતી રત્નજડિત સોનાનાં આભૂષણો, હીરા તથા રત્નજડિત સોનાના અગણિત મુકુટો છે. ભગવાનનાં શ્યામ મખમલનાં વસ્ત્રો જેમાં કિંમતી મોતી, રત્નો ભરતકામમાં ગૂંથેલાં છે. ગળાના હાર, લોકિટ, બાજુબંધ વગેરે કિંમતી પથ્થરોથી શોભી રહ્યાં છે. ભગવાનનો આ ચાલુ વપરાશનો ખજાનો !

અહીંથી આગળ પશ્ચિમ બાજુએ જતાં ઉત્તર બાજુએ મહામંડપનાં પગથિયાં આવે છે. તેમાં રાજા વિજયરંગા ચોક્કનાથ નાયકના સમગ્ર રાજવી કુટુંબના સભ્યોના નાટકનાં મૂક દશ્યો જેવી પ્રતિમાઓ છે. તે કાચના કબાટમાં સુરક્ષિત છે. દંતકથા એવી છે કે રાજવી કુટુંબના સભ્યો સમયસર દર્શનાર્થે નહીં આવતાં તેઓને દર્શન માટે રાહ જોવી પડતી હતી. આથી આજે પણ આ મંદિરમાં દર્શન માટે સમય બરાબર પાળવામાં આવે છે. તેથી મોડા આવનારને બંધ બારણાનાં દર્શન કરવાં પડે છે.

વાયવ્ય કોણમાં યજ્ઞશાળા અને ત્યાંથી ઉત્તરની બાજુએ 'તિરૂવનાઝી' પવિત્ર કૂવો છે. આ કૂવા પાસેથી પસાર થતાં ઉપસાવીને કરેલી શિલ્પાકૃતિવાળી ધાતુની એક ગોળ તાસક જેવું ભોંયતળિયાના પથ્થરમાં જડેલું છે. તેના ઉપર ઊભા રહીને ભગવાન શ્રીકૃષ્ણ અને અનન્તનાં શિલ્પો, મંદિરની ટોચ ઉપરના સુવર્ણના રંગવિમાનના ગોળમાં મૂકેલાં જોઈ શકાય છે. ત્યાર બાદ ઈશાનકોણમાં સેનાઈ મુદલિયાર અને વિભિષણનું નાનકડું મંદિર આવે છે. પૂર્વ તરફના પ્રવેશદ્વારની જમણી બાજુએ જે દરવાજો છે ત્યાંથી મહામંડપ અને મંદિરમાં જઈ શકાય છે. તેની ડાબી બાજુએ અર્જુનમંડપ છે. આ મંડપનાં થોડાં પગથિયાં ચઢતાં તુલુક્ક નાચિયાર સન્નધિ અને સેરકુલવલ્લિ નાચિયાર સન્નધિમાં જઈ શકાય છે અહીંથી આગળ અર્થાત્ આ મંડપથી નીચેના ભાગમાં કિલિમંડપમ્ છે. આ ભાગમાં પિંજરની અંદર પોપટ રાખવામાં આવેલા છે, જેઓ પવિત્ર નામ 'રંગ'નું રટણ સતત કર્યા કરે છે. નૈર્ઋત્ય કોણમાં કૃષ્ણ સન્નધિ છે અને તેની પાસે દર્પણગૃહ છે, જે બતાવે છે કે રાજા મહેન્દ્ર તિરૂવિથીનો અંત આવી ગયો.

ભગવાન શ્રીરંગનાથની દિવ્ય મૂર્તિનું સૌન્દર્ય અકથ્ય છે. અહીંથી ભક્તને ખસવાનું મન થાય; થોડો વધુ વખત રોકાઈને ભગવાનના પવિત્ર સાન્નિધ્યમાં તરબોળ થઈ જવાનું મન થાય તેમજ ફરીફરીને આ પવિત્ર ધામમાં દર્શનાર્થે આવવાનું પ્રલોભન થાય તેવું વાતાવરણ છે. ભગવાનની મંત્રમુગ્ધ કરે તેવી આ મોહિની છે. તેના જેવું જ આકર્ષણ શ્રીરંગ નાચીયારનું છે. તેમની દિવ્ય શક્તિનું મંદિર અન્ય પ્રાંગણમાં છે.

સામાન્ય રીતે વૈષ્ણવો પહેલાં શ્રીરંગ નાચીયારના મંદિરમાં જાય છે. તેમના આશીર્વાદ મેળવીને પછી જ ભગવાન શ્રીરંગનાથના દર્શને જાય છે. (આવતા અંકે પૂરું)

ધ્યાનકથા

જૈસે થે....!

—બહાદુરભાઈ જ. વાંક—

વર્ષો સુધી ધ્યાન-સાધનામાં ઓતપ્રોત રહેનાર એક સાધકે ગુરુ બજુવાને કહ્યું : 'હું છેલ્લાં દસેક વર્ષથી ધ્યાન કરું છું, અને મોટા ભાગનો સમય આત્મચિંતનમાં જ પસાર કરું છું, છતાં હજી સુધી મને ન થયો ધ્યાનનો કશો અનુભવ કે ન મળી શક્યું કશું આંતરિક સુખ. ઊલટાનું મારું ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયું છે. એટલે હવે હું આ ધ્યાનસાધના જ છોડી દેવા માગું છું.'

'મિત્ર, જે પ્રવૃત્તિ તમારે છોડી જ દેવી છે, એમાં મને કહેવા શું કામ આવ્યા ? હું તો કહું છું કે તાત્કાલિક તમારી ધ્યાન-સાધના બંધ કરી દો...' ગુરુ બજુવાએ કહ્યું.

'ધ્યાન-સાધના છોડતાં પહેલાં હું આપની પાસેથી ફક્ત એટલું જ જાણવા માગું છું કે આમાં મારી ક્યાં ચૂક થઈ હશે? શા માટે મને સુખ-શાન્તિનો સહેજ પણ અનુભવ ન થઈ શક્યો?' સાધકે ફરી પ્રશ્ન કર્યો.

ગુરુ બજુવા બોલ્યા : 'મિત્ર, હું તમને શું કહું ? જે કામ માત્ર દસ સેકન્ડમાં કરવાનું હતું, એના માટે તમે દસ વર્ષ લીધાં ! પછી તમે કેવી રીતે સફળ થઈ શકો?'

સાધકે દલીલ કરી : 'જે કામ હું દસ વર્ષમાં ન કરી શક્યો, એ માત્ર દસ સેકન્ડમાં હું કેવી રીતે કરી શકવાનો હતો?'

'દસ વર્ષમાં તમે દસ સેકન્ડનો પણ સત્યનો સાક્ષાત્કાર ન કરી શક્યા, પછી હું તમને કેવી રીતે સમજાવી શકું કે ધ્યાન એ છલાંગ છે, સમયની બહારની !!'

'તો મારી દસ વર્ષની સાધનાનું શું કંઈ મહત્ત્વ નહીં?' સાધકે પૂછ્યું.

'મહત્ત્વ તો એટલું જ કે દસ વર્ષ પછી પણ તમને એટલી તો ખબર પડી કે તમે માત્ર કસરત જ કરી રહ્યા હતા....' ને જરા હસતાં હસતાં ગુરુએ ઉમેર્યું: 'હવે કસરતમાં છેલ્લે જે આદેશ આપવામાં આવે છે, એનું જ તમારે પાલન કરવું રહ્યું - આરામ... જૈસે થે !!'

'આપ તો મારી મજાક ઉડાવી રહ્યા હો તેવું જ મને લાગે છે.' સાધકે નિરાશા અનુભવતા કહ્યું.

ને ગુરુ મર્મમાં ઉવાચ : 'દસ વર્ષ સુધી તમે તમારી ખુદની મજાક ઉડાવી એનું શું?' □

વિજ્ઞાન

પ્રહ્લાદ છ. પટેલ

બંગાળ ક્રાંતિકારીઓની ભૂમિ. તેમાં સંસ્કૃતિ અને સંસ્કારોના મહાનગર કલકત્તાની પૂર્વે જે. (બી) એસ. હલ્ડેન એવન્યૂ ઉપર વિશાળ વિજ્ઞાનનગર (Science City)આવેલું છે. આ વિજ્ઞાનનગરનું વિસ્તારપૂર્વક વર્ણન કરીએ તે પહેલાં શા માટે આવું નગર કલકત્તામાં અને શા માટે તે સ્થળને જે. એસ. હલ્ડેન એવન્યૂ કહે છે તે જોઈએ.

કલકત્તામાં વિજ્ઞાનનગરનું આયોજન બિલકુલ સમુચિત ખ્યાલ છે, કારણ કે આ શહેર છેલ્લાં સાડા ત્રણસો વર્ષથી વિજ્ઞાનનો સઘન વારસો ધરાવે છે. આ શહેરે સમગ્ર ભારતમાં આધુનિક વિજ્ઞાનના સંસ્કારો અને મિજાજનું ધરુવાડિયું તૈયાર કર્યું છે. આ શહેરે છેલ્લા બે સૈકામાં એવી હસ્તીઓ આપી છે કે ખુદ એક રાષ્ટ્રિય સંસ્થા અથવા યુનિવર્સિટીને છાજે તેવું વિજ્ઞાનનું પ્રદાન કર્યું છે. કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ આશુતોષ મુખરજી અને ડૉ. મહેન્દ્રનાથ સરકાર પોતે વ્યવસાયે વિજ્ઞાની ન હતા, પણ વિજ્ઞાનના છોડવાઓને ખાતર-પાણી આપી વટવૃક્ષ તૈયાર કર્યાં છે. જગદીશચંદ્ર બોઝ પ્રથમ ભૌતિક અને બાદમાં જીવવિજ્ઞાની, પ્રફુલ્લચંદ્ર રોય અઠંગ રસાયણશાસ્ત્રી, સર ચંદ્રશેખર રામન ભૌતિકવિજ્ઞાનના નોબેલ પુરસ્કાર વિજેતા, પ્લાઝમા ભૌતિકવિજ્ઞાનનો પાયો નાખનાર મેઘનાદ સહા; આઈન્સ્ટાઈનની હરોળમાં આવતા (બોઝ-આઈન્સ્ટાઈન સ્ટૅટિસ્ટિક્સવાળા) સૈદ્ધાંતિક ભૌતિકવિજ્ઞાની સત્યેન્દ્રનાથ બોઝ; પ્રથમ ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક અને પાછળથી આંકડાશાસ્ત્રમાં ભારે યોગદાન કરનાર ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક પ્રશાંતચંદ્ર મહાલનોબીસ જેવી વિશ્વસ્તરની હસ્તીઓએ કલકત્તાને દીપાવ્યું છે. જગદીશચંદ્ર બોઝ કવિ અને દાર્શનિક પ્રકૃતિને કારણે તે નિર્જીવ (ભૌતિકશાસ્ત્ર) ઉપરથી સજીવોનાં વિજ્ઞાન તરફ વળ્યા અને તે પ્રથમ જીવભૌતિકશાસ્ત્રી બન્યા. ઉપરાંત ભૌતિકશાસ્ત્રીઓ દેવેન્દ્રનાથ બૉઝ, શિશિરકુમાર મિશ્રા, રસાયણશાસ્ત્રીઓ પ્રફુલ્લચંદ મિશ્રા, જ્ઞાનેન્દ્ર મુખરજી, પ્રિયરંજન રે, ભુપેન્દ્રનાથ ઘોષ, વનસ્પતિ-વિજ્ઞાનીઓ સાહની-દંપતી, પંચાનન મહેશ્વરી અને કાલા જ્વરના અભ્યાસી અને ઉપચારક ઉપેન્દ્રનાથ બ્રહ્મચારીએ ખૂટતા રંગો પૂરી કલકત્તાને બૌદ્ધિક રીતે સોહામણું બનાવ્યું છે ૧૮૨૨માં દ્વારકાનાથ બસુએ શરૂ કરેલી મેડિકલ કૉલેજ; ખગોળ, ભૂસ્તર, ભૌતિક અને ઇજનેરી અભ્યાસક્રમોને આવરી લેતી પ્રેસિડેન્સી કોલેજ અને ડૉ. મહેન્દ્રલાલ સરકારે વિજ્ઞાનક્ષેત્રે સંશોધન કરવા ૧૮૭૬માં સ્થાપેલ ઇન્ડિયન એસોસિએશન ફૉર કલ્ટિવેશન ઑવ સાયન્સીસ (I.A.C.S.) નામની સંસ્થાઓ કલકત્તાની કલગીઓ છે. આ



રીતે વિજ્ઞાનનગર માટે કલકત્તાની પસંદગીમાં ભારોભાર ઔચિત્ય રહેલું છે.

વિજ્ઞાનનગરને જે. એસ. હલ્ડેન એવન્યૂ તરીકે શા માટે ઓળખવામાં આવે છે? જે. (બી). એસ. હલ્ડેન (૧૮૯૨-૬૪) ઑક્સફર્ડમાં જન્મેલ બ્રિટિશ જીવરસાયણ વિજ્ઞાની (Bi. chemist)અને જનિનવિદ્ (Genetist) હતા. ગણિતશાસ્ત્ર, જીવ-રસાયણ અને શરીરક્રિયા વિજ્ઞાનના ક્ષેત્રે નોંધપાત્ર સંશોધન કરેલ છે; તેમણે ગાણિતિક ઉત્ક્રાંતિ સિદ્ધાંતનો પાયો નાખ્યો; પાદડાંઓમાં મળી આવતા વિવિધ જનિની રંગોનો અભ્યાસ કર્યો. બ્રિટનની નીતિથી અને અમેરિકન લશ્કરી ટુકડીઓની હાજરીથી અસંતુષ્ટ હલ્ડેને ૧૯૫૭માં બ્રિટન છોડી કાયમ માટે ભારતમાં વસવાટ કર્યો. તે દરમ્યાન ઉત્સેચક, (enzyme), આનુવંશિક વિદ્યા અને જનીનવિદ્યા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી છે. વિજ્ઞાનના ક્ષેત્રે ડઝનેક મનનીય પુસ્તકો લખી અંતે ૧૯૬૪ના ડિસેમ્બરની પહેલી તારીખે ભુવનેશ્વર ખાતે અંતિમ શ્વાસ લીધો. આ રીતે વિજ્ઞાનનગરની જે. એસ. હલ્ડેન ઍવન્યૂ તરીકેની ઓળખ ઉચિત છે.

બહેતરીન આવતી કાલ માટે આ વિજ્ઞાનનગરની રચના થઈ છે. તે વિજ્ઞાનરસિયાઓને ઉદ્દીપક અને ઉત્તેજનાત્મક પર્યાવરણ પૂરું પાડે છે. આ નગરનું વિજ્ઞાન આમપ્રજાને રમૂજ, આનંદ અને ઉત્તેજના પૂરાં પાડે છે.

નેશનલ કાઉન્સિલ ઑવ સાયન્સ મ્યૂઝીઅમ (N.C.S.M.)ના ઉપક્રમે આ વિજ્ઞાનનગરનું આયોજન થઈ રહ્યું છે. અમદાવાદના વિક્રમ સારાભાઈ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર, બૅંગલોરના વિશ્વેસરૈયા ટેક્નિકલ મ્યૂઝીઅમ, કલકત્તાના બિરલા ટેક્નિકલ મ્યૂઝીઅમ, રાષ્ટ્રિય ઉદ્યાનો, પ્રાણીસંગ્રહાલય એ આ વિજ્ઞાન નગરના ઘટકો જેવા લાગે. વિજ્ઞાનનગરની રચના માટે પ્રારંભમાં રૂ. ૧૦૦ કરોડનું બજેટ મંજૂર કર્યું. પણ ભડ સરકારે ભટ લઈને પચાસ ટકાનો કાપ મૂક્યો!

વિજ્ઞાનનગર બિલકુલ સુયોજિત સ્વચ્છ અને સુંદર. તેના

પ્રવેશદ્વાર આગળ મહાકાય ડિનોસર (અલબત્ત પ્રતિકૃતિ) મોં ફાડીને ઊભું ઊભું આગંતુકોનું સ્વાગત કરે છે. બધે જ રૂપાળી હરિયાળી લૉન અને તેમની વચ્ચે માર્ગો ઉપર પથ્થરની કલાત્મક ગોઠવણી. આ નગરની પૂર્ણતા માટે હજુ ઘણું કામ બાકી છે. અત્યારે તો વિજ્ઞાનનગરમાં નીચેના વિભાગો જોવા મળે છે :

(૧) સંગીત-ફુવારો (૨) જીવંત લાગતા ડિનોસર (૩) પક્ષી અને પતંગિયાં (૪) થોર (૫) વિજ્ઞાન (૬) અવકાશ ઉદ્યાન ઑડિસી (૭) ડાયનેમોશન (૮) બાળકોને આરોહણ કરવા માટે નાની નાની ટેકરીઓ (૯) ઉજાણીઘર (૧૦) ઉપહાર-ગૃહ.

વિજ્ઞાનનગર બિલકુલ સ્વચ્છ, શાંત અને સુરમ્ય. તેના પ્રવેશદ્વાર આગળ મહાકાય ડિનોઝર મોં ફાડીને ઊભું છે. તેનું મૌન મુલાકાતીઓનું સ્વાગત કરે છે. પ્રવશેદ્વારની જમણી તરફ સંગીત ફુવારો છે. પાણીના છીછરા હોજમાં સંગીતવાદકોનાં પૂતળાં ગોઠવ્યાં છે. દરેકની પાસે અલગ અલગ વાજિંત્ર છે અને પાણીના દબાણને આધારે દરેક વાજિંત્ર કામ કરે છે. વિજ્ઞાન અને સંગીતનો અનોખો સમન્વય અને તેમાંથી પેદા થતો સૌંદર્ય-ભાવ નાના-મોટા સૌકોઈને માટે મનોહર છે.

પ્રવેશદ્વારની ડાબી બાજુએ રંગ-બેરંગી પક્ષીઓ, પતંગિયાં અને ભાતભાતના થોર જોવા મળે છે. એમાં કેટલાક આછા ગુલાબી અને નારંગી પણ ખરા.

સંગીત ફુવારાથી થોડેક આગળ નમૂનેદાર શિલ્પવાળું વિશાળ મકાન. તેની દીવાલ ઉપર મોટું ચિત્ર છે. તે ચિત્રમાં સૂર્ય છે જે પ્રકાશનાં તીર છોડીને અંધકારના રાક્ષસને ભગાડે છે. આ ચિત્ર હૂબહૂ અને પ્રતીકાત્મક છે. આ મકાનની અંદર નાનાં-મોટાં વિવિધ પ્રકારનાં રોબોટ-ડિનોસર્સ. રોબોટ જે રીતે માણસની યાંત્રિક પ્રતિકૃતિ છે તેમ આ બધા ડિનોસર્સ કૃત્રિમ છે. તેમની અંદર વૈજ્ઞાનિક ઢબે સજીવારોપણ કરવામાં આવ્યું છે. આ ડિનોસર્સ પોતાની લાંબી ડોક હલાવે-ફેરવે, ઊંચી-નીચી કરે અને મોં પણ ફાડે. તેમનાં મોંમાંથી ઘુરકિયાં કરતો અવાજ બહાર આવે છે. પૂંછડીનો ભાગ પટપટાવે પણ ખરાં. તે દોડતાં નથી પણ પોતાને સ્થાને ઊભાંઊભાં આ બધી ગતિ કરે છે. જોનારને આબેહૂબ જીવતાં ડિનોસર દેખાય છે. ડિનોસરના શરીરના અંગોની ગતિ અને અવાજ વૈજ્ઞાનિક સિદ્ધાંતોને આધારે થાય છે. સમગ્ર મકાનમાં ઝાંખો પ્રકાશ અને મહાકાય ડિનોસર્સનું હલનચલન અને જંગલી અવાજ જોનારને દૂરના ભૂતકાળમાં ખેંચી જાય છે.

ડિનોસર એ આશરે ૧૩ થી ૨૦ કરોડ વર્ષ પહેલાંનું સરીસૃપ (reptile)જાતિનું રાક્ષસી ગરોળી જેવું પ્રાણી છે. અજ્ઞાત કારણોથી તેમનો ઘણાં વર્ષો પહેલાં વિલય થયો. આ સમયગાળામાં પૃથ્વી ઉપર સરીસૃપ જાતિનું સામ્રાજ્ય હતું. ડિનોસર્સનાં અશ્મિઓ (fossils)ના અભ્યાસથી વર્તાતી રચના, પૃથ્વીનો ઇતિહાસ વગેરે મળી શકે તેમ છે. માટે વિજ્ઞાનીઓને ડિનોસર્સના અભ્યાસમાં વિશેષ દિલચસ્પી છે. હમણાં દાહોદ પાસેથી ડિનોસરનાં ઈંડાં અને તેના અશ્મિઓની છાપ મળી આવી છે, જે તે વિસ્તારની ભૂ-રચના સમજવા મદદરૂપ થાય તેમ છે.

પક્ષીઓ, પતંગિયાં અને ડિનોસર્સના નિવાસથી થોડેક દૂર આવે છે વિજ્ઞાન-ઉદ્યાન. પ્રથમ નજરે તો લાગે બાલોદ્યાન કારણ કે તેની દરેક પ્રતિકૃતિ બાળકોમાં જિજ્ઞાસા પ્રેરે તેવી છે; પણ મોટેરાંને વિજ્ઞાનના કેટલાય સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ મળી રહે છે. રોજબરોજના વ્યવહારમાં વપરાતાં વૈજ્ઞાનિક ઉપકરણોના સિદ્ધાંતોને આ પ્રતિકૃતિઓ સાદશ્ય કરે છે. કોઈને મનોરંજન આપે છે તો કોઈની ચેતનાને જાગૃત કરે છે. ગમ્મત સાથે જ્ઞાનનો ખયાલ અહીં સાકાર થાય છે. સરકારના ભાર વિનાના ભણતરના ખયાલને યથાર્થ કરવા માગતી હોય તો આવી વિજ્ઞાન-ઉદ્યાન જેવી પ્રયોગશાળાઓની રચના કરવા કટિબદ્ધ થવું જોઈએ.

અવકાશ ઑડિસિ(Odyssey) વિભાગ અદ્ભુત છે. અવકાશ ઑડિસિ એટલે અવકાશની લાંબી જોખમકારક અને કષ્ટદાયક યાત્રાનું વર્ણન. આ વિભાગમાં સમયયંત્ર (time-machine)ની રચના અદ્ભુત છે. ત્રીસ બેઠકોવાળા મંચ ઉપર વ્યક્તિઓ ગોઠવાઈ જાય પછી તેના દરવાજા આપોઆપ બંધ થઈ જાય છે. મંચની સામે મોટો પડદો છે જેના ઉપર ચલચિત્ર રજૂ થાય છે. મંચ તે જ સ્થાન ઉપર રહે તે રીતે એવી ગતિ આપવામાં આવે છે કે વ્યક્તિ ડોલમડોલ થાય, ધકેલાય અને આંચકા અનુભવે છે. આ સાથે પડદા ઉપર ચિત્રો રજૂ થતાં જાય છે. ઇજિપ્તનાં પિરામિડો અને ગ્રીસનાં સ્મારકો વચ્ચે થઈને વ્યક્તિ પસાર થતી હોય તેવું લાગે. અવકાશયાનમાં બેસીને અંતરિક્ષમાં જતા હોઈએ તેવો એહસાસ થાય. કોઈને પણ આ અનુભવ અતિ રોમાંચક લાગે છે.

આવું તો બીજું ઘણું છે જે ઘણાએ માત્ર વાંચ્યું જ છે અને તે અહીં જોવા મળે છે, જેમ કે અવકાશ ટનલ, ભૂકંપની ધ્રુજારી, જ્વાળામુખીનો પ્રકોપ, સાપેક્ષવાદ અને કમ્પ્યૂટરની કરામતો.

ડાઈનેમોશન(ઝડપી ગતિ) વિભાગમાં પ્રશિષ્ટ (કલાસિકલ)થી ક્વૉન્ટમ ભૌતિકવિજ્ઞાનના સિદ્ધાંતોને દશ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે. કઠિન સિદ્ધાંતોનું એવું તો સરળ નિર્દેશન છે કે જે દિમાગમાં ઘર કરી જાય. દરિયાનાં મોજાં, પાણીનાં વમળો, ઘર્ષણ વિનાની ગતિ માટેનો હવા-પથ (air-track), જેના ઉપર પગ મૂકતાંની સાથે સરકી પડાય તેવી સરી જતી રેતી (quick-sand)વગેરે તો નજરોનજર જોવામાં આવે કે અનુભવવામાં આવે ત્યારે જ વિજ્ઞાનનગર દિલમાં વસે.

(અનુસંધાન પૃ. ૩૫૮)

સ્થિર નદી, સરતાં નીર

પ્રીતિ સેનગુપ્તા

વહાણમાંથી પહેલું ઉતરાણ -

દરેક જહાજ-સફર દરમિયાન પ્રથાગત યજમાનગીરીની જેમ બધાં પ્રવાસીઓને એક નિયત નિમંત્રણ અપાતું હોય છે. તે છે વહાણના કપ્તાન તરફથી મળતું આવકાર-ભોજન. એ એક જ વાર કપ્તાન પ્રવાસીઓ સાથે ભોજન-ખંડમાં હળેમળે, અને જમે પણ. કપ્તાનના ટેબલ પર બેસવાનું ઈજન તો બહુ જ સ્પેશિયલ ગણાય, અને એ રાતે ભોજન પણ સરસ મિજબાની જેવું હોય.

આખા ભોજન-ખંડને સુશોભિત કરવામાં આવેલો - ગુલાબી ટેબલ-ક્લૉથ, ગુલાબી નૅપકિન અને ચોતરફ દીવાલો પર ગુલાબી ઝીણી બત્તીઓના હાર લટકાવવામાં આવ્યા હતા. વચ્ચેના ટેબલ પર મોટા થાળામાં વિવિધ ખાદ્ય-સામગ્રીઓ ગોઠવીને, કલાત્મક રીતે, રંગરંગીન પતંગિયું ઉપસાવાયું હતું. આજુબાજુ છ બીજી તશ્તરીઓમાં 'શીત-ખાદ્ય' - સલાડના પ્રકારનાં - મૂકેલાં હતાં. ભોજનની યાદીમાં સાત શીતળ અને નવ ઉષ્ણ પદાર્થો ગણાવાયા હતા. એમાંથી બે શીતળ અને એક ઉષ્ણ ચીજ હું ખાઈ શકું તેમ હતી. બીજી બધી ચીજોમાં કોઈ ને કોઈ જાતની બિન-શાકાહારી વસ્તુઓ ભેળવાયેલી હતી. પણ એ સિવાય જુદી સાત કે આઠ વાનગીઓ મારે માટે ખાસ બનાવવામાં આવેલી.

એ લોકોએ ખરેખર મારું ધ્યાન રાખેલું. ખૂબ મૉજથી મેં બ્રૉકોલી, વટાણા વગેરે તાજાં શાક ખાધાં અને તળેલી કમળ-કાકડીનાં પીતાં માણ્યાં. એમનો સ્વાદ તો જાણે કડક તળેલી અળવી જ જોઈ લો. સાથે ગળ્યું પણ મળ્યું. લો, આજે તો ફાવ્યાં ! કેકનો ટુકડો મેં ખાધો, અને એક ચીની મીઠી વાનગી. લાલ મોટા ચૉળાનું ગળ્યું પૂરણ ભરેલા ઑલાઝૉલા જેવી જ એ લાગી. વળી, લાલ ગળી ચીની સુરા પણ અખૂટ હોય તેમ પિવાઈ રહી હતી. એ પણ કપ્તાન દ્વારા અપાતા સત્કાર-ભોજનનો પ્રથાગત અંશ હતી.

યુવાન કપ્તાન હસમુખા હતા અને અમને સરળ લાગ્યા. દરેક પ્રવાસીને આવકારવા હસતે મોઢે એ દરેક ટેબલ પાસે જતા ગયા. હસ્તધૂનન પણ કરતા રહ્યા. મને કહે, 'ભારત અને ચીન વચ્ચે બહુ જ સારા સંબંધ છે.' કદાચ એ મને કશી આસાયેશ આપવા માગતા હતા, પણ હું ક્યાં કદીય કોઈ વ્યક્તિને ભિન્ન જાતિની દૃષ્ટિએ ને કોઈ દેશને રાજકારણની દૃષ્ટિએ જોઉં જ છું તે! કપ્તાનનું નામ ચુએ હ્વા તાઈ હતું. મેં એ હાવર્ડ પાસે મારી નોટમાં લખાવી લીધેલું, નહીં તો ખ્યાલ જ ના આવત; કારણ કે લખાય અમુક અક્ષરોથી, પણ ઉચ્ચાર બીજા જ અક્ષરો જેવો થાય. પછી એક વાર વહાણના ચલન-કક્ષમાં કપ્તાન ચુએ મને મળી ગયેલા, ને ખૂબ શીઘ્ર, સરસ, પરિષ્કૃત રીતે અંગ્રેજીમાં મને 'હલો, હાઉ આર યુ?'- એમ પૂછેલું. એ પરથી તો એમ જ લાગેલું કે એમને અંગ્રેજી આવડતું હશે, પણ ખરેખર તો એ થોડું અંગ્રેજી જાણતા હતાક.

ધારેલા સમયથી અડધા કલાક વહેલાં વહાણ વાન શ્યાન શહેરના બારામાં આવી અટક્યું. અહીં અમારે ઊતરવાનું હતું, અને એક બે જગ્યાની મુલાકાત લેવાની હતી. વહાણમાંથી કિનારે પહોંચવા માટે પતરાંનાં પાટિયાંનો પુલ બનાવી દેવામાં આવ્યો. કિનારા પરનું સફેદ રેતીનું હોવું આંખને ગમ્યું, ને એની સુંવાળપનો સ્પર્શ પગને ગમ્યો. વહાણ પર સળગાવેલી પાવરફુલ 'ફ્લડ-લાઈટ'નો પ્રકાશ ઊંચે જતાં પગથિયાં પર પડતો હતો. એના પર ચઢીને રસ્તા પર પહોંચાતું હતું. શહેર તો નદી પરની ઊંચી ભેખડ પર વસ્યું હતું. હાવર્ડે મને કહેલું કે બસો પગથિયાં ચઢવાં પડશે. મેં નક્કી કરેલું તોય ગણવાનું ભૂલી ગઈ. કદાચ ઍંશીએક હશે, એમ લાગ્યું. ચારેક બસો રાહ જોતી ઊભી હતી. હું જેમાં બેઠી હતી તે બસ બે જ મિનિટમાં બંધ પડી ગઈ, ડ્રાઈવર પંદર મિનિટ સુધી મથ્યો, પણ ચાલુ થઈ નહીં. એટલામાં એક બસ બધાંને ઉતારીને પાછી આવી, ને પહેલાં અમને એક મ્યૂઝીઅમ પર લઈ ગઈ. મુખ્યત્વે એમાં હાન તથા મિન્ગ રાજવંશોના કાળની કબરો પ્રદર્શિત થયેલી હતી. કાળમીંઢ પાષાણ ગિરિ-ભિત્તિઓમાં ખૂબ ઊંચે, કોઈ અજીબ રીતે, એ બધી બનાવાતી. 'લટકતાં કફન' તરીકે એ જાણીતી થયેલી. મેં એમને વિષે સાંભળ્યું અને વાંચ્યું હતું. આજે એમના ફોટા તો જોવા મળ્યા.

મ્યૂઝીઅમની નાની દુકાનમાં હું આંટો મારતી હતી ત્યાં એક ચીની યુવક મારી સાથે વાતો કરવા માંડ્યો. ત્યાં એ એક જ અંગ્રેજી બોલનાર હતો, ને એ પણ સાવ થોડું જ બોલી શકતો હતો. એને ટૂરિસ્ટ-ગાઈડ બનવાની ઈચ્છા હતી, પણ એ માટે તો 'મારે ઘણું વધારે અંગ્રેજી શીખવું પડે,' એણે કહ્યું.પછી હસીને, વિવેકપૂર્વક નમીને એણે મને વિદાય આપી.

એ પછી અમે રેશમ-વણાટની ફૅક્ટરી જોવા ગયાં. વાન શ્યાનનો શિયાળો બહુ આકરો નથી હોતો. ઓછામાં ઓછું ઋતુમાન પાંચ ડિગ્રી સૅન્ટિગ્રેડ થઈને અટકે. પણ ઉનાળો બહુ ગરમ હોય છે. આગલા ઑગસ્ટમાં ઉષ્ણાંક ૩૯-૪૦° C સુધી પહોંચી ગયો હતો, એમ ગાઈડે કહ્યું. આવી ઋતુ મેપલનાં ઝાડ માટે ખૂબ સારી છે, ને તેથી જ વાન શ્યાન શહેરના પ્રદેશમાં મોટા પ્રમાણમાં ચિનાર વૃક્ષો સહેલાઈથી ઉગાડાયાં છે. રેશમના કીડાઓને ચિનારનાં પાન આપવામાં આવે છે. કીડા અને કોશેટાથી શરૂ કરીને રેશમ બનાવવાની આખી પ્રક્રિયા ત્યાં જોવા મળતી હતી. એ સિવાય, વણાટની

શાળો અને અગણ્ય બૉબિન પર ચડાવેલા રંગરંગીન રેશમી તારોવાળા મોટા મોટા ખંડ હતા. ઑટોમૅટિક મશીનવાળા ઓરડામાં ભારે ખખડાટ અને અવાજ થતા હતા. ત્રણ પાળીમાં રાત-દિવસ ચાલતી ફૅક્ટરીમાંના આવા ઓરડાઓમાં કામ કરતી છોકરીઓએ કાન પર પ્લગ પહેરેલા હતા.

અમે બહુ વાર ઊભાં ના રહી શક્યાં. સામે તૈયાર માલની દુકાન હતી. તાઈવાનીઓ તો ત્યાં જાણે તૂટી પડ્યાં. ઘણાં જણે રેશમી રજાઈઓ ખરીદી. જાડાં જાડાં દસ-બાર બંડલ થયાં, ને બસો એમનાથી જ ભરાઈ ગઈ! ફૅક્ટરીની નજીકમાં ભરાયેલા રાત્રી-બજારમાં ખાસ કશું રસપ્રદ નહોતું. થોડી લારીઓમાં માંસાહારની ચીજો મળતી હતી, ને છએક જેટલી લારીઓમાં સાધારણ ચીતરેલા પથ્થર વેચાતા હતા. અમને એ બજારમાં ૧૦-૧૫ મિનિટ ફાળવવામાં આવી હતી, ને વધારેની જરૂર પણ ના પડી!

આટલાંમાં રાતના અગિયાર વાગી ગયેલા, પણ હજી સ્થાનિક લોકો બહાર હરીફરી રહ્યાં હતાં. ચીનની આ સફરમાં, પહેલી જ વાર, રાત ઠંડી નહોતી. ઊલટું, હવામાંની જરાક શી ઠંડક સારી લાગતી હતી. ખુલ્લામાં ફરતાં જ નિરાંતે શ્વાસ લેવાતો હતો. પેલી દુકાનમાં ઘણાં લોકોથી પિવાતી સિગારેટોનો ધુમાડો અસહ્ય લાગ્યો હતો. વળી, રસ્તા પરનાં વાહનોમાંથી નીકળતી દૂષિત હવા પણ ગૂંગળાવતી રહેતી હતી. એ કારણે તરત મારું ગળું દુઃખવા માંડી ગયું હતું. 'નવા ચીન'માં પ્રગતિ અને આધુનિકતાના નામે જે પરિવર્તનો આવી ગયાં છે તેમાં આવાં, નુકસાનકારક તત્ત્વો પણ ઘણાં દાખલ થયેલાં છે. પાશ્ચાત્યપણા તરફ ખૂલી ગયેલી ચીનની ચેતના ક્યારેક પસ્તાવા પણ માંડશે, ને ત્યારે પુનઃ શાંતિ અને સાદગી પ્રતિ જવા માટે મોડું થઈ ગયું હશે.

એ રાતે વહાણ ત્યાં જ, વાન શ્યાનના બારામાં જ, ઊભું રહેલું, પણ એનું એન્જિન કે બીજું કોઈ મશીન ચાલુ હતું. મારી કૅબિનમાં એનો એટલો મોટો, અને સતત, અવાજ આવતો હતો કે મને થયું કે મારે બહાર ભાગી જવું પડશે. છેવટે મેં કાનમાં રૂનાં પૂમડાં ખોસ્યાં, ને માંડ માંડ ઊંઘી ગઈ. રાત દરમ્યાન કદાચ બેએક વાગ્યે - એ તુમુલ રવ-દંશ અટક્યો હતો, ને પછી ફક્ત એક મોટર ચાલવાનો લયબદ્ધ આછો અવાજ જ આવતો રહેલો.

સવારે સાડા છ વાગ્યે અલાર્મ વાગ્યું તો ખરું, પણ હું ફાળ ભરીને ઊઠી ના ગઈ. સરખી ઊંઘ થયેલી નહીં, એટલે આંખ પણ આટલી વહેલી ક્યાંથી ખૂલે! પણ લગભગ તરત જ હાવર્ડે કૅબિનના બારણા પર ટકોરા માર્યા. મારી તકેદારી રાખવાનું એ બિલકુલ ચૂકતો ન હતો. (ક્રમશઃ)

[લઘુકથા] બદલો [દુર્ગેશ ઓઝા]

ઓજસ સાગરકાંઠાની રેતીમાં વારંવાર મહેશનું નામ લખી કેતન માટે આશ્ચર્ય સર્જી રહ્યો હતો. એણે કહ્યું, આ શું કરે છે, દોસ્ત! મહેશ તો તારો કટ્ટર દુશ્મન, તો ય એ જાણે પ્રિયપાત્ર હોય એમ તું.... ? શું એ શત્રુ મટી તારો મિત્ર....!,

ઓજસ ખડખડાટ હસી પડ્યો. 'મહેશ.. ને મારો મિત્ર!?.. તો દોસ્ત, તું સમજ્યો નહિ મારી રમતને. માત્ર મહેશ જ નહિ, એનું નામ પણ મને દઝાડે છે. હું રેતમાં એનું નામ લખું-ના લખું ત્યાં તો મોજું આવી એને કચડી, ભૂસી નામશેષ કરી નાખે છે. એનું અસ્તિત્વ એક વાર નહિ, વારંવાર મટી જાય છે. ને હું દર વખતે અકથ્ય આનંદ અનુભવું છું.'

'ઓહ, તો તું આ રીતે બદલાનું ઝેર ઓકે છે? ઘૃણા પ્રગટ કરવાની તારી રીત તો ભઈ સૌથી ન્યારી! હું તો ભળતું જ સમજી બેઠો તો. પણ તારી યોજના તો મહેશને કાયમ માટે...'

'એય થશે, લાગ આવવા દે એટલી વાર. કોઈને ખબરેય નહિ પડે કે...' - દાંત કચકચાવી બોલી રહેલા ઓજસની વાતમાં મહેશ પ્રત્યેની કડવાશ તરી આવતી હતી.

એક અઠવાડિયા પછી ઓજસને રેતીમાં બીજું કશુંક ચીતરતો જોઈ, કેતને પ્રશ્નસૂચક નજર માંડી એટલે ઓજસે વાત શરૂ કરી...

'ખતમ કરી નાખ્યો એ શત્રુને; ન રહા બૉસ, ન રહી બાંસુરી'

'પણ ઓજસ, મને વાત પણ ન કરી ?!!'

'મૂરખ, કોઈને પતાવી દેવાનો હોય એનો ઢંઢેરો પીટવાનો હોય ?! ખેલ ખલાસ કરી નાખ્યો એનો. મારા દુશ્મનને મેં હમેશને માટે મિટાવી દીધો.' કહીને ઓજસે રેતીમાં પોતાનું નામ લખવા માંડ્યું ને થોડી ક્ષણોમાં જ કેતનનું આશ્ચર્ય બેવડાયું.

- મહેશ ધીરે ધીરે ઓજસની સમીપ આવી રહ્યો હતો. બંને એકમેકને પ્રેમસહ ભેટી રહ્યા હતા! □

અનુસંધાન] 'વિજ્ઞાનનગર' [પૃ. ૩૫૬થી

સિરિનગેટી (serengate)ની વાત જ જુદી છે. સિરિનગેટી ટાન્ઝાનિયા (આફ્રિકા)માં આવેલ રાષ્ટ્રિય ઉદ્યાન છે. તેનો વિસ્તાર ૧૪,૫૦૦ ચોરસ કિલોમીટર છે. તેમાં સિંહ, સાબર જેવાં પ્રાણીઓનાં મોટાં મોટાં ટોળાં, ઝિબ્રા વગેરે સંખ્યાબંધ જોવા મળે છે. આવડાં મોટાં ગીચ જંગલોમાં સિરિનગેટીને અહીં સાકાર કરવામાં આવેલ છે.

વિજ્ઞાનનગરના એક છેડે વૃક્ષોના સમાયોજન સાથે આરોહણ માટે ટેકરો તૈયાર કર્યો છે. તેનું અનુરક્ષણ દાદ માગી લે-તેવું છે. સમગ્ર રીતે જોતાં ટેકરો પરીપ્રદેશે જેવો લાગે છે. આવા ટેકરા ઉપર બાળકો આરોહણ કરે તયારે થાકનું નામ નહીં. તેને અડોઅડ નાનાં-મોટાં માટે ઉજાણીઘર તૈયાર કર્યું છે.

વિજ્ઞાનનગર હજુ પૂરેપૂરું તૈયાર થયું નથી. તેની રચનાનું કામ ચાલુ જ છે. પૂરું થશે ત્યારે કમ સે કમ ભારતીય સહેલાણીઓ માટે તો તે જ્ઞાન-વિજ્ઞાનની ઉપાસનાનું કેન્દ્ર બની રહેશે. □

સંગીતશાસ્ત્ર-૧૩

ડૉ. હસુ યાજ્ઞિક

તંતુનો કમાલ..

સંગીતના સપ્તકના વિકાસના મૂળમાં તંતુ છે, તાર છે. એને કારણે જ તો સંગીતના સ્વરો અને એના વિકૃત રૂપો પ્રકટ રૂપમાં જાણી શકાયાં. તંતુની લંબાઈમાં જેમ વધઘટ થાય છે તેમ તે તંતુને આઘાત આપીને ધ્રુજાવતાં તેમાંથી પ્રકટતા નાદની ઊંચાઈમાં, તેનાં સ્વરશ્રુતિમાં પણ ફેરફાર થાય છે. ભરતની સારણ-ચતુષ્ટયી વિશે આપણે આ પહેલાં જોઈ ગયા. અચલ વીણાના તાર સાત શ્રુતિમાં સ્વરમાં મેળવી, તેને મુખ્ય આધાર કે ધોરણ રૂપે રાખીને, તેની સરખામણીમાં બીજી ચલ વીણાના તારની શ્રુતિઓને નીચે લઈ જવાથી જે સપ્તક રચાય છે તેમાં અચલ વીણાની સરખામણીએ આ ચલ વીણા પરના સ્વર તેનાથી નીચા જાય છે. આમ થતાં સ્વાભાવિક રીતે જ મુખ્ય શ્રુતિ પરના સ્વરની નીચેની શ્રુતિ પરના તે સ્વરના કોમળ સ્વરૂપને જાણી શકાય છે. આ પ્રયોગને કારણે જ સંગીત અને તેના સ્વરો જે કેવળ કાનથી સાંભળવાની વસ્તુ હતી, તેનાં પરિવર્તન અને કારણને આંખથી જોઈ શકવાનું શક્ય બન્યું. આમ, સંગીતના સપ્તકની શોધમાં અને તેના વિજ્ઞાનના પ્રાકટ્યમાં કમાલ કરી છે તે તંતુએ કરી છે. અને આ તંતુ જ, વિવિધ વાદ્યમાં વિકસિત બનતા ગયા, પ્રયોજાતા થયા ને એને પરિણામે જ તો ગળાની બરાબર હરીફાઈ કરે, એને સંગતમાં સહાય આપે, અરે ક્વચિત્ તો ગળાની સ્વરતંત્રીના તંતુઓ પ્રકટ કરી ન શકે એવા સૂક્ષ્મ નાદો અને તેના સમૂહો પણ પ્રકટ કરી શકે એવા તંતુવાદ્યો - સારંગીવર્ગનાં - અસ્તિત્વમાં આવ્યાં એથી ગાનકલાનો વિકાસ થયો. કોઈ અમુક નાદસમૂહ અત્યંત મધુર લાગે અને પ્રશ્ન થાય કે આ નાદસમૂહમાં ક્યા, કેટલા નાદ છે અને તે કઈ રીતે પરસ્પરમાં ગૂંથાઈને આવી કર્ણમધુર નાદસમૂહનો ઘટક રચે છે, તો એ એને ગવાતું સાંભળીને જાણવું - પ્રકટ કરવું શક્ય નથી. પરંતુ એ રીતે ગવાયેલો ટુકડો જો તંતુવાદ્યમાં વગાડીએ અને પછી તેનો વિલંબિત લયમાં પ્રસાર કરીએ તો એ તંતુ પર ફરતી આંગળીને આધારે એમાં કયા, કેટલા સ્વરો લીધા, કયા સ્વરને કઈ રીતે લીધો, એ સ્વરની મુખ્ય શ્રુતિ સાથે જ, એને મધુર બનાવવા માટે એમાં બીજી કઈ કઈ શ્રુતિઓ લીધી - આ બધાનું ગણિત આપી શકાય છે. એના સ્વરબંધારણ અને તે ઘટકમાં પ્રયોજિત સૂક્ષ્માતિસૂક્ષ્મ શ્રુતિઓ અને તેના લગાવને જાણી શકાય છે. પ્રાચીન-મધ્યકાલીન યુગમાં ઇટાલી-ફ્રાન્સ જેવા યૂરોપના દેશો, કાબુલ-કંદહાર-ઈરાન-અફઘાનીસ્તાન જેવા મધ્ય એશિયાના દેશો અને ભારતમાં વિવિધ પ્રકારનાં તંતુવાદ્યો અસ્તિત્વમાં હતા અને કાળક્રમે એ વાદ્યોનો વિકાસ થયો. વ્યક્તિગાન અને સંઘગાનમાં આ તંતુવાદ્યો સહાયરૂપ બન્યાં.

આવાં તંતુવાદ્યો મુખ્યત્વે બે પ્રકારના છે : એક એવો પ્રકાર જેમાં એક તાર ઉપર તે તાર જે સ્વરમાં મેળવ્યો હોય તે સ્વર વાગે. આથી આ પ્રકારના તંતુવાદ્યમાં ઓછામાં ઓછા આઠ કે બારથી છત્રીસ કે બેંતાલીશ જેટલા તાર જોઈએ. આઠ-બાર જેટલા તારવાળા વાદ્યમાં એક સપ્તક વાગી શકે. પરંતુ છત્રીશ તાર હોય તો મંદ્ર, મધ્ય અને તાર એ ત્રણે સપ્તકો વાગી શકે અને જો બેંતાલીશ હોય તો અનુતાર સપ્તકના પંચમ સુધીના સ્વરો વગાડી શકાય. લ્યૂટ, હાર્પ વગેરે આ પ્રકારનાં વાદ્યો ગણાય. બ્રહ્માની વીણા સો તારવાળી હોવાનું પુરાકથામાં વાંચવા મળે છે. સાત તારવાળી વીણા એ પ્રાચીન-મધ્યકાલીન પ્રચલિત વાદ્ય ગણાય. તંતુવાદ્યનો બીજો એવો પ્રકાર છે કે જેમાં કોઈ એક જ તાર પર પડદાની મદદથી બે, અઢી, ત્રણ કે વિશેષ સપ્તક વગાડી શકાય. તારની લંબાઈ જેમ ઘટે તેમ સ્વર ઉપર ચડે, એ સિદ્ધાંતનું ભાન થતાં તાર નીચે પડદા (ફ્રેટ) મૂકવાની પદ્ધતિ અસ્તિત્વમાં આવી. વીણા પરના મેરુદંડમાં સ્વરસ્થાન માટેના પડદા એ પાછળની શોધ છે અને સિતાર, દિલરૂબા, ઇસરાજ વગેરેમાં એનો વિકાસ છે. સિતારની શોધનો યશ અમીર ખુશરોને અપાતો આવ્યો છે. વિવિધ સ્વરસ્થાનના મેરુદંડ પડદાની શોધ કરી એ વાદ્ય એણે સુગમ બનાવ્યું. મૃદંગના બે ભાગ કરી, દાયાં-બાયાં તબલાનો શોધક પણ અમીર ખુશરો મનાયો છે. પરંતુ આ બન્ને માન્યતાઓ ગલત અને નિરાધાર હોવાનું ડૉ. મધુસૂદન ઢાંકીએ દર્શાવ્યું છે. અમીર ખુશરોના જન્મ પહેલાનાં પ્રાચીન શિલ્પોમાં સિતાર તથા તાલવાદ્યના તબલાના ડૉ. ઢાંકીએ આધારો આપ્યા છે. સપ્તતારી વીણામાંથી કાળક્રમે સિતારનો જન્મ થયો તે પણ સ્પષ્ટ કર્યું છે. અમીર ખુશરોએ પ્રચલિત વાદ્યોમાં કેટલાક પરિવર્તન કર્યાં હશે, એમ સંભવે; પરંતુ એ કંઈ એ વાદ્યોનો શોધક નથી. ભારતમાં આ વાદ્યો પ્રાચીન કાળે, મધ્યકાળે હતાં. પરંતુ

મેરુદંડ પર પડદા મૂકવાનું પછીથી થયું. પહેલાં કેવળ ખુલ્લા તાર પર જ, એ તાર જે સ્વરમાં મેળવ્યો હોય તે જ વગાડી શકાતો. આ દૃષ્ટિએ સરસ્વતીદેવીના હાથમાં ચિત્રકારો વીણા મૂકે છે તે ક્યારેક સિતાર જ હોય છે!

આમ, તંતુએ સંગીતની ગતિ-પ્રગતિમાં અદ્‌ભુત સહાય કરી. ભરત પછી અહોબલ અને શ્રીનિવાસ સુધી સપ્તકના સ્વરો માટે તંતુવાદ્ય જ સહાયક બન્યું. ભરતે સારણીની અચલ વીણામાં શ્રુતિઓનું અંતર સરખું રાખ્યું હતું, તેમાં ક્ષતિ રહી છે, કેમકે સ્વરનું અંતર બધે જ સમાન હોય એવી શ્રુતિસંખ્યાનું નથી. ગાંધાર અને મધ્યમ, તીવ્ર મધ્યમ અને પંચમ તથા નિષાદ અને ષડજ વચ્ચેનું અંતર પ્રમાણમાં ઓછું છે. જો કે, પ્રાચીન-મધ્ય-કાલીનકાળે જો આજનો કોમળ ગાંધાર તે સમયના શુદ્ધ સ્વરના સપ્તકનો મુખ્ય સ્વર હોય તો, તે સંદર્ભમાં 'ગ' અને 'મ' વચ્ચેનું શ્રુત્યંતર મોટું એટલે કે પૂર્ણ હતું, એમ કહી શકાય. ભરતના પ્રયોગ આગળ વધતાં સ્વરના શ્રુત્યંતર પ્રમાણે વિભાગ થયા હોય, તે પછીના ગાળામાં સારણી પદ્ધતિથી એક બાજુથી એક સ્ટાન્ડર્ડ એવો શુદ્ધ સપ્તકનો સ્કેલ મળે તો બીજી બાજુથી એનાથી નીચે ઊતરતી શ્રુતિઓના ચલ વીણાના શુદ્ધ સપ્તકમાં અચલ વીણાના સ્વરોના સ્વાભાવિક કે સાહજિક એવા એ જ અચલ વીણાના સ્વરોના સ્વાભાવિક કે સાહજિક એવા એ જ અચલ વિણાસ્થિત શુદ્ધ સ્વરોના કોમળ સ્વરો પણ મળે જ. જોકે, બીજી એક માન્યતા એવી છે કે ભરત શ્રુતિઓની વહેંચણીમાં જે 'સમાન રીતે શ્રુતિ' વહેંચણીની વાત કરી છે તેમાં સમાનતાનો અર્થ સંખ્યાદૃષ્ટિની ગાણિતિક સમાનતાની વાત નથી, પરંતુ વિવિધ સ્વરો વચ્ચેની જે શ્રુતિઓના અંતરની સમાનતા છે, તેનો જ નિર્દેશ કર્યો છે. કેમકે 'ભરતનાટ્યશાસ્ત્ર' અધ્યાય ૨૮માં જણાવ્યું છે :

ષડજસ્યતુ શ્રુતિજ્ઞેય, ઋષભસ્ત્રિ શ્રુતિ તથા,
દ્વિશ્રુતિ શ્ચૈવ ગાન્ધારો, મધ્યમસ્ય ચતુઃશ્રુતિ.
ચતુઃશ્રુતિઃ પંચમઃ સ્યાદા ધૈવત સ્ત્રિશ્રુતિસ્તયા,
નિષાદો દ્વિશ્રુતિ શ્ચૈવ ષડ્‌જગ્રામે ભવન્તિ હિ.

અહીં સ્વર-સ્વર વચ્ચે ભિન્નસંખ્ય શ્રુતિ છે, તે સુસ્પષ્ટ રીતે જણાવ્યું છે. આધુનિક સંગીતશાસ્ત્રી આચાર્ય બૃહસ્પતિ 'ભરત કા સંગીતસિદ્ધાંત'(ઈ. ૧૯૫૯નું પ્રકાશન)માં પૃષ્ઠ ૨૨ ઉપર સ્પષ્ટ કરે છે કે ભરત સારણીમાં જે સમાન અંતરે શ્રુતિઓ રાખવાની વાત કરે છે તેમાં વિવક્ષિત સ્વરોનું સ્વાભાવિક એવું અંતર છે. આ માટે તેઓએ તંબૂર પરનાં પ્રયોગની વિગતો પણ આપી છે. ષડજ, મધ્યમ, પંચમ ચાર શ્રુતિના અંતરે, ઋષભ અને ધૈવત ત્રણ શ્રુતિના અંતરે તથા ગાંધાર અને નિષાદ બે શ્રુતિના અંતરે રહે છે એ વિદિત હતું જઃ

ચતુશ્ચૈવ ષડજમધ્યમપંચમાઃ
દ્વેદ્વે નિષાદગાંધારૌ, ત્રિસ્ત્રી ઋષભધૈવતૌ.

બાવીસ શ્રુતિઓમાં પ્રથમ શ્રુતિ મંદ્ર નિષાદની ગણતા ચોથી શ્રુતિ પર 'સા', એ પછીની ત્રણ પછી 'રે', પછીની બે પછી 'ગ', પછીની ચાર પછી 'મા, પછીની ચાર પછી 'પ', પછીની ત્રણ પછી 'ધ' અને પછીની બે પછી 'નિ' એ ભરતકાલીન શુદ્ધ સ્વરસપ્તકઃ

૪	૭	૯	૧૩	૧૭	૨૦	૨૨
સા	રે	ગ	મ	પ	ધ	નિ

આધુનિક પદ્ધતિએ આપણે 'સા'ને પ્રથમ શ્રુતિ પર મૂકીએ છીએ. આધુનિક સ્વરસપ્તકમાં પ્રાચીન-મધ્યકાલીનને મુકાબલે તીવ્ર ગાન્ધાર છે, તેની શ્રુતિવહેંચણી નીચે પ્રમાણે છે :

૧	૫	૮	૧૦	૧૪	૧૮	૨૧
સા	રે	ગ	મ	પ	ધ	નિ

ભારતીય શુદ્ધ સ્વરના સપ્તકના વિકાસને જાણવા માટે ભરતના 'નાટ્યશાસ્ત્ર' પછી અહોબલ પંડિતના 'સંગીત-પારિજાત'માં સર્વપ્રથમ વીણાના તારની લંબાઈની વધઘટે બાર સ્વરોનાં સ્થાન કેવી રીતે નિશ્ચિત થઈ શકે, તેની વીગત મળે છે. એ પછી પંડિત શ્રીનિવાસે વીણાના તારની સ્ટાન્ડર્ડ લંબાઈ ૩૬ ઈંચ નિશ્ચિત કરી તે ખુલ્લા તારને 'સા' તરીકે નિશ્ચિત કરીને બીજા શુદ્ધ સ્વરો તથા કોમળ-તીવ્ર સ્વરો, એટલે કે, વિકૃત સ્વરો કેવી રીતે મેળવવા તેની પદ્ધતિ આપી. મેરુથી તે ઘોડી સુધીનું જેનું અંતર ૩૬ ઈંચ છે, એટલે કે જેના પર બંધાતા તારને સામાન્ય ખેંચાણ સાથે બાંધ્યો હોય તો તે ખુલ્લો તાર 'સા' ગણીએ. આ તારને મધ્યમાં ઘોડી મૂકીને છેડીએ તો તે 'સાં' બોલે. હવે જે તાર ૩૬'' હતો તે ૧૮'' થઈ ગયો તેમાં સા, રે, રે, ગ, ગ, મ, મા, પ, ધ, ધ, નિ એવું બાર સ્વરનું પૂરું મધ્યસપ્તકનું પૂર્ણ સ્વર-ઘટક છે, જેમાં શુદ્ધ સ્વરનું સપ્તક છે. આ ૧૮''ની વચ્ચે અર્થાત્ ૯''નું સ્થાન છે ત્યાં 'મ' આવશે. આમ,

૩૬ ઈંચ ખુલ્લો તાર = સા (મધ્ય)
૩૬ ÷ ૨ = ૧૮ ઈંચ = સાં (તાર)
૧૮ + ૯ = ૨૭ ઈંચ = સાં (અતિતાર)
૧૮ ÷ ૩ = ૬ ઈંચ = પ (ઘોડીથી તારની લંબાઈ ૨૪)
૨૪ + ૬ = ૩૦ ઈંચ = ગ
૧૨ ÷ ૩ = ૪ ઈંચ = રે (૩૬-૪ = ૩૨ ઈંચે)

'પ' અને 'સાં'ની મધ્યમાં 'ધ' છે, પરંતુ તારના પ્રયોગે તે સ્થાપિત કરતાં ઊંચો લાગે છે. શ્રીનિવાસ દર્શાવે છે કે 'રે'નું સ્થાન નિશ્ચિત થયે ષડજ-પંચમ-ભાવથી 'ધ' નિશ્ચિત કરવો. જેમ 'સા'થી 'પ' દોઢ ગણો ઊંચો છે, તેમ 'રે'થી 'ધ' પાંચ ગણો ઊંચો છે. એ રીતે 'ગ'થી 'નિ' દોઢ ગણો ઊંચો છે. સા-પ, રે-ધ, ગ-

નિ, મ-સાં વચ્ચે ષડજ - પંચમ અને સા-મ, રે-પ, ગ-ધ, મ-નિ, પ-સાં વચ્ચે ષડજ મધ્યમભાવ છે. અહીં જુઓ ષડજ - મંથમનો આરંભ સા-પથી છે જે અંતે મ-સાંમાં પરિણામે છે, જ્યારે ષડજ-પંચમનો આરંભ સા-પથી થાય છે જે અંતે મ-સાંમાં પરિણામે છે, જ્યારે ષડજ-મધ્યમ ભાવનો આરંભ સા-પથી થાય છે જે અંતે મ-સાંમાં પરિણમે છે. આમ, સાતનું એકમ હોવાથી ચોથો સ્વર 'મ' તે મધ્યમ છે. આરોહ કરતાં પણ જે સ્વરનું સ્થાન ચોથું છે અને નિષાદથી અવરોહ કરતાં પણ જે સ્વરનું સ્થાન ચોથું છે, તે સાતના એકમનો મધ્યભાગ છે, તેથી તે મધ્યમ સ્વર કહ્યો છે, ગ્રામની પરિભાષામાં 'ભરતનાટ્યશાસ્ત્ર' જણાવે છે : (૨૮/૫)

ષડજગ્રામે ચ ષડ્જ સંવાદ પંચમસ્ય ચ
સંવાદો મધ્યગ્રામે પંચમઋષભસ્ય ચ.

એટલે કે ષડ્જગ્રામમાં સા-પનો અને મધ્યગ્રામમાં રે-પનો સંવાદ હોય છે. સાથે સાથે વાગતા બે સ્વરો મધુર લાગે એનું નિશ્ચિત ભૌતિકશાસ્ત્ર આધારિત ગણિત પશ્ચિમમાં પણ વિકસ્યું ન હતું તે કાળે ભરત જણાવે છે :

'યયોશ્ચ નવશ્રુતિ ત્રયોદશ શ્રુત્યંતરં તે મિથઃ સંવાદિનઃ' જે સ્વરો વચ્ચે નવશ્રુતિ અને તેરશ્રુતિનું અંતર છે, તે સ્વરો પરસ્પર સંવાદી છે.

અહીં નોંધવું જોઈએ કે વચ્ચે Beats ન જન્મે એટલું શ્રુતિઅંતર ધરાવતા સ્વરોમાં ષડજ-મધ્યમ અને ષડજ-પંચમભાવ મુખ્ય છે, તે સાથે જ ષડજ-ગાંધારનું સ્વરસંયોજન કર્ણમધુર છે, જેનો ઉપયોગ પાશ્ચાત્યમાં થાય છે. ષડજ સાથે કોમળ ગાંધાર અને શુદ્ધ ગાંધાર એ બન્નેના સહનાદ કે આનુષંગિક વા શૃંખલિત નાદ પણ કર્ણમધુર હોય છે. પશ્ચિમના સંગીતમાં, કોર્ડ્ઝમાં, એનો સવિશેષ ઉપયોગ થાય છે. સાગ, રેમ, ગપ, મધ, પનિ, ધસાં પણ મધુર લાગે છે. જેમ ષડ્જમધ્યમ અને ષડ્જપંચમભાવ પર ભારતીય સંગીતે પ્રગતિ કરી અને ભરતનાટ્યશાસ્ત્રથી ષડ્જગ્રામ અને મધ્યમગ્રામ પ્રચારમાં આવ્યો તેમ ગાંધારગ્રામ કેમ ન આવ્યા, એ વિચારવા જેવો પ્રશ્ન છે. જો કે ષડ્જગ્રામ જ પાયારૂપ છે, મધ્યમ અને પંચમના ગ્રામ તેના સવા-દોઢ ગણા થતા નાદ છે. મતંગે 'બૃહદેશી'માં આ બન્નેમાં મુખ્ય કયું એવો પ્રશ્ન ઉઠાવીને ષડ્જ-મધ્યમ એ બે ગ્રામમાંથી ષડ્જગ્રામ જ મુખ્ય કહ્યું છે. મતંગે 'બૃહદેશી' ૨૦/૧માં 'ગાન્ધારં નારદોબ્રૂતે સ તુ મર્ત્યૈન ગીયતે' (૯૧) અર્થાત્ ગાંધારગ્રામ નારદે બનાવ્યો છે, પરંતુ તે મૃત્યુલોકમાં ગવાતો નથી, એમ કહ્યું છે.

શ્રુતિ અને સ્વર વિશે આટલું સૂક્ષ્મ વિવેચન વિશ્વના કોઈ દેશમાં આટલું પ્રાચીન નથી. પરંતુ પશ્ચિમમાં વિજ્ઞાનનો વિકાસ થયો અને તેનો લાભ વિવિધ કલાઓને પણ મળ્યો. ભૌતિકશાસ્ત્રે ધ્વનિનાં આંદોલનો અને તેની સંખ્યાનાં સૂક્ષ્મ ગણકસૂત્રો આપ્યાં. આથી સ્વરને તારની લંબાઈ જ નહીં, આંદોલનસંખ્યાને આધારે આંતરરાષ્ટ્રિય ધોરણે નિશ્ચિત કરવાનું શક્ય બન્યું. આપણે જે અવાજ સાંભળીએ છીએ તેમાં ઊંચામાં ઊંચા, ઉત્કટતમ એવા અવાજની આંદોલન-સંખ્યા ૩૮,૦૦૦ હોય છે. એટલે કે તે અવાજ એક સેંકડમાં ૩૮,૦૦૦ આંદોલનો કરે છે. આને જો સંગીતના સ્વરસપ્તકની ભાષામાં જોઈએ તો તે અગિયાર સપ્તક જેટલો ઊંચો અવાજ છે. આથી અગિયારમા સપ્તકનો ઊંચો અવા અવાજ જો આડત્રીશ હજારની આંદોલન-સંખ્યાનો હોય તો એને સંગીતમાં પ્રયોજાતા સાડા ત્રણ સપ્તકના ષડ્જનો ધ્વનિ કેટલી આંદોલન-સંખ્યા ધરાવતો હોય? આનો અંદાજ કાઢીને 'સા'ની આંદોલન-સંખ્યા ૨૪૦ માનકરૂપમાં નિશ્ચિત કરી. એથી પંચમ ૩૬૦ આંદોલનવાળો અને તાર સપ્તકનો ષડજ ૪૮૦ થાય. આ દૃષ્ટિએ શ્રીનિવાસ-પદ્ધતિએ તારની લંબાઈ, સ્વર અને આંદોલનની તાલિકા આ રીતે થાય :

તાર-લંબાઈ ઈંચમાં	સ્વર	આંદોલન-સંખ્યા (પ્રતિ સેકંડ)
૩૬	સા	૨૪૦
૩૩ ૧/૩	રે	૨૫૯ ૪/૫
૩૨	રે	૨૭૦
૩૦	ગ	૨૮૮
૨૮ ૨/૩	ગ	૩૦૧ ૧૭/૪૩
૨૭	મ	૩૨૦
૨૫ ૧/૯	મા	૩૪૪ ૮/૧૧૩
૨૪	પ	૩૬૦
૨૨ ૨/૯	ધ	૩૮૮ ૪/૫
૨૨ ૧/૩	ધ	૪૦૫
૨૦	નિ	૪૩૨
૧૯ ૧/૯	નિ	૪૫૨ ૪/૪૩

(ક્રમશઃ)

ઈતિહાસધારા

મેવાડના રાણા સીંગાનું નામ આપણા દેશના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું છે; પરંતુ રાણા રાયમલના સૌથી મોટા પુત્ર અને સાંગાના સગા ભાઈ કુંવર પૃથ્વીરાજે પિતાના પડખે રહી મેવાડનું ગૌરવ વધારવામાં અગ્રભાગ લીધો છતાં ઇતિહાસે તેના પ્રતિ જોઈએ તેટલું લક્ષ નથી આપ્યું.

રાણા રાયમલને માંડુના સુલતાન ગયાસશાહે એટલો તો પરેશાન કરી મૂકેલો કે તે સુલતાન સાથે સુલેહ કરવા તૈયાર થઈ ગયેલો. સુલેહની શરતો માટે સુલતાનનો દૂત દરબારમાં આવી પહોંચ્યો એ જ વખતે કુંવર પૃથ્વીરાજ પણ દરબારમાં આવી પહોંચ્યો અને પિતાને ઠપકો આપ્યો કે, 'દુશ્મન સાથે આમ નરમાશથી વાત થતી હશે?'

સુલતાનના દૂતને આમાં સુલતાનનું અપમાન લાગતાં તે દરબાર છોડી જઈ સીધો માંડુ પહોંચ્યો ને સુલતાનને આ વાત કરી. પરિણામે સુલતાન ચિત્તોડ પર ચડી આવ્યો. એની સામેના યુદ્ધમાં પૃથ્વીરાજે જ પિતા વતી સૈન્યની સરદારી લઈ દુશ્મન સામે મોરચો માંડ્યો અને સુલતાનને હરાવી કેદ પકડ્યો, અને એની શરતે સુલતાનને મેવાડ સાથે સંધિ કરવી પડી.

એક દિવસ પૃથ્વીરાજ અને તેના નાના ભાઈ સાંગાએ રાજજ્યોતિષને પોતપોતાની કુંડળી બતાવતાં તેણે એવું ભવિષ્ય ભાખ્યું કે મેવાડની ગાદી સાંગાના 'નસીબમાં લખાયેલી હતી. સાંભળતાંવેંત પૃથ્વીરાજે સાંગા પર પ્રહાર કર્યો, પણ સાંગો એમ ગાંજ્યો જાય એવો ન હોઈને બંને વચ્ચે તલવારની તડાતડી ચાલી અને સાંગાએ એક આંખ ગુમાવી, બંને ભાઈને લડતા છોડાવવા માટે દોડી આવેલા તેમના કાકા સારંગદેવ પણ આ ઝપાઝપીમાં ઘાયલ થયેલા. રાણા રાયમલે આ બદલ પૃથ્વીરાજને ઠપકો આપતાં પૃથ્વીરાજ એ જ વખતે ચિત્તોડ છોડી કુંભલગઢ જતો રહ્યો.

રાણા રાયમલે ભેંસરોડગઢની જાગીર સારંગદેવને આપી દીધા સામે પૃથ્વીરાજે વિરોધ દર્શાવતાં રાણાએ કહેલું, 'મેં તો આપી દીધી, તારાથી પાછી લઈ શકાય તો લઈ લે.' પૃથ્વીરાજે તરત સૈન્ય તૈયાર કર્યું. સારંગદેવ તેના શૌર્યથી પરિચિત હોઈને તેણે નાસી છૂટી બુંદીના રાવ સૂરજમલ પાસે પહોંચ્યો.

આ સૂરજમલે મેવાડનો કેટલોક પ્રદેશ કબજે કરી લીધેલો. 'હરિભૂષણ' મહાકાવ્યમાં જણાવ્યા પ્રમાણે રાણો રાયમલ મહાબલી સૂરજમલથી એટલી હદે ત્રાસેલો કે એક વાર રાજગાદી તજી દેવાની તત્પરતા તેણે ભરદરબારમાં દર્શાવેલી. સૂરજમલ સાથે બાથ ભીડવા કોઈ તૈયાર ન થતાં છેવટે પિતાની આબરૂ બચાવવા પૃથ્વીરાજે એ જવાબદારી માથે લીધી, પરંતુ તે બુંદી પર ત્રાટકે તે પહેલાં તો માંડુના સુલતાનની સહાય મેળવી સૂરજમલ અને સારંગદેવ બંને ચિત્તોડ પર ત્રાટકી પડ્યા અને તુમુલ યુદ્ધ જામ્યું.

પૃથ્વીરાજે સૂરજમલની સેનાને શિકસ્ત આપતાં તે નાસીને બાઠેડા પહોંચ્યો. પૃથ્વીરાજ એ જ રાતે તેનો પીછો કરી બાઠેડા પહોંચ્યો ત્યારે સૂરજમલ પોતાના કેટલાક અંગત માણસો સાથે તાપણામાં તાપી રહ્યો હતો. પૃથ્વીરાજે ઘોડા પરથી ઊતરી પૂછ્યું, 'શું કરી રહ્યા છો, કાકાજી?'

'અમે તો અહીં નચિંત મને તાપવા બેઠા છીએ', સૂરજમલે જવાબ આપ્યો.

'મારા જેવાને દુશ્મન બનાવીને તમે તમારી જાતને નચિંત માનો છો, કાકાજી?' કહેતાં પૃથ્વીરાજે પીઠ ફેરવી.

દિવસ ઊગતાં જ પૃથ્વીરાજ લડાઈ છેડ્યા વિના નહિ રહે એ ભયે સૂરજમલ બાઠેડાથી નાસીને સાદડી પહોંચ્યો. પૃથ્વીરાજે સતત તેનો પીછો કરતા રહીને મેવાડની સરહદની પાર હાંકી કાઢ્યો.

પૃથ્વીરાજના જાણવામાં આવ્યું કે તેની ફોઈ રમાબાઈને તેનો લંપટ પતિ માંડલિક ખૂબ ત્રાસ આપે છે એટલે તે જૂનાગઢ પર ચડી આવ્યો અને રાજમહેલમાં ઘૂસી જઈ રા' માંડલિકને બોચીએથી પકડ્યો. માંડલિક પ્રાણદાન માટે બહુ કરગરતાં છેવટે તેના એક કાનનો છેડો કાપીને અને રમાબાઈને ત્રાસ નહિ આપે એવું વચન મેળવીને પીછો ફર્યો.

શિરોહીના રાવ જગમાલની બાબતમાં પણ આવું જ બનેલું. પોતાની બહેન આનંદીબાઈને ત્રાસ આપતો જાણી તે શિરોહી પહોંચ્યો અને જગમાલને ભારે ઠપકો આપ્યો. જગમાલને પોતાના સાળાની આ ઉદંડતા ગમી નહિ અને તેણે પૃથ્વીરાજને ખોરાકમાં ઝેર અપાવી દીધું. પાછા ફરેલા પૃથ્વીરાજનું કુંભલગઢ પહોંચતાં પહેલાં જ અવસાન થઈ જવા પામ્યું. □

—અશોક હર્ષ

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સખાવતી સંસ્થાઓનો ટેકો

તા. ૯-૧૧-૮૭. અમદાવાદના આકાશવાણી કેન્દ્રની એક પ્રણાલિકા છે. ગુજરાતમાં સાહિત્ય, શિક્ષણ કે સંસ્કારના ક્ષેત્રમાં ખ્યાતનામ વ્યક્તિઓ સાથેની એક કલાકની મુલાકાત તેમનાં સંગ્રહસ્થાન (archeives) માટે રેકોર્ડ કરી રાખે છે. આ મુલાકાતનું રેડિયો ઉપર પ્રસારણ પણ થયું છે. ગની દહીંવાલાની આવી મુલાકાત મેં રેડિયો ઉપર સાંભળેલી અને તે વિષે એક પત્રમાં મેં ઉલ્લેખ પણ કરેલો. આ માસમાં મારી એક કલાકની મુલાકાત રેકોર્ડ થવાની છે. મારા નિયમ મુજબ હું તો તેની પૂર્વ તૈયારીરૂપે મારા વિચારો એકઠા કરી વ્યવસ્થિત ગોઠવવા માટે એક લેખ જેવું લખવા માંડ્યો છું. આજકાલ એ જ કામમાં વ્યસ્ત છું અને તેથી આ પત્રમાં પણ તેના જ અનુસંધાનમાં એક બે વાત લખીશ.

શિક્ષક તરીકે મેં કૉલેજની અભ્યાસેતર પ્રવૃત્તિમાં ખૂબ ભાગ લીધો છે. પણ મારા પોતાના કૉલેજ-જીવન દરમિયાન મેં તેમાં જરા પણ ભાગ લીધો નથી. એનું મોટું કારણ આર્થિક હતું. સમગ્ર કૉલેજ-કાળ દરમિયાન હું એકબે ટ્યુશન કરતો. સરકારી કૉલેજમાં ફી ઓછી એટલે હું સરકારી કૉલેજમાં ભણતો હતો. પણ ત્યારે અંગ્રેજોની હકૂમત હતી તેથી ઉચ્ચ વર્ણના વિદ્યાર્થીને ફીમાં માફી કે રાહત મળે નહીં પણ મને સખાવતી સંસ્થાઓનો ઘણો ટેકો મળ્યો છે.

કાલબાદેવીની હરિદાસ ધનજી મૂળજીની પેઢી તરફથી મને દર વર્ષે વીસ રૂપિયાનાં પુસ્તકો મળતાં. હાજી અલ્લારખીઆ રહિમતુલ્લા સોનાવાલા વકફ ફંડ તરફથી મને એમ.એસસી. ના વર્ગ સુધી બધાં જ પાઠ્ય-પુસ્તકો મળતાં. પુસ્તકો તદ્દન નવાં જ. શરત એટલી કે વર્ષ પૂરું થયે મારે તે પાછાં આપવાનાં. તેમનો નિયમ તો વર્ષે પચાસ રૂપિયાનાં પુસ્તકો આપવાનો હતો. પણ વર્ષ વીતે હું, જરાયે ડાઘાડૂઘી વગરનાં નવાં જેવાં જ પુસ્તકો પરત કરતો તેથી ખુશ થઈ મારી બાબતમાં અપવાદ કર્યો હતો અને મને જેટલાં પુસ્તકો જોઈએ તે બધાં જ મળતાં.

વડગાદી ઉપર કરસનદાસ નાથાની એક પેઢી હતી. કરસનદાસના પુત્ર વલ્લભદાસ પેઢીના કર્તાહર્તા હતા. રોજ સાંજે તેઓ એક કલાક પેઢીએ બેસે ત્યારે સમાજના કોઈ પણ સ્તરની વ્યક્તિ તેમને મળી શકે. ૧૯૩૫માં હું ઇન્ટર સાયન્સમાં હતો ત્યારે એક દિવસ હું પેઢીએ ગયો. ઉપરાઉપરી ત્રણ દિવસ રોજ સાંજે જાઉં. અને એક કલાક બેસું. ચોથે દિવસે તેણે મને બોલાવ્યો. મેં મારા અભ્યાસ વિષે અને કુટુમ્બની આર્થિક સ્થિતિ વિષે વાત કરી. બસ, ત્યારથી તે ઠેઠ ૧૯૪૦માં હું એમ.એસસી. પાસ થયો ત્યાં સુધી મારી સત્રફી કે પરીક્ષા-ફી બધું જ તેમણે ભર્યું. હું પેઢીએ જઈને ખબર આપું એટલે બીજે દિવસે પેઢીનો મહેતાજી કૉલેજમાં આવીને ફી ભરી જાય.

અમારા શિક્ષણમાંથી હું જે કાંઈ પામ્યો તેમાં સમાજનો કેટલો મોટો હિસ્સો છે !

ફિરંગીઓ અને ગોવા

તા. ૧૯-૧૨-૮૭. સાપેક્ષતા અને ગુરુત્વાકર્ષણ અંગે અમે ભારતીયોએ યોજેલી પ્રથમ આન્તરરાષ્ટ્રિય પરિષદ ગોવામાં ચાલી રહી છે. એટલે પાંચ દિવસ ગોવામાં રહેવાનું થયું. ઈ.સ. ૧૫૪૩માં વિજાપુરના નવાબને ત્રીજા યુદ્ધમાં હરાવીને આલ્ફોન્ઝો આલ્બુકર્કે ગોવા પ્રદેશ ઉપર કબ્જો જમાવ્યો અને આમ ભારતમાં અંગ્રેજી રાજ્ય જામ્યું તેનાં ૨૦૦ વર્ષ પહેલાં ગોવા ઉપર પૉર્ટુગીઝ હકૂમત સ્થપાઈ. ઈ.સ. ૧૫૪૩થી ઠેઠ ૧૯૬૨માં ભારતીય લશ્કરે ગોવાના ફિરંગી ગવર્નરને ખદેડી મૂક્યો ત્યાં સુધી એટલે ૪૧૯ વર્ષ સુધી દીવ, દમણ, દાદરા-નગરહવેલી અને ગોવા ઉપર ફિરંગીઓની સત્તા રહી. આજ એટલે ૧૯ ડિસેમ્બર ગોવાનો મુક્તિદિન છે. ૧૯૬૨ની ૧૯મી ડિસેમ્બરે ગોવા ભારતીય પ્રજાસત્તાકનું ભાગ બન્યું.

ચારસોથી વધારે વર્ષ સુધી ચાલેલા ફિરંગી શાસનની સૌથી વિપરીત અસર પ્રદેશની ભાષા ઉપર પડી છે. ભારતની ભાષાઓમાં તામિલ સૌથી પુરાણી ભાષા છે. હિન્દી, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓ સંસ્કૃતમાંથી બનેલી અપભ્રંશ ભાષામાંથી લગભગ ૧૨મી સદીમાં છૂટી અને ૧૪મી ૧૫મી સદીમાં તેનું સાહિત્યિક સ્વરૂપ સ્થિર થવા લાગ્યું. આપણા નરસિંહ મહેતા ગુજરાતના આદિ કવિ છે અને તેમના કાળમાં જ ગોવામાં પૉર્ટુગીઝ શાસન સ્થિર થયું. પરિણામ એ આવ્યું કે ગુજરાતી, મરાઠી વગેરે ભાષાઓનો નૈસર્ગિક વિકાસ થતો ગયો તેવો આ પ્રદેશની કોંકણી ભાષાનો ન થયો.

કોંકણી ભાષામાં સાહિત્ય નથી કારણ કે તેની લિપિ જ નથી. લોકો કોંકણી બોલે છે અને લખવું હોય તો અંગ્રેજી લિપિ (રોમન લિપિ) વાપરે છે! પણ ભારતીય ભાષાઓ માટે અંગ્રેજી રોમન લિપિ અનુકૂળ નથી તેથી અંગ્રેજી કોંકણી લખવાનું ઝાઝું ચાલતું નથી.

ગોવાની આઝાદી પછી કોંકણીને નાગરી લિપિમાં લખવાની પ્રવૃત્તિએ જોર પકડ્યું છે. અને હવે તો કોંકણીને નાગરી લિપિમાં જોડણી સ્થિર કરવા માટે એક જોડણીકોશ બહાર પડ્યો છે તેની આજે, ગોવા મુક્તિદિને, જાહેરાત થઈ છે !

કોંકણીને લિપિ જ નથી એટલે કોંકણીમાં છાપાં નીકળવાની તો વાત જ નથી. અહીં બે અંગ્રેજી અને એક મરાઠી છાપું

નીકળે છે. આજકાલ છાપાંમાં ક્રિસ્મસ કેરોલ (નાતાલ-ગીતો) ગાવાની હરીફાઈઓની જાહેરખબરો આવે છે. ફિરંગીઓના લાંબા શાસનની બીજી દેણગી છે રોમન કેથોલિક ધર્મ. બહુમતી લોકો ક્રિશ્ચિયન થયેલા છે અને તેમનાં રીત-રિવાજો, ગીત-નૃત્યો ઉપર ફિરંગીઓની પૂરી અસર છે.

ફિરંગીઓના શાસનની એક-બે ઊજળી બાજુ પણ છે. ગોવાની મેડિકલ કૉલેજ કદાચ એશિયાની સૌથી જૂની કૉલેજ છે. આજથી લગભગ સાડા ત્રણસો વર્ષ પહેલાં, પશ્ચિમની એલોપથીના સિદ્ધાંત પર ચાલતી મેડિકલ સ્કૂલ ફિરંગીઓએ ગોવામાં સ્થાપી હતી. એ જ પ્રમાણે અંગ્રેજી હકૂમત નીચે ભારતમાં યુનિવર્સિટીઓ દોઢસો વર્ષ પહેલાં સ્થપાઈ પણ ગોવામાં ફિરંગીઓએ ત્રણસો વર્ષ પહેલાં આર્ટ્સ કૉલેજ સ્થાપેલી છે. વળી, જે સંત ફ્રાન્સિસ ઝેવિયરના નામ પરથી ઝેવિયર્સ કૉલેજ બધે નીકળી છે તે ફ્રાન્સિસ ઝેવિયર મૂળ ગોવાની કૉલેજમાં અધ્યાપક હતા. પાછળથી પાદરી થયા અને છેવટે સંત થયા.

ગોરખપુર

તા. ૨-૧-૮૮. અમે સાબરમતી એક્સ્પ્રેસમાં અમદાવાદથી નીકળી સીધાં ગોરખપુર પહોંચ્યાં. આમ તો ૩૮ કલાકની મુસાફરી છે પણ ગાડી ૪ કલાક મોડી હતી એટલે ૪૨ કલાકે પહોંચ્યાં. આવી ગાડીઓ બ્રાન્ચ લાઈનો ઉપરથી જાય અને બ્રાન્ચ લાઈનો ઉપર આવવાજવાના એમ બે જુદા પાટા ન હોય. આથી એક વાર ગાડી મોડી થાય એટલે સામસામે આવતી ગાડીઓનાં ક્રૉસિંગના સમયોમાં ગરબડ થાય અને મોડી ગાડી વધુ ને વધુ મોડી થવાનાં અનેક કારણો ઊભાં થાય. અમારી ગાડી લખનઊથી ઊપડી અને પછીને સ્ટેશને ઊભી રહી એટલે તે સ્ટેશનનો સ્ટેશન માસ્તર દોડતો દોડતો આવ્યો અને ડ્રાઈવરને કહ્યું, 'આ તો એક્સ્પ્રેસ ગાડી છે. અહીં ઊભી રાખવાની નથી' ! હાઉં, પછી ગાડી મોડી ન થાય તો શું થાય ! ગાડી આગળ ચાલી, વળી પાછું એક નાનું સ્ટેશન આવ્યું. પ્લૅટફૉર્મ પર ઊભેલા એક માણસે (રેલવે સર્વંટ હશે) હાથ ઊંચો કર્યો અને ગાડી ઊભી રહી. પેલો માણસ પ્રથમ વર્ગના ડબ્બામાં ચઢી ગયો અને ગાડી આગળ ચાલી ! પછી ગાડી મોડી થાય તેમાં શી નવાઈ !

હું આમ તો પાંચમી વાર ગોરખપુર આવ્યો છું. સૌથી પહેલાં ૧૯૭૦માં, આ વખતની જેમ, ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીની પરિષદમાં આવ્યો હતો. જોકે આ વખતે ઠંડી પ્રમાણમાં ઓછી છે.

અહીં ગેસ્ટ હાઉસમાં એક નેપાળી છોકરો (૧૮-૨૦ વરસનો) રસોઇયો છે. તેને મારાં પત્નીની ઘણી માયા છે અને રૂમમાં આવવું હોય તો સાહબને પુકારવાને બદલે માતાજીને પુકારે છે. અને બપોરના તડકામાં પત્ની બહાર ખુરશી નાખીને બેઠાં હોય ત્યારે તે 'માતાજી'ની સામે ફર્શ પર બેસીને જાત-જાતની વાતો કરતો હોય !

ગોરખપુર આમ તો ગામડું નથી તો મોટું શહેર પણ નથી. ગામમાં ટૂરિસ્ટને રસ પડે તેવું જોવા જેવું ખાસ નથી. પણ અત્યારે ગોરખપુરની ખાસ વિશેષતા છે. અત્યારના ઉત્તર પ્રદેશના પંતપ્રધાન વીર બહાદુરસિંહ ગોરખપુરના છે અને બીજું અમેઠી અહીંથી નજીક છે રાજીવ ગાંધી અમેઠીમાંથી ચૂંટાયેલા છે ! આમ, ગોરખપુર નહિ ગામડું, નહિ શહેર. રાજકીય રીતે ઉપયોગી થઈ ગયું છે !

અહીંની યુનિવર્સિટીમાં આજકાલ બડે દિનકી છુટ્ટિયાં છે. (નાતાલને હિન્દીમાં બડે દિન કહે છે.) પણ જાન્યુઆરીની ૮મીએ વિદ્યાર્થી યૂનિયનની ચૂંટણીઓ છે. અને આ ચૂંટણીમાં તો જાણે પાર્લમેન્ટની ચૂંટણી હોય તેવું વાતાવરણ દેખાય. ભીંતો ચિતરાઈ ગઈ છે પણ એ તો બધે થાય છે, પરંતુ અહીં તો ઠેર ઠેર કપડાંનાં બૅનર લગાડેલા છે. ફલાણાને મત આપો એવા હિન્દીમાં કપડાંના બેનર યુનિવર્સિટી વિસ્તારમાં તો હોય જ, પણ આખા શહેરમાં ઠેર ઠેર રેલવે સ્ટેશન ઉપર કે બસ સ્ટૅન્ડ ઉપર, શાક માર્કિટમાં કે ગોરખનાથના મંદિર પાસે, જ્યાં જુઓ ત્યાં, ફલાણા સિંહ કે ઢીંકણા તિવારી કે પૂછડા ત્રિપાઠીને પ્રમુખપદ હેતુ કે મંત્રીપદ હેતુ મત આપવાનાં મોટાં મોટાં બૅનર લગાડેલાં છે. આ બધું જોતાં એમ લાગે કે અહીં યુનિવર્સિટીઓ રાજકારણમાં કેમ પડવું તે જ શીખવવાનું કામ કરતી હશે !! □

અનુસંધાન] રણજી [પૃ. ૩૪૮થી

યશ તેમને (રણજીને) છે.'

એમ કહેવાય છે કે ભારત સ્વતંત્ર થયું તે પહેલાંના આશરે ૧૦૦-૧૨૫ વર્ષના ગાળામાં, ગાંધીજીને બાદ કરતાં બે જ ભારતીયો ઇંગ્લન્ડમાં લગભગ બધે જાણીતા હતા. એક, રાજા રામમોહન રાય ને બીજા રણજી. રણજીને ઇંગ્લન્ડ ખાતેના ભારતના પ્રથમ એલચીનું બિરુદ મળેલું.

અંતમાં રણજી વિશે ક્રિકેટ જગતની, ON THE FIELD તેમજ OFF THE FIELDની, બે સર્વકાલીન મહાન પ્રતિભાઓનાં મંતવ્યો ટાંકી તેમની (રણજીની) સવાસોમી (૧૦-૯-૧૯૯૭) જન્મજયંતી નિમિત્તે તેમને આ શબ્દાંજલિ અર્પણ કરીએ.

મહાન ઑલરાઉન્ડર ને જગતક્રિકેટના પિતા સમા ડબ્લ્યુ. જી. ગ્રેસે કહ્યું છે, 'You will never see a batsman to beat the Jam Saheb, If you live for a hundred years.'

અને ક્રિકેટસાહિત્યના શેક્સ્પીઅર નેવિલ કાર્ડસે કહ્યું, 'તેઓ (રણજી) રમતના ક્ષેત્રે એવા એશિયાઈ રાજકુમાર હતા જે પોતાના જાદુઈ દંડા(બૅટ) વડે જાદુઈ ખેલો(બૅટિંગ) કરતા.'

આમ, આ ખ્યાતનામ ક્રિકેટર રણજી એટલે રણજિતસિંહજી જાડેજા.□

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૯)

—જયન્તીલાલ મહેતા



૧૯૧૪ થી ૧૯૨૪ દરમ્યાન મુનશીકલમની આ વિજયસવારીના રણડંકા જોરશોરથી બજતા જ રહ્યા. અને તેમાંનો સૌથી પ્રચંડ ડંકો હતો ૧૯૧૭માં પ્રગટ થયેલ ગુજરાતી સાહિત્યની અપ્રતિમ નવલકથા 'ગુજરાતનો નાથ'. મુનશીની કલમના ચાહક માત્ર વિદગ્ધ વાચકો જ ન હતા, તેથીયે વધુ આગ્રહી ચાહકો હતા તંત્રીઓ. હાજી મહમ્મદ અલારખિયાનું તે જમાનાના માસિક 'વીસમી સદી'માં 'ગુજરાતનો નાથ' છપાવા માંડી ત્યારથી વિશાળ વાચકવર્ગ તેની મોહિનીમાં મંત્રમુગ્ધ બનતો ગયો અને તેમાં ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં ભીષ્મપિતામહનું બિરુદ પાસેલા નરસિંહરાવ દિવેટિયા જેવા અતિ કડક અને જબરા વિદ્વાન વિવેચક પણ હતા. એટલે પુસ્તકરૂપે 'ગુજરાતનો નાથ' પ્રસિદ્ધ થયું ત્યારે નરસિંહરાવે પૂરાં ૩૭ પાનાંનો ઉપોદ્‌ઘાત લખ્યો. કુલ ૮૫ પ્રકરણોનાં ૩૩૦ પૃષ્ઠની આ નવલકથાના ૧૨ ટકા તો આ ઉપોદ્‌ઘાતે રોક્યા અને છતાંય વારંવાર વિવેચકને કહેવું પડ્યું કે, સ્થળસંકોચને કારણે પોતાને કહેવાનું છે તે પૂરું કહી શક્યા નથી ! ન. ભો. દિ. આ અપૂર્વ નવલકથાના એવા તો પ્રેમમાં પડી ગયા કે તેમણે પોતાના માન્યવર ગોવર્ધનરામ ત્રિપાઠીની ઉચ્ચ આસને બિરાજતી નવલકથા 'સરસ્વતીચંદ્ર' કરતાં પણ કેટલીક બાબતોમાં ચડિયાતી ગણી લખ્યું. .... સરસ્વતીચંદ્ર એ માત્ર કલાવિધાનનું ફળ નથી. એક સંશ્લિષ્ટ વાર્તા નથી..... આનંદશંકરે કહ્યું છે તેમ 'સરસ્વતીચંદ્ર' પુરાણ છે... ગોવર્ધનરામભાઈની સૃષ્ટિ યદ્યપિ સજીવ છે તથાપિ રા. કન્હૈયાલાલની પાત્રસૃષ્ટિ આગળ એ સજીવતા ઊતરતી લાગે છે. 'સરસ્વતીચંદ્ર'નાં પાત્રો તેમજ વૃત્તાન્ત અને વર્ણનો અતિશય ભારને લીધે બોજારૂપ લાગે છે, ત્યારે પ્રસ્તુત વાર્તાના તે જ અંશો સુશ્લિષ્ટ, સંયમગુણથી ઘડાયેલા હોઈ પૂર્ણ કલાવિધાન દર્શાવે છે.... શેક્સપિયર અને ડિકન્સનાં પાત્રોની પેઠે આ કલાવિધાયકનાં પેદા કરેલાં પાત્રો સજીવ, ચિરંજીવ થવાનું ભાવિદર્શન મને તો ખોટું નથી લાગતું. રા. કન્હૈયાલાલ વાર્તાકાર તરીકે સજીવ સૃષ્ટિ-પાત્રોની સૃષ્ટિ - પ્રગટ કરનાર સમર્થ વિધાતા છે...

અને ન.ભો.દિ. ત્યાર બાદ 'ગુજરાતનો નાથ'નાં ત્રણ વિશિષ્ટ પાત્રયુગલોનાં સશક્ત, અપૂર્વ ચરિત્રચિત્રણોનાં વિગતવાર વર્ણનો રસપૂર્વક અને વિવેચનકર્મની આકરી સરાણે ચડાવતા રહી મુનશીને વારંવાર 'કવિ' કહી બિરદાવે છે. કારણ પંડિતયુગના મહારથીઓ સાહિત્યમાં કવિતાને સહુથી કોન્સાઈઝ અને કૉમ્પેક્ટ પ્રકાર માની 'કવિ'ને શ્રેષ્ઠ સર્જક ગણતા. આ ત્રણ પાત્રયુગલો છે : 'મીનળદેવી-મુંજાલ', 'મંજરી-કાક' અને 'કાશ્મીરાદેવી-ત્રિભુવનપાળ'. નરસિંહરાવે તો પાનાંઓ ભરીને આ પાત્રયુગલોનાં ચરિત્રચિત્રણોમાં વિલસતી મુનશીની નવલકથાની સર્જકતાને બિરદાવી છે. '... આ વાર્તાકારને પાત્રોમાં લક્ષણ બાંધવાની, લક્ષણ વિકસાવવાની કળા, અપૂર્વ કલા અને કલાસામર્થ્યમાં મને જણાયો છે...' મંજરી-કાકના આ પ્રણયવિકાસનાં એ અદ્‌ભુત પ્રકરણો 'સ્વર્ગસીડી ચઢતાં કે ઊતરતાં ?' તથા 'ઉષાએ શું જોયું. ?' તો કેટલીયે વાર અસંખ્ય લોકોએ ટાંક્યાં છે. કારણ મુનશીની કવિતાકળાનાં તે સચોટ અને સરસ ઉદાહરણો છે.

પરંતુ મુનશીજીની નવલકથાકળાનાં શિખરો તો સિદ્ધ થાય છે તેથી અગાઉ આવી ગયેલાં મીનળ-મુંજાલના પ્રણયયજ્ઞનાં બે અત્યંત ઋજુ અને માર્મિક પ્રકરણો 'શાસન' તથા 'હૃદયયજ્ઞ'માં ૮૦ વરસો બાદ આજના આધુનિક યુગના વિવેચકોની કલાવિધાનની આકરી કસોટીમાં ઉત્તીર્ણ થાય તેવાં આ સાત પાનાં વાંચતાં આફરીન પોકારી જવાય છે :

'તે રાતના સ્મરણ-આનંદ પછી મુંજાલનું હૃદય ઘણું જ ખિન્ન રહેતું. દિવસ ને રાત તેનો જીવ ચણચણ્યા કરતો, અને અનેક પ્રવૃત્તિ હાથ પર હતી છતાં ફૂલકુંવર (મુંજાલની મૃત પત્ની) અને તેનો છોકરો મનમાં વારંવાર આવ્યા કરતાં. અને આ કારણથી મન ઉચાટમાં રહેતું હોવાથી તે મીનળદેવીને પણ નિરાંતે મળવા જતો નહીં.

રાત પડ્યા પછી મીનળદેવીએ તેને બોલાવ્યો. તે ગયો અને હંમેશના રિવાજ મુજબ આખા દિવસના સમાચાર કહી સંભળાવ્યા અને પછી રજા લેવા માંડી.

'મુંજાલ !' જરા ખિન્નતાભર્યા અવાજે મીનળદેવીએ પ્રશ્ન કર્યો. 'એક નવાજૂની રહી નથી જતી?' 'શી ?'

'તારું હૈયું ભરેલું છે તે.'

મુંજાલ ચમક્યો, સ્પષ્ટતા મેળવી હસ્યો : 'શું કહો છો ?' મારું હૈયું ?'

નયનો મુંજાલના મોં પર ઠેરવી રાણીએ જવાબ દીધો : 'હા'.

'હા' મુંજાલે વાત ઉડાવી. 'મારું હૃદય તો સદાયે ભરેલું છે.- તમારી અને રાજાની ભક્તિથી:'

'હા, ને એ સાથે બેચેનીથી પણ ભરેલું છે તે કેમ ભૂલી જાય છે !' 'કોણે કહ્યું ?'

'કોણ કહે ? જોવાને મને આંખો નથી ? પારખવાને

અંતર નથી ? મુંજાલ, હૈયું જીભે નથી લાવતી એટલે શું હૈયું જ નથી એમ માને છે ?' ઘણે દિવસે રાણીએ આ બે વચ્ચે નિષિદ્ધ થયેલી વાતો આણવા માંડી.

'ધારો કે એમ હોય, તેથી શું પોક મૂક્યે માણસ સજીવન થતું હશે ? જે વાતમાં માલ નહિ એ વાત કરવી જ નહીં.'

'ના' મીનળદેવીએ કહ્યું, 'એ વાતમાં માલ છે. અત્યાર સુધી હસવામાં વાતો થઈ છે. અત્યારે સીધેસીધી રીતે કહું છું.'

'શું ?' યુદ્ધ માટે તૈયાર થતાં મુંજાલે પૂછ્યું.

'તારે બીજી વાર પરણવું પડશે.'

'મારે - બીજી - વાર - પરણવું પડશે' ધીમેથી એકેક બોલ બોલતાં મુંજાલે કહ્યું. અને એકદમ માથું ઊંચું કરી. તેજસ્વી આંખોમાંથી ચમકતાં તેજ ફેંકતો તે બોલ્યો : 'અને નહીં પરણું તો શું કરશો ?'

'પણ' શાંતિથી અને સત્તાથી રાણીએ જવાબ દીધો, 'એ બનવાનું જ નથી ને !' રાણી ના સાંભળવા માટે તૈયાર ન હતી. 'કેમ ?'

'કારણ કે તું મારો બોલ ઉપાથે જ નહીં.'

આ જવાબથી મુંજાલના જુસ્સા પર અંકુશ આવ્યો.

'શા માટે એવી ખોટી જીદ કરો છો ? ' એથી હું વધારે સુખી થવાનો છુ ?'

'તું નહીં થતો, પણ હું થઈશ.'

'પણ આ વાત આવી ક્યાંથી ?'

'મારા હૈયામાંથી. મારે તને પ્રતાપી જોવો હતો, તે મેં જોયો. હવે મારે તને સુખી જોવો છે.'

'ના-ના, દેવી ! એ ભ્રમ છે. હું પૂરેપૂરો સુખી નથી તો ભલે નથી, પણ મારું સુખ મારી રાજખટપટમાં સમાયું છે. ને તેમની સાધના એ જ મારા જીવનનો આદેશ થઈ રહ્યો છે. હવે ફરીથી સંસાર માંડી ઘરડી ઘોડીને લાલ લગામ લગાવ્યે મને સુખ મળે ? એ તો જે છે તે ઠીક છે. વધારે ફાંફાં મારવા જાઉં તો ઘડપણમાં પગ ઘસતો થાઉં.'

'ઘરડો ? પણ તું તો બેંતાલીસનો થયો.'

'પણ સ્વભાવે ચોર્યાશીનો થયો છું ને ?'

'તેથી જ નાનો બતાવવાની યોજના કરી છે. તું કહેશે તે બધું નિરર્થક જશે. તારું વાક્ચાતુર્ય કંઈ ચાલવાનું નથી. મારો દઢ નિશ્ચય છે, તારે પરણવું પડશે'. કહી રાણી દઢ અને સત્તાવાહી નજરે જોઈ રહ્યાં. 'પણ-'

'મુંજાલ !' એકદમ સત્તાથી તેને અટકાવી રાણીએ કહ્યું. 'કેમ ?'

'દરેક દષ્ટિએ મેં વિચાર કર્યો છે. રાજમાતા તરીકે, તારી' કહી રાણી બરોબર શબ્દો બોલવા જતાં અટક્યાં અને આગળ ચલાવ્યું : 'માલિક તરીકે મારું શાસન છે, હવે થયું ?'

'પણ, મારું સાંભળો પણ નહીં ?' 'ના.'

'ત્યારે મને તમારું શાસન કબૂલ પણ નથી' કહી જીદમાં મુંજાલ ઊઠીને ઊભો થઈ ગયો.

'મારા શબ્દે સેંકડો પરણ્યાં છે, સેંકડો રાંડ્યાં છે; તે શબ્દો શું ઉથાપશે ? અને તે તું જ ?' કહી રાણી જોઈ રહી. 'બોલ, તું શું કહેવા માગે છે ?'

'દેવી ! તમે આટલા જુસ્સામાં આવી બોલો છો તે શું બતાવે છે તે ખબર છે ?' ધીમેથી મુંજાલે પૂછ્યું : 'મીનળદેવીને આવાં આપખુદ કોઈએ જોયાં છે ? તે જ બતાવે છે કે નથી મારું હૈયું બદલાયું કે નથી તમારું.'

'તેથી શું ?' 'તેથી જ બધું.'

'મને સમજ પડતીનથી' મીનળદેવીએ વિચારમાં પડી કહ્યું.

'એક ફૂલકુંવરને તો રિબાવી રિબાવી મારી નાખી; બીજીને મારી નાખવાનું મારામાં જોર નથી.'

મીનળદેવીને સખત ફટકો લાગ્યો. તે ચમકીને આભાં બની ગયાં. જાણતાં-અજાણતાં હાથ છાતી પર મૂકી દાબ્યો.

'બેઠેલા પોપડા ઉખાડવામાં માલ નહીં,ચાલે તેમ ચાલવા દેવામાં જ માલ છે.' 'મુંજાલ, મારી બીક લાગે છે ?'

'ના, મારા પોતાના હૃદયની.'

'આ પશ્ચાત્તાપથી નથી લાગતું કે એવો વખત નહીં આવે.'

'અત્યારે આપણાં હૈયાં પરથી નથી લાગતું કે એવો વખત જરૂર આવે ?'

'ના - ના. મેં ફૂલકુંવર તને ખોવડાવી,' ખિન્ન અવાજે રાણીએ કહ્યું : 'બીજી મારે અપાવવી જોઈએ.'

'ના. જેણે મને મંત્રીઓમાં શ્રેષ્ઠ થતાં શીખવ્યું તે જ મારે બસ છે.' ગર્વથી મુંજાલે કહ્યું.

થોડી વાર કોઈ બોલ્યું નહીં. આખરે રાણીએ કહ્યું : 'ભલે, જે થશે તે. તારે પરણવું તો પડશે જ.'

મુંજાલે મ્લાન વદને તબિયત વાળી દીધી ને છાતી પર માથું ઝુકાવ્યું.

'ઊલટાં આપણે દુઃખી થઈશું.'

'કદી નહીં. તને સુખી જોઈ, હું સુખ માનીશ.'

'તે પણ દુઃખી થશે.'

'નહીં થવા દઉં, તે મારા હાથમાં છે.'

'આ માત્ર જીદ છે, હોં !' 'ભલે'.

'જીદ ! જીદ !' વિચારના ઊંડાણમાંથી મુંજાલ બોલ્યો : 'હજુ યે તમારી ટેવ ગઈ નથી.' 'અને જવાની નથી.'

'ઠીક ત્યારે હું પણ રાતે વિચાર કરી જોઈશ - સવારે વાત' કહી નમસ્કાર કરી ખિન્ન હૃદયે મુંજાલ ચાલવા માંડ્યો.

મુંજાલ ગયા પછી તેણે ક્યાંય સુધી વિચાર કર્યા કર્યો; વિચાર કરતાં તેનું હૈયું ભરાઈ ગયું; રસસાગરના તરંગોની પરંપરા તેમાં ઊછળી રહી, તેની આંખમાં આંસુ આવ્યાં.

તેણે સૂવા પ્રયત્ન કર્યો પણ તેમાં સફળ થઈ નહીં. આખરે ઊઠી. બધો ગઢ શાંત હતો.

'રૂપા !' તેણે પોતાની દાસીને બૂમ મારી.

'બા !'દાસી ઊઠીને આગળ આવી.

'પેલો દીવો હાથમાં લે'.

મૂંગે મોઢે દાસીએ દીવો લીધો. અને તે અંતે મુંજાલ સૂતો હતો ત્યાં ગયાં.

રાણી અને મુંજાલનો સંબંધ નિષ્કલંક અને શુદ્ધ હતો. તેમની પવિત્રતા કલંકને સ્વપ્ને પણ આવવા દેતી નહીં. મીનળદેવીએ દાસીને બારણા વચ્ચે - જોઈ શકે પણ સાંભળી ન શકે એમ - બેસાડી; અને પોતે અગાસીમાં જ્યાં મુંજાલ સૂતો હતો ત્યાં ગઈ. રાણીએ ધીમેથી 'મુંજાલ' કહી બૂમ મારી. ચપળ અમાત્ય તરત જ જાગ્યો અને બેઠો થઈ ગયો.

'દેવી !' કહી અચંબો પામેલો મુંજાલ પથારીમાંથી નીચે ઊતરી બેઠો. મીનળદેવી પથારીની કોરે બેઠી.

'મુંજાલ, તું ગયો પણ મને ઊંઘ ન આવી. આ બાબતની વાત આપણે પૂરી કરવી જોઈએ.'

'શું પૂરી કરીએ ? તમે મને પરણાવવા માગો છો; મારે પરણવું નથી. તમે ધારો છો કે હું તેથી સુખી થઈશ. હું માનું છું કે આપણે બંને દુઃખી થઈશું. એમાં હવે પૂરું શું કરવું હતું?'

'પૂરું કરવાનું હજી ઘણું છે.' 'શું ?'

'મારા પાપનું પ્રાયશ્ચિત્ત, મુંજાલ ! તું નિઃસ્વાર્થ છે. કોઈ દિવસ તેં એમ વિચાર કર્યો કે આપણા બેમાં હું ઘણી જ અધમ અને સ્વાર્થી છું ?' 'ના.'

'ત્યારે એ તારી મોટાઈ દેખાડે છે, એટલું જ.'

'કેમ ?' જરા હસીને મુંજાલે કહ્યું.

'કેમ શું ? મારે અત્યારે બધું ભર્યું-પૂર્યું છે. સ્નેહ સમર્પણ કરવા મહારાજની યાદ છે; કલ્પનાનો આનંદ ભોગવવો હોય તો તું છે. મારું હૈયું ઠારવા જયદેવ જેવો જાયો છે. માન અને શક્તિની ભૂખ પૂરવા વહુઓ છે. અને તારે કોઈ નથી.'

'કેમ કોઈ નથી ?' કૃત્રિમ હાસ્ય કરીને મુંજાલે પૂછ્યું : 'તમે છો, જયદેવ છે, ત્રિભુવન છે.'

'નામનાં - કહેવાનાં - તને બધાની ખોટ છે. તું તો અરણ્યમાં એકલ ઊભેલા તાડ જેવો અટૂલો છે.' કહી મીનળદેવીએ આંસુ લૂછ્યાં. મુંજાલનું હૈયું પણ જરા ભરાઈ આવ્યું. 'સંસાર, મર્યાદા, જાતિ મને તારાથી દૂર રાખે છે. તારી ધાક બીજાને દૂર રાખે છે, એટલે તું તો એકલો ને એકલો જ.'

'દેવી, દેવી,' મુંજાલે કહ્યું: 'આવું આવું શા માટે બોલો છો ? નકામું તમારું હૃદય ચિરાય છે. ને મારું હૃદય ભેદાય છે.'

'ચિરાવા દે, પણ કોઈ વખત અંદર રહેલા વિચારો બહાર નીકળવા તો દે. જ્યારે તારો ને મારો હું વિચાર કરું છું. ત્યારે મારો જીવ કહ્યું કરતો નથી.' 'કેમ ?'

'કેમ શું ? પ્રભુએ મૂંગા રહેવા તો સર્જ્યાં છે. પણ હું નહીં ગાઉં ત્યારે તારા ગુણ કોણ ગાશે ?'

'પણ મારે ગુણ ગવરાવવા નથી. હું જે કાંઈ કરું છું તે મારા સ્વાર્થ માટે કરું છું.'

'મુંજાલ !' રાણી વચ્ચે બોલી : 'પાંચ વર્ષ પહેલાં હું એ માનત. તને ખબર છે ? જુવાનીનું હૃદય બધું લેવા માગે છે. આધેડ વયે આપવા ઈચ્છે છે. મારે રાણી થવું હતું; મારા પાટણને પ્રભાવશાળી બનાવવાનું હતું. મારા દીકરાને તેનો માલિક બનાવવાનો હતો. એ બધું કામ કરવાનું મેં તારી પાસે વચન લીધું; અને તે વચન તેં પાળ્યું. પહેલાં મારામાં મદ હતો, હવે તે ગળી ગયો છે. તેં શું કર્યું તે હું જોઈ શકું છું. આ વચન પાળવા તેં અભિમાનનો, સુખનો, સ્વાર્થનો, સંસારનો ત્યાગ કર્યો. ભરયુવાનીમાં મારી જેવી સ્વાર્થીના હાસ્યને તારું ધ્યેય બનાવી તું અડગ પ્રેમતપ આચરી રહ્યો. તારી બાહોશી ને બુદ્ધિનો અખૂટ ભંડાર મારા પગ આગળ ખાલી કર્યો. તું સ્વાર્થી હતો છતાં મારે ખાતર પરમાર્થી બની રાજભક્ત થઈ રહ્યો. સંસારી છતાં તું મારે માટે સંન્યાસી બન્યો. મુંજાલ ! મુંજાલ ! તેં શું કરવામાં મણા રાખી ? જોઉ છું. તું નહીં હોત તો મારું ને મારા દીકરાનું શું થાત ?'

'દેવી ! કેટલું કહેશો ? માત્ર જમા પાસું જ દેખાડશો ! હું આ બધું કોના પ્રતાપે કરી શક્યો તે કેમ વીસરી જાઓ છો?'

'તારે પોતાને.'

'ના, તમારા પ્રતાપે. મારી બુદ્ધિ ચાલી હોય તો તમારી પ્રેરણાથી. મારો બાહુ ચાલ્યો હોય તો તમારી શક્તિથી. તેથી જ દેવી, હવે એ પ્રેરણા, એ શક્તિ નથી છોડાતાં. તે જીવનના તંતુએ તંતુ સાથે વણાઈ ગયાં છે. તેથી જ હવે નવો વણાટ વણવાની હિંમત નથી ચાલતી ને મન પણ નથી થતું.'

'એ જ ભૂલ છે.' 'કેમ ?'

'તારા વિચાર હજી યુવાનીની આંખે જુએ છે. તને ભાન નથી તારું હૈયું જુવાન નથી.' 'કોણે કહ્યું ?'

'હું કહું છું. આઘી બેઠી બેઠી તારી રગેરગ પારખી શકું છું.'

'તમે શું પારખ્યું ?' 'ઘણી વસ્તુઓ. એક તો એ કે સત્તા, પ્રભાવ એ જુવાનીમાં ચાલે; આધેડ વયે તો જીવનનું લક્ષ્યબિંદુ પલટાય.' 'તમારા અનુભવથી કહો છો ?'

'હા, અને તારા અનુભવથી પણ.'

'એટલે તમે એમ માનો છો કે મારામાંથી સત્તાનો શોખ મહત્તાની અભિલાષા જતાં રહ્યાં છે ?'

'ના, પણ સુખની અભિલાષા વધી છે.'

'ત્યારે તમારી ભૂલ છે, હું તેવો ને તેવો જ છું.'

'ત્યારે તું નરપિશાચ હોવો જોઈએ. પણ તે તું નથી; તું તો બત્રીસ લક્ષણો છે. તારા સંસ્કાર પૂરેપૂરા ખીલ્યા છે. માટે જ તારો પ્રભાવ સાચવી રાખવા યોગ્ય સામગ્રી જોઈએ.'

'ને એ શું બૈરી પૂરી પાડશે ?' 'હા', 'કેવી રીતે ?'

'તને સંસાર જોડે સોનાની સાંકળે બાંધશે. ખરું કહે, તને પોતાને નથી લાગતું કે તું એકલો-અટૂલો થઈ ગયો છે ?' 'રાણીએ સ્નેહભરી નજરે પૂછ્યું. એ દૂર બેઠાં હતાં. ધીમેથી, સંયમથી વાત કરતાં હતાં. પણ એમનાં નયનોમાં પ્રેમનાં પ્રતિબિંબ પડતાં હતાં.

'ખરું કહું ?' શોકમય અવાજે મુંજાલે કહ્યું : 'લાગે છે તે દિવસે સજ્જન મહેતાના વાડામાં ગયો ત્યારે મારો જીવ છંદે ચડ્યો હતો. મને શેઠાણી યાદ આવ્યાં. જો તેનો છોકરો જીવ્યો હોત તો મને આટલું લાગત નહીં.'

રાણીએ કપાળ પરથી પરસેવો લૂછી વેદનાની કરચલીઓ દૂર કરી : 'હું શું કહેતી હતી ?' 'તમારી વાત ખરી છે. પણ આ ઉંમરે નવા પ્રયોગ કરવાની હિંમત નથી.'

'મૂરખ છે. એમાં શું ?'

'પછી આપણું શું ?' માર્મિક દૃષ્ટિ નાખી મુંજાલે પૂછ્યું.

'મુંજાલ !' ગંભીર અવાજે રાણીએ કહ્યું : 'આપણે ખાતર જ તારે પરણવું જોઈએ.' 'કેમ ?' 'જ્યાં સુધી તું આમ એકલો રહીશ ત્યાં સુધી આપણાં હૃદય કલંકિત રહેવાનાં.'

'શું કહો છો ?' મુંજાલે ચમકીને પૂછ્યું.

'મુંજાલ ! તું નથી પરણતો કારણ તારાથી ચંદ્રપુરની મીનળકુંવરી વીસરાતી નથી. હું મારા હૃદયથી તને પરણાવવા નથી માગતી. કારણ તું ચંદ્રપુર આવેલો યુવાન નગરશેઠ જ છે એમ મારું હૈયું માનવા માગે છે. બંનેના વિચારમાં પાપ છે.'

'દેવી ! પાપ એ ભયંકર શબ્દ છે, વરસો થયાં આમ રહ્યાં છતાં પાપ ?'

'હા ! આપણે ડાહ્યાં છીએ, નીતિમાન છીએ, છતાં પાપી છીએ. બે હૈયાં એક તાલે નાચે છે.' મુંજાલ જોઈ રહ્યો. રાણીએ આગળ ચલાવ્યું : 'એટલું જ નહીં પણ હજુ એમ નાચ્યા કરવા માગે છે. એ બંધ કરવું જોઈએ.'

'એ કંઈ બંધ થવાનું હતું ?' 'ભલે બંધ ન થાય પણ એકતાલે નાચવા દેવાની સુગમતા શા માટે કરી આપવી ? મુંજાલ ! તું મંત્રીઓમાં શ્રેષ્ઠ થાય તે મારે જોવાનું છે. હું સતીઓમાં શ્રેષ્ઠ થાઉં એ તારે જોવાનું.'

'અને તમે તો છો જ દેવી ! આટલો પ્રેમ છતાં, આટલી સુગમતા છતાં, આટલા પ્રસંગ છતાં, આવું સતીત્વ કોણ સાચવી રહ્યું છે ?'

'ના, મુંજાલ, ના ! મારું સતીત્વ તું પરણે ત્યારે સંપૂર્ણ થાય'

'કેમ ?' 'તું કોઈ બીજાનો થાય એ મને સાલે છે, કારણ કે હું તને મારો ગણું છું. જ્યાં સુધી એ હૈયું સાલે છે ત્યાં સુધી એ નિમકહરામ છે. કોઈ જાણતું નથી, પણ એ જીવતું જાગતું કલંક છે. એ કલંક તને પરણાવી મારે દૂર કરવું છે.'

'એટલે !' ઊંડા વિચારમાં પડેલો મુંજાલ ધીમેથી બોલ્યો : 'તમારે મારા પરથી હકદાવો ઉઠાવવો છે ?' 'ના તું મારો જ છે. કાચા સૂતરને તાંતણે બાંધેલો.' 'ત્યારે !' 'પણ મારે એ તાંતણો શુદ્ધ અને દૈવી બનાવવો છે. એમાં મારે અપવિત્રતાનો અંશ જોઈતો નથી. મારા હૈયાની મારે આહુતિ આપવી છે. તે વગર મારું સતીત્વ કેમ સિદ્ધ થાય ? તે વગર આપણી પ્રતિજ્ઞા કેમ પળાય ?'

'દેવી, તમે તો ગુરુઓનાં પણ ગુરુ છો. આપણી પ્રતિજ્ઞા પાળતાં હૈયાનાં ટીપેટીપાં સુકાઈ જશે.'

'મુંજાલ ! આવી પ્રતિજ્ઞા આપણા જેવાં જ કરે ને પાળે. એમાં જ આપણી મોટાઈ છે. એમાં જ આપણે રાચવું જોઈએ.'

'તે તો મને પણ લાગે છે.' વિચારમાંથી મુક્ત થતાં દૃઢતાથી મુંજાલે કહ્યું : 'ખરી વાત છે. આપણી પ્રતિજ્ઞા પર જ આપણી મહત્તા રચાઈ છે. જો આપણને સુબુદ્ધિ નહીં આવી હોત; જો આપણે કલંકિત થયાં હોત, તો આજે પાટણનું નામનિશાન ન હોત. આજે દેખાતા સૂર્ય સમા તેજસ્વી ભવિષ્યનું ક્યારનું યે ગ્રહણ થઈ ગયું હોત.'

પાંચ પળ બંનેએ એકબીજાં સામે જોયા કર્યું. પ્રતિજ્ઞાના સ્મરણે પેદા કરેલા પવિત્ર વાતાવરણથી બંને જણ ગંભીર બની નિઃશબ્દ થયાં. થોડી વારે મીનળદેવીએ પૂછ્યું : 'કેમ હવે પરણશે ?' મુંજાલે માત્ર ડોકું છાતી પર ઝુકાવ્યું.

'મુંજાલ !' કહી મીનળદેવી ઊભી થઈ ગઈ. મુંજાલ પણ ઊભો થયો. પણ તે અસ્વસ્થ બની ભોંય સામે જોઈ રહ્યો. મીનળદેવી તેની પાસે ગઈ. ધીમેથી તેના ખભા પર હાથ મૂક્યો, 'મુંજાલ, ખેદ કરવાનું કામ નથી.'

'હું ખેદ કરતો નથી' મહામહેનતે ગળું ખંખેરી મુંજાલે કહ્યું : 'હું તો એક મુનિરાજનો પ્રશ્ન સંભારું છું.' 'ત્યાગ મોટો કે તૃપ્તિ!' 'તું શું ધારે છે ?' મુંજાલના હૈયામાં ચાલતી ઘડભાંગ જોઈ, આંસુ લાવી મીનળદેવીએ પૂછ્યું.

'તમારી આજ્ઞા છે કે ત્યાગ મોટો.' 'પણ તું શું ધારે છે?'

'હું ધારતો નથી. હું તમારી આજ્ઞા પાળું છું. ત્યાગ મોટો - તૃપ્તિ નહીં.' કહી નિશ્ચયાત્મક બુદ્ધિથી તબિયત વાળી મુંજાલે ઊંચું જોયું અને રાણી સામે સ્થિર નયને જોઈ રહ્યો : 'દેવી, તમે ખરેખરાં જગદંબા છો.'

'મુંજાલ' અશ્રુપૂર્ણ અવાજે મીનળે કહ્યું : 'તે તારે જ લીધે.' અને ત્યાંથી ઝપાટાબંધ ચાલી ગઈ.

આટલું વાંચતાં એવું નથી લાગતું કે ૧૯૨૪ થી ૧૯૨૭ સુધીનાં ચાર વર્ષો સુધી જાણે મુનશીજી સ્વયં મુંજાલ બની ગયા હોય અને લીલાવતી શેઠ મીનળદેવી બની રહ્યાં હોય તેમ 'તૃપ્તિ કરતાં ત્યાગ મોટો'ની શાસ્ત્રભાવના અક્ષરશઃ પાળવા જીવ વલોવીને મથ્યાં હતાં ? વિધિના ખેલ તો જુઓ ? આ પ્રકરણો લખાણાં ૧૯૧૭માં, તે આત્મકથાના અંશ બન્યાં તો ત્યાર બાદ. તો શું મુનશીને તેમના પૂર્વજ ભાર્ગવ પરશુરામે પરાદૃષ્ટિનાં વરદાન દીધેલાં ? (ક્રમશઃ)

કંકાવટી

સેલી લિલીયન્થોલ



વિશ્વમાં ઘણી બધી મહિલાઓએ જાતજાતનાં આગળ પડતાં ઉપયોગી કાર્યો કર્યાં છે. શ્રી સેલીએ જે કામ કર્યું છે એથી એ બધાથી થોડી ઊંચી હોય એવું લાગે છે. તો આ સેલીબહેને એવું શું કર્યું છે?

સેલી લિલીયન્થોલનો જન્મ ઈ.સ. ૧૯૧૯માં પોર્ટલેન્ડમાં થયો હતો. ૧૯૪૦માં બેચલરની ડિગ્રી મેળવી. એમની કોલેજનું નામ હતું સારાહ લૉરેન્સ કોલેજ. એમનો વિષય હતો અંગ્રેજી. ત્યાર પછી ઈ.સ. ૧૯૪૧થી ૧૯૪૪ સુધી યુ.એસ.ની War Information Officeમાં લેખિકા તરીકે કામ કર્યું. પછીથી સાન્ફ્રાન્સિસ્કોની, સિવિક યુનિટિ કાઉન્સિલમાં Researcher on Minority Employment તરીકે પાંચ વર્ષ કામ કર્યું એટલું જ નહિ, પણ તેઓ એક સુંદર કલાકાર-શિલ્પી તરીકે ખૂબ કાર્યરત રહ્યાં. પછી એમને રાજકીય કેદીઓ વિશે વિચાર આવ્યો. એના જાણકાર સાથે ચર્ચા કરી, Ginetta Sagan સાથે Amnesty Internationals Western Region (કેદીઓની સાર્વત્રિક માફી વિષે)ની સ્થાપના ઈ.સ. ૧૯૭૧માં કરી. એમનું કલાકાર હૃદય કલાને કેવી રીતે ભૂલે? ઈ.સ. ૧૯૭૯માં સાન્ફ્રાન્સિસ્કોના Museum of Modern Artમાં Rental Galleryની સ્થાપના કરી. પછીથી એમને વિચાર આવ્યો શસ્ત્રનિષેધનો. શસ્ત્રો બનાવવાથી આખા વિશ્વમાં કેટલું નુકસાન થાય છે એ વિચાર એમને સતાવતો હતો. અમેરિકન સરકાર શસ્ત્રનિષેધ માટે હજી તૈયાર નહોતી. ૧૯૮૧માં એમણે Plough Shares Fundની સ્થાપના કરી અને એનાં સ્થાપક બન્યાં. આજ સુધી પણ એમની ૭૭ વર્ષની ઉંમરે એક કૉલેજમાં ભણતી યુવતીની જેમ તે કાર્ય કરે છે.

ઈ.સ. ૧૯૯૦માં એમને United Nations Association તરફથી Eleanor Roosvelt Humanitarian Award આપવામાં આવ્યો.

૭૭ વર્ષની વયે ૧૫ વર્ષ પહેલાં પ્લાઉશેર ફંડ શરૂ કર્યો હતો. પોતાની પાસે કાંઈ મૂડી નહોતી. પણ એક અદમ્ય ઇચ્છાથી એ શસ્ત્રનિષેધ માટે ફંડ શરૂ કરી શક્યાં. ન્યૂક્લીઅર વૉરના ડરથી એને રોકવાની પ્રબળ ઇચ્છા જાગી. એમાંથી પ્લાઉશેર ફંડનો જન્મ થયો. ૨૫૦૦ જેટલા દાતાઓ ઊભા કર્યા. ૪ મિલ્યન ડૉલરનું ભંડોળ કર્યું. પછી એમણે સંસ્થા સ્થાપી. આનું નામ રાખ્યું Plough Shares Fund. આને કાર્યાન્વિત કરવા ઘણા શક્તિશાળી લોકોને આ સંસ્થામાં સલાહ લેવા રોકી લીધા હતા. આ બધાની મદદથી આ સંસ્થાએ લોકોનો વિશ્વાસ મેળવ્યો છે. લોકોને શસ્ત્રનિષેધની નીતિમાં રસ પડ્યો અને આ નીતિ પર શ્રદ્ધા જાગી.

જ્યારે વિશ્વની પરિસ્થિતિ ખૂબ જ વણસી ગઈ હતી, યુદ્ધને લઈને શસ્ત્રો બનાવવાની સ્પર્ધા ચાલી રહી હતી, ત્યારે એમણે આવી શસ્ત્રવિરોધ કરતી સંસ્થા સ્થાપી. કહો, એક સામાન્ય સ્ત્રીની કેટલી હિંમત! પરિસ્થિતિ આવી હતી. આવાં શસ્ત્રો બનાવવાથી આંતરરાષ્ટ્રિય તંગદિલી વધતી જતી હતી. થોડાંક જ વર્ષોમાં Thermonuclear Physcist Edrard Teller અને એના સાથીઓની સલાહથી પ્રેસિડન્ટ રોનાલ્ડ રિગને ૧૯૮૩માં આવી ખૂબ જ ચર્ચાસ્પદ નીતિ ચાલુ કરી.

આજે પણ Pentagon's Ballistic missile Defense Organization નામની સંસ્થા છે. એની સાથી બીજી સંસ્થા Nuclear Proliferation, Nuclear Terrorism અને International Arms Trade ચાલુ છે. આથી પ્લાઉશેર્સને નવા નવા પડકાર મળતા રહે છે. જોકે હવે તો ઠંડા યુદ્ધનો અંત આવ્યો છે.

કોઈ પત્રકારે એમને પૂછ્યું : 'હાલના જમાનામાં પ્લાઉશેસનું મહત્ત્વનું કાર્ય શું છે?' એમણે કહ્યું : 'અત્યારે હવે આંતરરાષ્ટ્રિય શસ્ત્રવ્યાપારનો ભય ઓછો થયો છે. દરેક જાતની અમેરિકન શસ્ત્રોની નિકાસ બંધ કરાવી છે. છેલ્લા જ વર્ષમાં અમેરિકન સરકારે ૭.૬ બિલ્યન ડૉલર શસ્ત્રોને બહાર વેચવા માટે ખરચ્યા છે. અમેરિકન ટેક્નોલૉજી સામે જ જ્યારે અમેરિકન સૈનિકો, પનામા, સોમાલિયા અને ઇરાક ગયા ત્યારે એમને અમેરિકન શસ્ત્રો સાથે જ લડવું પડ્યું હતું.'

આવા બધા બનાવોથી પ્લાઉશેર્સ વરસના ૧.૫ મિલ્યન ડૉલર ખર્ચે છે. એક ખૂબ ભણેલા ફિઝિસિસ્ટ તેઓ રાખે છે, જે આ બધું બરોબર સંભાળે. આવું કોઈ ન મળે તો કોઈ યુવાનને પૈસા આપીને ભણાવી તૈયાર પણ કરે છે. આ ફિઝિસિસ્ટનું પગારધોરણ પણ સરખું જ રાખે છે. જ્યાં સુધી યુદ્ધ અને શસ્ત્રોનો ભય હશે ત્યાં સુધી પ્લાઉશેર્સ ચાલુ રહેશે.

શ્રી સેલી વગેરેના નિકટના સલાહકાર છે Frank Von Hippel. એ Foreign Affairsમાં નિષ્ણાત છે. એ આ સંસ્થામાં દર અઠવાડિયે એક વાર આવે છે.

સાત વર્ષ પહેલાં એને વિચાર આવ્યો કે યુવાન રશિયનો અને અમેરિકનો ન્યૂક્લીઅર સાયન્ટિસ્ટ હોય તો કેવું? એને

(અનુસંધાન પૃ. ૩૭૦)

પ્રસંગપરાગ

સલામ, એક સન્નિષ્ઠ શિક્ષકને

૧૯૮૨-૮૩ની સાલના ગાળાની આ વાત છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારની શાળાના ધોરણ ૫-૬-૭માં અંગ્રેજીનો વિષય શીખવતા કોઈ એક શિક્ષકે અંગ્રેજી વ્યાકરણ વિષેનું સામાન્ય જ્ઞાન આપતી એક પુસ્તિકા પ્રકાશિત કરી. તે જ શાળાના આચાર્યશ્રીએ તેનો આમુખ લખી તેને વધાવેલી એટલું જ નહિ, પણ વર્ગોમાં જાહેરાત કરી કે ૫-૬-૭નાં બધાં જ વિદ્યાર્થીઓએ તે શાળામાંથી ખરીદવી. કિંમત હતી રૂપિયા ત્રણ. વધુમાં એમ પણ જાહેર કરવામાં આવેલું કે પરીક્ષામાં અમુક ચોક્કસ ટકાના પ્રશ્નો તેમાં જ પુછાશે. પુસ્તિકામાં વ્યાકરણ વિષયક - નામનું બહુવચન કરવાનાં, લિંગ બદલવાનાં, વિરોધી શબ્દ આપવાનાં, ખાલી જગ્યાઓ પૂરવાનાં અને ગુજરાતીનું અંગ્રેજી અને અંગ્રેજીનું ગુજરાતી કરવાનાં મનોયત્ન આપેલાં, અને તે બધાના જવાબો પણ તેમાં જ છાપેલા અને તે પ્રમાણે જ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉત્તરો લખવા તેવી સૂચના પણ વધારામાં આપેલી.

ત્યારે મારી પાસે તે શાળાના તે જ ધોરણોના વિદ્યાર્થીઓ અંગ્રેજી શીખવા આવતા. ખ્યાલ છે તે પ્રમાણે આ ઘટના જુલાઈની શરૂઆતમાં બનેલી. સપ્ટેમ્બરના બીજા-ત્રીજા સપ્તાહમાં તે સમયે પ્રથમ કસોટી લેવાતી. તેથી મારી પાસે ભણવા આવતા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત પુસ્તિકા મને આપી અને તેમાંથી આપેલા વ્યાકરણના જવાબો પ્રમાણે શીખવવા માગણી કરી. હું આખીયે ચોપડી જોઈ ગયો. તેમાંના પ્રશ્નો તેમજ જવાબોમાં પાને પાને અનેક ક્ષતિઓ નજરે પડી. તે બધી ભૂલો નીચે મેં લાલ શાહીથી લીટીઓ કરી. આજ પંદર વરસે તેમાંનું મોટા ભાગનું તો ભુલાઈ ગયું છે, પણ અંગ્રેજીમાં ભાષાંતર કરવા માટે આપેલું એક ગુજરાતી વાક્ય 'વરસાદ વરસે છે', હજી બરાબર યાદ છે તેમાં તેનો જવાબ આપેલો : 'The rain rains.' 'વરસાદ વરસે છે'નું 'It rains' જ થાય. મેં વિદ્યાર્થીઓને કહ્યું કે આવું ખોટું અંગ્રેજી હું કોઈ પણ સંજોગમાં શીખવીશ નહીં. હું તો જે સાચા જવાબો હશે તે પ્રમાણે જ શીખવીશ. ઘેર જઈ તેમણે તેમનાં વાલીઓને આ વાત કરી. તેમાંનાં બે-ત્રણ જાગ્રત વાલીઓ મારી પાસે આવ્યાં અને રજૂઆત કરી કે હું તેમને તે પુસ્તિકા પ્રમાણેના જવાબો તૈયાર નહીં કરાવું તો તેમનાં બાળકો પરીક્ષામાં ગુણ ગુમાવશે. મેં લાલ લીટીવાળી પુસ્તિકાનો હવાલો આપી તેમને જ કહ્યું કે મારે શું તમારાં બાળકોને ખોટું અંગ્રેજી શીખવવું? તેઓએ મને પૂછ્યું કે તો શું કરવું. તેમને મેં નિશાનીઓ કરેલી પુસ્તિકા લઈ શાળાના નિયામકશ્રીને રૂબરૂ મળી રજૂઆત કરવા સલાહ આપી.

તેઓ નિયામકશ્રીને બીજે જ દિવસે રૂબરૂ મળ્યા. પુસ્તિકા તેમના હાથમાં મૂકી અને બધી વિગતે વાત કરી. નિયામકશ્રી પુસ્તિકાનાં પાનાં જોઈ ગયા. અનેક ક્ષતિઓ જોઈ, વાલીઓની ફરિયાદ સાંભળી, નિયામકશ્રીનો શિક્ષક જીવ કકળી ઊઠ્યો. તેઓ તો આ પુસ્તિકા વિષેની બધી જ વાતથી સદંતર અજ્ઞાત હતા. ક્ષણભર તો તેમનો પુણ્ય પ્રકોપ ભભૂકી ઊઠ્યો. પણ તરત જ સ્વસ્થતા પ્રાપ્ત કરી અને વાલીઓને તે બાબત તાત્કાલિક ઘટતું કરવાની બાહેંધારી આપી, ક્ષમા માગી વિદાય કર્યા.

તેઓ જાતે તરત જ ધો. ૫-૬-૭ વિભાગના આચાર્યશ્રીની ઑફિસમાં ગયા. પુસ્તિકા બતાવી, વિદ્યાર્થીઓને ત્રણ રૂપિયા પરત કરી વિતરણ કરાયેલી બધી જ નકલો પરત મંગાવી લેવા સૂચના આપી. ન કોઈ રોષ, ન કોઈ ઠપકો, ન કોઈ ઉગ્રતા; માત્ર ખિન્નતા. સૂચના પ્રમાણે વિદ્યાર્થીઓને ત્રણ રૂપિયા પરત કરી બધી જ નકલો પાછી મેળવી લેવામાં આવી અને શાળાના પ્રાંગણમાં જ ખુદ નિયામકશ્રીએ બધી જ નકલોનો દહનવિધિ સ્વહસ્તે જ કર્યો. તે પ્રાંગણ એટલે સી.એન. વિદ્યાવિહારનું પ્રાંગણ અને નિયામકશ્રી તે સ્વ. ઝીણાભાઈ દેસાઈ - સ્નેહરશ્મિ. ઊંચા ગજાના સંનિષ્ઠ શિક્ષક! એવા એક સાચા શિક્ષકને સલામ.

- ધનુભાઈ મહેતા

અનુસંધાન] **કંકાવટી** [પૃ. ૩૬૯થી

એક ગ્રીષ્મશાળા ખોલવાનો વિચાર આવ્યો. સૌથી પહેલાં એણે મૉસ્કોમાં આવી ગ્રીષ્મશાળા શરૂ કરી. અહીં બધા વિજ્ઞાનીઓ એકબીજાને મળે અને જાહેર જનતાના ન્યૂક્લીઅર શસ્ત્રોના વિચારોને સમજાવીને હળવા કરે. આજ સુધી આવા ઉનાળુ વર્ગ ચાલે છે.

હવે તો આમાં ભારત અને પાકિસ્તાનના યુવાનો પણ ભાગ લેવા આવે છે. કારણ કે અત્યારે તો આવાં ન્યૂક્લીઅર શસ્ત્રોનો સળગતો પ્રશ્ન છે. એને ઠારવો તો પડશેને?

શ્રી સેલીએ આટલું બધું કર્યું છે. એના જીવનમાં અનેકવિધ શોખ ફાલ્યાફૂલ્યા છે. કલાથી માંડીને રાજકારણ સુધી, એક નાગરિકના હક, એક માણસ તરીકેના હક માટે એણે ખૂબ જ મહેનત કરી છે. એ પોતે આજે ૭૭-૭૮ વર્ષનાં છે; પણ યુવાન જેટલાં ઉત્સાહી છે. એક ડૉલરની કિંમત બરોબર સમજે છે. એમણે ઘણી મોટી, કુશળ વહીવટ કરતી વ્યક્તિઓ સાથે, પોતાના ધ્યેયને સાંકળીને સંબંધો બાંધ્યા છે. પૈસા ભેગા કરવા માટે ધનિકો સાથે ખૂબ જ નમ્ર સંબંધો કેળવ્યા છે. એમની સાથેના ફિઝિસિસ્ટ અને ટેક્‌નિશ્યનને એમણે મિત્રો બનાવ્યા છે.

સાન્ફ્રાન્સિસ્કોમાં મથક રાખીને Banning the Bonb નામની સંસ્થા પણ શરૂ કરી હતી એ હજી ચાલે છે.

કેવું અદ્‌ભુત કામ!!

[સાન્ફ્રાન્સિસ્કો ક્રૉનિકલના આધારે]

- તરલિકા આચાર્ય

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર **અવંતિકા ગુણવંત**



લીનાબહેન મંગળદાસ

[આધુનિક અમદાવાદના ઇતિહાસમાં જેમાના કુટુંબનું નામ આદરપૂર્વક લખાયું છે એ અંબાલાલ સારાભાઈ અને સરલાદેવીનાં આઠ સંતાનોમાં ૧૯૧૫માં જન્મેલાં ચોથા ક્રમનાં લીનાબહેનનો ઉછેર એ કુટુંબના મુક્ત અને વૈભવી છતાંય ફરજપરસ્ત સ્નેહમય વાતાવરણમાં સાવ અનોખી અને વિશિષ્ટ રીતે થયો છે. ૧૯૩૭માં અગ્રગણ્ય ઉદ્યોગપતિ મદનમોહન મંગળદાસ સાથે લગ્ન. બે સંતાનો કલ્પના અને કમલ. કલ્પનાનું દોઢ વર્ષની ઉંમરે અવસાન. પોતાના બાળકના મૃત્યુથી, એ પ્રેમપાત્રતા ફૂટી જવાથી, માતૃસ્નેહનો પ્રવાહ સુકાઈ ન ગયો, પણ તેની વિપુલતાનું દર્શન થયું.૧૯૪૭માં બાળકોની શાળા શ્રેયસના ઉદ્‌ભવમાં સમાજને એક બેનમૂન આદર્શ શિક્ષણસંસ્થા મળી. તેઓ એક કલાકાર છે, સાહિત્યકાર છે, ચિંતક છે, કેળવણીકાર છે, માનવતાપ્રેમી છે, સંપૂર્ણપણે શ્રેયસને સમર્પિત છે. અત્યારે ય તેઓ શ્રેયસની નાનામાં નાની વ્યવસ્થા પર અંગત દેખરેખ રાખે છે.]

પ્ર. એક મનોરમ કલ્પના જેવું આદર્શ શિક્ષણધામ અમદાવાદને ભેટ આપ્યું એ માટે માત્ર અમદાવાદ કે ગુજરાત નહિ દરેકે દરેક બાળપ્રેમી વ્યક્તિ સદૈવ કૃતજ્ઞભાવે આપને યાદ કરશે બરાબરને ?

ઉ. (તદ્દન અલગારી સૂરમાં, આંખોમાં સ્નેહ લાવીને) શું કામ ? હું કોણ છું, મેં આ કર્યું એવું માનવાની જરૂર શી છે? મને જે મન થાય છે એ હું કરું છું. બાળકો ગમે છે, બાળકો માટે કાંઈક હું કરીશ, એ વાત તો મેં ચૌદ વર્ષની ઉંમરે મારી ડાયરીમાં લખી હતી.

બાળકના વિકાસનાં શારીરિક તબક્કા જેમ કુદરતને આધીન છે એ પ્રમાણે બાળકનાં ઇન્દ્રિય, બુદ્ધિ અને ઊર્મિનો વિકાસ કુદરતને આધીન છે, માટે એના વિકાસ માટે કોઈ જબરજસ્તી ન કરવી જોઈએ. માવતર અને શિક્ષકે માળીની જેમ એનું લાલનપાલન કરવું જોઈએ, કડિયાની જેમ આકાર આપવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.

જન્મથી માંડીને ત્રણ વર્ષનો ગાળો બાળક માટે બહુ અગત્યનો છે. શૈશવ, બાલ્યકાળ, કૈશોર્ય ઇત્યાદિ જુદી જુદી અવસ્થામાંથી બાળક પસાર થઈ વિકાસ સાધે છે. આપણે એને યોગ્ય વાતાવરણ, ભૂમિકા પૂરાં પાડવાનાં છે. કોઈ આગ્રહ નથી રાખવાનો. આજના યુગમાં માવતર અને સમાજને પ્રગતિ માટે એટલી બધી મહત્ત્વાકાંક્ષા અને ઉતાવળ આવી ગઈ છે કે બાળક બોજ, ચિંતા, અસલામતી અને અજ્ઞાત ભયથી કચડાય છે, રૂંધાય છે.

શ્રેયસમાં એ બધા આગ્રહોને દેશવટો છે. બાર વર્ષથી નાના બાળક માટે નથી પરીક્ષા કે નથી નિયત પાઠ્યપુસ્તક, નથી હરીફાઈ કે નથી શિક્ષા. શ્રેયસમાં દરેક કાર્ય સંઘભાવનાથી થાય છે. એ પરસ્પરાવલંબન છે. 'ચાલો વાંચીએ, ચાલો ગાઈએ' એમ બોલાય છે. અહીં સમાજના દરેક સ્તરમાંથી બાળક આવે છે, ફી એની આર્થિક સ્થિતિ પ્રમાણે લેવાય છે. કોઈ નીચલા થરના બાળક પાસેથી કશું નથી લેતાં. બધાને સમાનભાવે રખાય છે.

પ્ર. શ્રેયસનો ઉદ્‌ભવ કેવી રીતે થયો તે કહેશો ? આજે એની સ્થિતિ શી છે ?

ઉ. શાહીબાગમાં એક જૂના માટીના ઘરમાં શ્રેયસનો ઉદ્‌ભવ થયો અને આજે આંબાવાડી વિસ્તારની ટેકરી પર કેટલાય એકરોમાં શ્રેયસ પ્રતિષ્ઠાન ચેરિટી ટ્રસ્ટ વિસ્તર્યું છે.

સેંકડો વૃક્ષો અને ઘાસ આચ્છાદિત ઢોળાવવાળી જમીનમાંથી જાણે સ્વયંભૂ રીતે પ્રગટ્યા હોય એવા નાજુક કલાત્મક મકાનોમાં નૃત્ય-નાટ્ય-કલાનાં ભવનો, ખુલ્લી વિશાળ નાટ્યભૂમિ, કલાસંગ્રહાલયો, ઉદ્યોગશાળાઓ, વિજ્ઞાનભવન, પુસ્તકાલય, સ્નાનાગાર, શિશુ-બાલ-કિશોરશાળાઓ, રસોઈઘર, ભોજનગૃહ, સભાગૃહ, યંત્રશાળા, છાપશાળા છે.

કાર્યકરનિવાસ, કારીગરનિવાસ અને છાત્રાવાસ છે. SOS (Save our soul) સાથે સંકળાયેલ બાલગ્રામ છે, જ્યાં માતાપિતા-વિહોણાં, ઘર વગરનાં બાળકો માટે ઘર છે, જ્યાં એક મા હોય ને એને દસ બાળકો સોંપાય છે.

અહીં ક્રીડાંગણ છે, હરણવન છે અને શિબિરભૂમિ છે, જ્યાં રાત્રિરોકાણ કરી કેમ્પફાયર અને આકાશદર્શનની વ્યવસ્થા છે.

શ્રેયસમાં પુસ્તકપ્રકાશનનું કામ ચાલે છે, બહારનાં બીજાં વિદ્યાર્થીઓ અને ગૃહિણીઓ માટે પણ અહીં પ્રવૃત્તિઓ ચાલે છે.

પ્ર. શ્રેયસનું કામ સરળતાથી ચાલે છે ?

ઉ. અત્યારે સામા વહેણે તરવા જેવું છે. બધે સંકરતા આવી ગઈ છે, અત્યારે નથી ગાંધીયુગ; નથી ટાગોરનો યુગ,

નથી અમેરિકન યુગ. અર્ધદગ્ધ સંસ્કારની અસર છે. અને હું મારા આદર્શમાં બાંધછોડ કરવામાં નથી માનતી. આજકાલ સમાજમાં ભણતરનો અને ક્લાસનો ભેદ બહુ તીવ્ર બન્યો છે, એટલે કામમાં અવરોધો આવ્યા કરે છે. કેટલીક પ્રવૃત્તિઓ હાલ પૂરતી સંકેલી લીધી છે.

પ્ર. આપનાં માતાપિતા વિશે કહેશો ?

ઉ. મારાં બા સત્યપરાયણ, સિદ્ધાંતવાદી, સ્વાવલંબી અને સાદાઈમાં માનનારાં હતાં. ખૂબ મક્કમ મનનાં અને ઊંચનીચ કે ગરીબ તવંગરના ભેદમાં માને નહીં.

પિતા એક સફળ ઉદ્યોગપતિ, પ્રખર દેશપ્રેમી અને સત્યનિષ્ઠ વ્યક્તિ હતા. બેઉ ગાંધીજીની અસર નીચે. બેઉ ખૂબ સંસ્કારી. અમે એમનાં મોંએ કદી અપશબ્દ નથી સાંભળ્યો. બેઉને સંતાનો માટે ભરપૂર પ્રેમ અને સમય. અમે આઠ ભાઈબહેન છીએ છતાં દરેકને લાગે કે હું એકનું એક સંતાન છું. એવાં લાડ, પ્યાર અને કાળજી સતત મળ્યાં છે.

પ્ર. આપના ઉછેર વિશે માહિતી આપશો?

ઉ. અમારું ઘર 'રિટ્રીટ' શાહીબાગમાં એકવીસ એકર ખુલ્લી વિશાળ જમીન પર છે. બોટનિકલ ગાર્ડન જેવો એનો બગીચો, જ્યાં વિવિધ વનસ્પતિ છે. પ્રાણીઓ અને પક્ષીઓ છે. તરવા માટે મોટો હોજ, ટેનિસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ, અને ક્રિકેટનું મેદાન છે. ઘરના દરેક સભ્ય માટે અલગ ઘોડો અને ઘોડેસવારી માટે બનાવેલું ખાસ ચક્કર. અમે આઠે ભાઈબહેનો ટ્રાઇસિકલો, બાઇસિકલો તથા સ્કૂટરોની રેસ બંગલાના વિશાળ વરન્ડામાં અને બગીચ્રાના નાના મોટા રસ્તાઓ પર કરતાં.

શરૂઆતમાં અમારા ઘરમાં અને રહેણીકરણીમાં યુરોપની હવા હતી. ફર્નિચર, પડદા, કપડાં, વાસણો પર સચોટ પાશ્ચાત્ય અસર હતી. અમે બા-બાપુજીને મમ્મી-પપ્પા કહેતાં. ઘરમાં બપોરે દેશી રસોઈ અને રાત્રે યુરોપીઅન ખાણું બનતું.

અમને ક્યા પ્રકારનું શિક્ષણ આપવું એ માટે માતાપિતા બહુ ચિંતનશીલ અને જાગ્રત. ૧૯૨૧માં અમે લંડનમાં એક અંગ્રેજ બાઈની ખાનગી શાળામાં અભયાસની શરૂઆત કરી હતી.

પણ પછી 'રિટ્રીટ'માં વિવિધ વિષયના નિષ્ણાતોને રોકીને અમને ઘરશાળામાં શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરી. ભણવાના વિષયો ઉપરાંત નૃત્ય-ગાન-વાદન અને નાટ્યને મહત્ત્વ અપાયું. કાગળકામ, પૂંઠાકામ, ચામડાકામ, ચાકડા પરનું માટીકામ, સુથારીકામ, નેતરકામ, કાંતણ અને વણાટ શીખવાની વ્યવસ્થા થઈ.

બાગાયત માટે દરેકને એક નાનકડું વાડોલિયું હતું, જેમાં અમે જાતે શાકભાજી ઉગાડતાં. આ કામ હું ન કરું તેવો ખયાલ અમને કદી ન આવતો. પરિશ્રમ કરવામાં આનંદ આવતો.

ઘરમાં મુક્ત વાતાવરણ હતું, ઘરઆંગણે પાળેલાં પ્રાણીઓમાં મારું મન એટલું મસ્ત રહે કે રોજ એક કલાક મોડા અમારી ઘરશાળામાં પહોંચવાની મને છૂટ હતી.

શરૂઆતમાં મને વાંચવું બહુ ગમે નહિ, પરંતુ મારા પિતાજી માનતા હતા કે ભિન્ન ભિન્ન વ્યક્તિઓનો વિવિધ દિશામાં વિકાસ એકસરખી ગતિએ નથી હોતો તેથી વાંચવા માટે જરાય આગ્રહ ન કરે. અઢાર વર્ષની વયે વાંચવાનો મને એવો ચસકો લાગ્યો કે સાહિત્ય, ઇતિહાસ, સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, કલા અને શિક્ષણ વિશે ઘણું વાંચ્યું.

પ્ર. આપના પરિવાર પરના ગાંધીભાવ વિશે કંઈ કહેશો ?

ઉ. અમને ગાંધીજીના સાન્નિધ્યનો લાભ મળ્યો. મારાં માતાપિતા તથા ફોઈ એમનાથી પ્રભાવિત. ગાંધીજીના બધા મિત્રો, શાગરીદો, મુલાકાતીઓ અમારે ત્યાં આવે. ગોખલે, ટિળક, નેહરુ, સરદાર પટેલ, રાજાજી આવે. રવીન્દ્રનાથ, દીનબંધુ એન્ડ્રુઝ પીઅરસન, મિસિસ બિસન્ટ, પોલ રિશાર્ડ, દિલીપકુમાર રૉય, ક્ષિતિમોહન સેન, જે. કૃષ્ણમૂર્તિ, નરસિંહરાવ દિવેટિયા, કવિ નાનાલાલ, આનંદશંકર ધ્રુવ, કેશવ હર્ષદ ધ્રુવ, મુનિશ્રી જિનવિજયજી, પં. સુખલાલજી, ગિજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, વિષ્ણુ દિગંબર... ઓહોહો કેવી કેવી વ્યક્તિઓ અમારા ઘેર આવતી અને એક ચિરાગ જેવી એમની જ્ઞાનચર્ચા અમે સાંભળતાં.

મૅડમ મોન્ટેસરીનો પ્રત્યક્ષ સહવાસ થયો. ને શિક્ષણ વિષેના વિચારો નક્કર સ્વરૂપ ધારણ કરવા માંડ્યા. મને જ્ઞાન ગમતું, પરંતુ યુનિવર્સિટીનો અભ્યાસ મારે નહોતો કરવો તો પપ્પાએ મને યુનિવર્સિટીના ભણતર માટે કે પરીક્ષા માટે દબાણ ન કર્યું.

પ્ર. તો આપની શિક્ષણ કારિકર્દી વિશે કહેશો ?

ઉ. મારા માટે ઉત્તમ પ્રોફેસરો રોક્યા. દેશવિદેશના બહોળા પ્રવાસની સુવિધા કરી આપી. પપ્પા વ્યક્તિગૌરવ અને વ્યક્તિ-સ્વાતંત્ર્યમાં માનતા. દેશમાં મેં પગપાળા, ગાડા કે અન્ય રીતે પ્રવાસ કર્યો. તેઓ કોઈ પ્રસંગે અમને રોકડા પૈસા ભેટ નહોતા આપતા. પણ બૅંકમાં અમારાં પોતપોતાનાં સ્વતંત્ર ખાતાં હતાં. ચેક બુક પર અમે સહી કરતાં, અમારા પૈસાનો વહીવટ અમે સમજીને જાતે કરીએ તેવું પપ્પાનું સૂચન હતું. પૈસા અમે ક્યાં વાપર્યા તેવું પૂછતા નહિ.

અમે કલકત્તા રવીન્દ્રનાથના નિવાસસ્થાન જોરાસાંકોમાં

(અનુસંધાન પૃ. ૩૭૬)

આવો, શીખીએ અંગ્રેજી (૮)

ધનુભાઈ મહેતા

ગયા પાઠમાં ભૂતકાળ વિષે આટલું શીખ્યા કે જે ક્રિયાપદને 'ed' પ્રત્યય લગાડવાની તેના ભૂતકાળ અને ભૂતકૃદંતનાં રૂપ બને છે તે નિયમિત ક્રિયાપદો છે. અને હકારવાચક વિધાન-વાક્યમાં નિયમિત ક્રિયાપદ વપરાયું હોય તેવા ગુજરાતી વાક્યનું અંગ્રેજી કરવાના નિયમો પણ સમજ્યા. આ પાઠમાં અનિયમિત ક્રિયાપદવાળા હકાર-નકારવાચક ગુજરાતીનું અંગ્રેજી કરવાના તથા ભૂતકાળમાં પ્રશ્નાર્થ વાક્ય કેમ બને તે વિષેના નિયમો જોઈએ. નિયમમાં માને તે નિયમિત, નિયમમાં ન માને તે અનિયમિત. 'ed' પ્રત્યય લગાડવાથી ભૂતકાળ અને ભૂતકૃદંત બનવાના નિયમમાં જે ક્રિયાપદો માનતાં નથી તે બધાં અનિયમિત ક્રિયાપદો છે. તેને 'irregular verb' (ઈર્રેગ્યુલર વર્બ) કહેવામાં આવે છે. અનિયમિત ક્રિયાપદો ત્રણ વિભાગમાં વહેંચાયેલાં છે. એક પ્રકારનાં ક્રિયાપદો એવાં છે કે જેનું મૂળરૂપ, ભૂતકાળ તથા ભૂતકૃદંતનું રૂપ એકસરખાં છે. દા.ત.-

મૂળ ક્રિયાપદ	ભૂતકાળ	ભૂતકૃદંત
to cut (કટ-કાપવું)	cut	cut
to shut (શટ-બંધ કરવું)	shut	shut
to hit (હિટ-ફટકારવું, મારવું)	hit	hit
to put (પુટ-મૂકવું)	put	put
to split (સ્પ્લિટ-ચીરવું, ફાડવું)	split	split

જે ક્રિયાપદોનાં ભૂતકાળ તથા ભૂતકૃદંતનાં રૂપ એકસરખાં હોય છે તે બીજા પ્રકારનાં અનિયમિત ક્રિયાપદો. જેવાં કે-

to make (મેક-બનાવવું)	made	made
to tell (ટેલ-કહેવું)	told	told
to say (સેડ-કહેવું)	said	said
to have(હેવ-માલિકીનું હોવું)	had	had
to hold (હોલ્ડ-પકડી રાખવું)	held	held

ત્રીજા વિભાગમાં આવે છે નીચે આપેલાં અનિયમિત ક્રિયાપદો, જેમનાં ભૂતકાળ અને ભૂતકૃદંતનાં રૂપો એકસરખાં નથી પણ જુદાં જુદાં છે.

to be (બી-હોવું, થવું)	was-were	been
to do (ડુ-કરવું)	did	done
to go (ગો-જવું)	went	gone
to come (કમ-આવવું)	came	come
to see (સી-જોવું)	saw	seen
to speak (સ્પીક-બોલવું)	spoke	spoken

આ ક્રિયાપદો ભૂતકાળ તથા ભતકૃદંત બનાવવા માટેના 'ed' પ્રત્યયનો નિયમ સ્વીકારતાં નથી તેથી તે અનિયમિત છે એટલે તેને યાદ રાખવા માટેનો કોઈ નિયમ નથી. ફરીફરી પઠન કરી સ્મૃતિસંગ્રહમાં રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેને માટેનો કોઈ અલાયદો કોષ પણ નથી. સામાન્ય શબ્દકોષોમાં ક્રિયાપદનાં મૂળ રૂપની સાથે તે આપવામાં આવતાં નથી. પણ કેટલાક બૃહદ્ શબ્દકોષોમાં કક્કાવારી પ્રમાણે જ્યાં જે તે અનિયમિત ક્રિયાપદ આવતું હોય ત્યાં ત્યાં તેનાં ભૂતકાળ અને ભૂતકૃદંતનાં રૂપો ઉચ્ચાર સાથે આપવામાં આવ્યાં હોય છે. તેવા શબ્દકોષમાંથી કે ગમે ત્યાંથી તમારે તે શીખી તમારી નોંધપોથી અને સ્મરણપોથીમાં ટપકાવી લેવાં જોઈએ.

અનિયમિત ક્રિયાપદ વપરાયું હોય તેવા ગુજરાતી હકારવાચક વિધાન વાક્યનું અંગ્રેજી કરવા માટે કર્તા પછી તરત જ જે તે ક્રિયાપદનું ભૂતકાળનું અનિયમિત રૂપ થતું હોય તે વાપરવું. નિયમ તો સમજ્યા, પણ સમજણ કરતાં અનુભૂતિ ક્યાંય ઊંચી અને ઊંડી, ઘેરી અને ઘનિષ્ઠ હોય છે. એ ન્યાયે હવે કેટલાંક ગુજરાતી વાક્યોનું અંગ્રેજી કેમ થાય તેનાં ઉદાહરણ રૂપ થોડાંક વાક્યો શીખીએ :

ગઈ કાલે શિક્ષકે અમને નવો પાઠ શીખવ્યો.

The teacher taught us a new lessen yesterday.

(to teach - ટીચ - શીખવવું - taught - ટૉટ - ભૂ. કા.; ભૂ. કૃ.)

ગાંધીજી બરાબર બે કલાક બોલ્યા.

Gandhiji spoke exactly for two hours.

(to speak - સ્પીક - બોલવું - spoke - સ્પોક - ભૂ.કા. spoken - સ્પોકન - ભૂ.કૃ.)

દર્દી ગઈ કાલે રાત્રે ઘસઘસાટ ઊંઘ્યો.

The patient slept soundly last night.

(a patient - પેશન્ટ - દર્દી - to sleep soundly - સ્લીપ સાઉન્ડલી - ઘસઘસાટ ઊંઘવું - to sleep - સ્લીપ - ઊંઘવું - slept - સ્લેપ્ટ - ભૂ.કા., ભૂ.કૃ.)

પરિચારિકાએ તેની ફરજ બરાબર બજાવી.

The nurse did her duty well.

(to do - ડુ - કરવું, બજાવવું; did - ડિડ - ભૂ.કા. - done - ભૂ.કૃ.; well - વેલ - બરાબર)

ઊંદરે તેના તીક્ષ્ણ દાંત વડે દોરડું કાપ્યું.

The mouse cut the rope with its sharp teeth.

(a mouse - માઉસ - ઊંદર - to cut - કટ - કાપવું - cut - ભૂ.કૃ.- sharp- શાર્પ - તીક્ષ્ણ, a tooth- ટુથ - દાંત - teeth - બ.વ.)

હવે સાદા ભૂતકાળના હકાર વાક્યને નકારમાં કેમ ફેરવવું તે શીખીએ. કર્તા પછી તરત જ did not મૂકીને ક્રિયાપદનું 'to' વગરનું રૂપ વાપરવાથી સાદા ભૂતકાળનું નકારવાચક વિધાન વાક્ય બને. થોડાંક વાક્યો લઈએ તો તેના આધારે આ નિયમ સરળતાથી ગળે ઊતરી જશે.

મેં બિસ્કિટ ખાધાં નહિ.

I did not eat biscuits.

(to eat - ઈટ - ખાવું - ate - ભૂ. કા.; eaten - ભૂ.કૃ.)

તેણે પોલીસવાળાનો આભાર માન્યો.

He thanked the policeman.

(to thank -થેન્ક - આભાર માનવો)

અમે આજે કાંઈ નવું શીખ્યા નહિ.

We did not learn anything new to-day.

(to learn - લર્ન - શીખવું; learnt - ભૂ. કા., ભૂ. કૃ.; anything - એનિથિંગ - કાંઈ)

મેં સભામાં હાજરી આપી.

I attended the meeting.

(to attend - એટેન્ડ - માં હાજરી આપવી.)

હવે ભૂતકાળના વિધાન વાક્યનું પ્રશ્નાર્થ કેમ બને તે શીખીએ. વાક્યની શરૂઆતમાં સહાયકારક ક્રિયાપદ તરીકે did મૂક્યા બાદ કર્તા મૂકીને ક્રિયાપદનું 'to' વગરનું મૂળરૂપ વાપરવું. જેમ કે-

The hunter killed a lion.

Did the hunter kill a lion ?

(a hunter - હન્ટર - શિકારી, to kill - કિલ- મારી નાખવું.)

We left the place in the early morning.

Did we leave the place in the early morning ?

વિધાન વાક્ય પરથી 'who' 'what' 'when' - જેવા પ્રશ્નાર્થ સૂચક શબ્દથી પ્રશ્ન કેમ બનાવાય ? પહેલાં 'who' થી પ્રશ્ન કેમ બને તે જોઈએ, કારણ કે 'who' બધા પ્રશ્નાર્થસૂચક શબ્દો કરતાં નિરાળું છે. તે કર્તા તરીકે કામ કરે છે અને તેની પછી સહાયકારક ક્રિયાપદ તરીકે 'to do' ક્રિયાપદનું જે તે કાળનું રૂપ વપરાતું નથી. આ નિયમ આગળ વર્તમાન કાળમાં પ્રશ્નાર્થ વિષે શીખ્યા ત્યારે સમજ્યા છીએ.

The carpenter made this table.

Who made this table ?

(a carpenter - કાર્પેન્ટર - સુથાર)

Mina broke the glass.

Who broke the glass ?

(to break - બ્રેક - ભાંગવું, ફોડવું, તોડવું.)

The mouse helped the lion ?

Who helped the lion ?

ઉપરનાં વાક્યો પરથી સ્પષ્ટ થશે કે 'who' પછી સહાયકારક ક્રિયાપદ તરીકે 'did' વપરાતું નથી પણ તરત જ ક્રિયાપદનું ભૂતકાળનું જે રૂપ થતું હોય છે તે જ વપરાય છે. પણ 'what' 'when' જેવા અન્ય પ્રશ્નાર્થ સૂચક શબ્દથી પ્રશ્ન બનાવવો હોય ત્યારે પ્રથમ તે પ્રશ્નાર્થસૂચક શબ્દ વાક્યને પ્રારંભે મૂક્યા પછી 'did' મૂકીને કર્તા વાપર્યા બાદ ક્રિયાપદનું 'to' વગરનું રૂપ મૂકવું. જેમ કે-

Yeto found a copper coin.

What did Yeto find ?

(to find - ફાઈન્ડ - મળી આવવું; a copper coin - કૉપર કોઈન - તાંબાનો સિક્કો)

Rita stayed in a hostel.

Where did Rita stay ?

(to stay -સ્ટે - રહેવું - નિવાસ કરવો; a hostel - હૉસ્ટેલ - છાત્રાલય)

The bride chose a pink sari.

Which sari did the bride choose.

(a bride - બ્રાઈડ - નવવધૂ ; to choose - ચૂઝ - પસંદ કરવું - chose -ચોઝ - ભૂ.કા., chosen - ચોઝન- ભૂ. કૃ.)

ભૂતકાળનું સમાપન કરતાં પહેલાં, શીખેલા મુખ્ય મુદ્દાઓ પર એક પુર્નદૃષ્ટિ ફેરવી લઈએ.

૧. નિયમિત ક્રિયાપદને 'ed' પ્રત્યય લગાડવાથી તેનું ભૂતકાળનું રૂપ બને છે. ૨. અનિયમિત ક્રિયાપદો આ નિયમ સ્વીકારતા નથી પણ તેનાં ચોક્કસ રૂપો બને છે અને તે યાદ રાખવાં અનિવાર્ય છે. ૩. નકાર અને પ્રશ્નાર્થમાં સહાયકારક ક્રિયાપદ તરીકે 'did' વપરાય છે અને તેની પછી વપરાતા ક્રિયાપદનું 'to' વગરનું મૂળરૂપ વપરાય છે.

મનુષ્યને 'સામાજિક પ્રાણી' કહેવામાં આવ્યો છે. 'પ્રાણી' એટલે 'પશુ'- પાશથી, બંધનથી બંધાયેલ તે મનુષ્ય પાછળથી ભૂતકાળ અને આગળથી ભવિષ્યના પાશથી બંધાયેલો છે. કમળદંડની પાંખડીઓમાં પુરાઈ ગયેલા ભમરાની માફક તે હંમેશાં 'રાત્રિર્ગમિષ્યતિ ભવિષ્યતિ સુપ્રભાતમ્' - 'રાત્રિ જશે, ઊઘડશે મધુરું પ્રભાત' - એવી ઉજમાળી આશાઓમાં જીવે છે. આમ, ભવિષ્ય એટલે આશ્વાસન. ભૂતકાળ ભૂલવા જેવો નથી, વર્તમાન ચૂકવા જેવો નથી તો ભવિષ્ય કાળ ઉવેખવા જેવો નથી.

ભવિષ્યકાળને અંગ્રેજીમાં the future tense (ફ્યૂચર ટેન્સ) કહેવામાં આવે છે. ગઈ કાલ એટલે yesterday,

વર્તમાન કાળ એટલે to day અને ભવિષ્યકાળ એટલે to morrow - ટુ મૉરો. ભવિષ્યકાળનો પ્રારંભ કરતાં પહેલાં આપણે 'shall, અને 'will' આ બે સહાયકારક ક્રિયાપદો શીખી લેવાં પડશે.

આગળ આપણે 'to be', ' to have' અને 'to do' સહાયકારક ક્રિયાપદો શીખી ગયા છીએ. એ ત્રણે ક્રિયાપદો સ્વતંત્ર તેમજ સહાયકારક ક્રિયાપદ એમ બન્ને રીતે કામ કરે છે જ્યારે, 'shall' અને 'will' એ ફક્ત સહાયકારક ક્રિયાપદ તરીકે જ કામ કરે છે.

'Shall' - અને 'will' જેવાં જ બીજાં સહાયક ક્રિયાપદો છે - 'can', 'may', 'should', 'munt', 'aught to'. પણ એ બધાં સહાયકારક ક્રિયાપદો વિષે હવે પછીના પાઠમાં વિગતે શીખીશું. ઉપરોક્ત ક્રિયાપદો ગુજરાતીમાં મૂળ ક્રિયાપદની પછી વપરાય છે, જ્યારે અંગ્રેજીમાં તે બધાં મૂળ ક્રિયાપદની આગળ વપરાય છે. સાદા ભવિષ્યકાળના હકાર વિધાન વાક્યમાં 'shall' કે 'will' પછી મૂળ ક્રિયાપદનું રૂપ વપરાય છે, જ્યારે નકાર વાક્યમાં 'shall not' અને 'will not' પછી ક્રિયાપદનું 'to' વગરનું મૂળરૂપ વપરાય છે.

ગુજરાતીમાં 'આવવું' ક્રિયાપદનું 'આવશે,' 'જવું' ક્રિયાપદનું 'જશે' એ પ્રમાણે ભવિષ્યકાળનાં રૂપ બને છે અને પુરુષ તથા વચન પ્રમાણે 'આવવું' ક્રિયાપદ આ પ્રમાણે વપરાય છે :

હું આવીશ.	અમે આવશું.
તું આવીશ.	તમે આવશો.
તે આવશે .	તેઓ આવશે.

આ પ્રમાણેનાં રૂપો થાય છે. અંગ્રેજીમાં આ રૂપો નીચે પ્રમાણે બને:

I shall come	We shall come
Thou wilt come	You will come
He-She-It- will comn	They will come

ટૂંકમાં, અંગ્રેજીમાં સાદા ભવિષ્યકાળના હકાર વાચક, વિધાન વાક્યમાં પહેલા પુરુષ એકવચન - બહુવચનમાં સહાયકારક ક્રિયાપદ તરીકે 'to' વગરના ક્રિયાપદના મૂળ રૂપની આગળ 'shall', બીજા પુરુષ એકવચન thouની આગળ 'wilt વિલ્ટ' અને બીજા પુરુષ એકવચન-બહુવચન you અને ત્રીજા પુરુષ એકવચન-બહુવચનની આગળ 'will' વપરાય છે. નકારવાચક વાક્યમાં 'shall', 'wilt' અને 'will' પછી not મૂકીને 'to' વગરનું ક્રિયાપદનું મૂળરૂપ વપરાય છે. એક વાત ખ્યાલમાં રાખશો કે સામાન્ય રીતે ભવિષ્યકાળમાં પહેલા પુરુષમાં ક્રિયાપદની આગળ 'shall' વપરાય છે, પણ કોઈક કોઈક વાર 'shall'ને બદલે 'will પણ વપરાય છે. પણ બીજા અને ત્રીજા પુરુષમાં 'will'ને સ્થાને 'shall' વપરાતું નથી. ભવિષ્યકાળના હકાર-નકારનાં થોડાંક ઉદાહરણરૂપ વિધાનવાક્યો સમજીએ.

હું આવતી કાલે મુંબઈ જઈશ.
I shall go to Mumbai to morrow.
ચોમાસામાં વરસાદ વરસશે.
It will rain in the monsoon.
(monsoon - મોનસુન - ચોમાસુ)
તમે તમારું કામ સમયસર પૂરું કરશો.
You will finish your work on time.
(to finish - ફિનિશ - પૂરું કરવું - on time - સમયસર)
ખેલ બરાબર નવ વાગે શરૂ થશે.
The show will start sharp at nine.
શિક્ષક તેને શિક્ષા કરશે નહિ.
The teacher will not punish him.
(to punish - પનિશ - શિક્ષા કરવી)
તે પરીક્ષામાં બેસશે નહિ.
He will not appear at the examination.
(to appear at the examination - ટુ અપિઅર એટ ધી એક્ઝામિનેશન - પરીક્ષામાં બેસવું, પરીક્ષા આપવી.)
મારો મિત્ર આ વરસે અમેરિકાથી આવશે નહિ.
My friend will not come from America this year.

ભવિષ્યકાળના વિધાન વાક્યને પ્રશ્ન વાકયમાં ફેરવવું હોય તો વાકયના પ્રારંભે કર્તાના સંદર્ભાનુસાર 'shall' કે will' મૂકીને પછી કર્તા મૂકવો અને પછી મૂળ ક્રિયાપદનું 'to' વગરનું રૂપ વાપરવું. દા. ત. -

You will help me.	Will you help me?
You will stop it now.	Will you stop it now?
I shall tell the truth.	Shall I tell the truth?
You will not leave this place.	Will you not leave this place?

'who, what, when' જેવો પ્રશ્નસૂચક શબ્દ વપરીને ભવિષ્યકાળના વિધાનવાક્ય પર પ્રશ્ન પૂછવો હોય ત્યારે જે તે પ્રશ્નાર્થ સૂચક શબ્દ વાક્યને પ્રારંભે મૂકીને વાક્યનાં સંદર્ભ પ્રમાણે 'shall' કે 'will' મૂકવું અને પછી 'to' વગરનું ક્રિયાપદનું મૂળરૂપ મૂકવું. જેમ કે -

Lata will sing a song.	Who will sing a song?
I shall bell the cat.	Who will bell the cat ?

(to bell the cat - ટુ બેલ ધ કેટ - બિલાડીની ડોકે ઘંટડી બાંધવી)

It will rain in the monsoon.	When will it rain?
I shall do my home-work in the morning.	What will you do in the morning?

'shall not' અને 'will not' નાં ટૂંકાં રૂપ' shan't' અને

'won't' થાય છે.

'Shall' નું ભૂતકાળ 'should' થાય છે અને 'will'નું 'would' થાય છે. 'should' અને 'would' વિશિષ્ટ પ્રયોગો છે તે આવતા પાઠમાં 'shall - will - can - may' જેવાં સહાયકારક ક્રિયાપદો વિગતવાર શીખીશું ત્યારે સમજશું.

વચન, નિશ્ચય, આજ્ઞા, ધમકી અને જરૂરિયાત જેવા વિશિષ્ટ ભાવ ભવિષ્યકાળમાં દર્શાવવાના હોય ત્યારે 'shall' ને સ્થાને 'will' અને 'will' ને સ્થાને 'shall' વપરાય છે. જેમ કે -

I will keep my promise.

(to keep a promise - ટુ કીપ અ પ્રોમિસ - વચન પાળવું)

'જૂલિઅસ સીઝર'ના નાટકમાં સીઝર તેની પત્ની ક્લીઓપેટ્રાને કહે છે 'Give me my robe. I will go to the senate.'

'મને મારો ઝભ્ભો આપ, હું સેનેટમાં જઈશ જ.' આ ઉક્તિમાં નિશ્ચયનો ભાવ વ્યક્ત થાય છે. 'Lata shall stand up.' (આજ્ઞાનો ભાવ)

'Hands up. You shall not move an inch.' 'હાથ ઊંચા. તમે એક તસુ પણ નહિ ખસો'

They shall need it in their rainy day. તેઓને તેમની મુશ્કેલીના સમયમાં તેની જરૂર પડશે. અહીં જરૂરિયાતનો ભાવ દર્શાવાયો છે. આમ, કાળની કેડીએ આપણે ત્રણ સાદા કાળની વાત પૂરી કરી. હવે પછીના પાઠમાં આપણે કેટલાંક સહાયકારક ક્રિયાપદોનો વિગતવાર અભ્યાસ કરીશું. વચગાળામાં શીખેલા ત્રણ સાદા કાળનાં વાક્યો દ્વારા મહાવરો કરી તેનું દૃઢીકરણ કરશો. (ક્રમશઃ)

(ગયા હપ્તામાં પૃ. ૩૦૨ પર બીજા કૉલમમાં 'A pessimist never looks gloomy.' છે તે વાક્યમાં An optimist વાંચવું. આ સરતચૂક બદલ દિલગીર છું. - લે.)

અનુસંધાન] **મહિલાઓની મુલાકાત** [પૃ. ૩૭૨થી

જતાં, ત્યાનું દેશી ઢબનું રાચરચીલું, પૌર્વાત્ય કલાકારીગીરી ચિત્રશિલ્પ, ભારતીય સંગીત-નાટક માટેની અભિરુચિ જોતી અને આ સર્વના ઊંડા સંસ્કાર મારી પર પડ્યા ને પાશ્ચાત્ય ઢબછબની જે છીછરી અસરો હતી એ ધોવાઈ ગઈ.

આપણા ભરતકામના ઠઠારાવાળા સુંદર પોશાક અને જૂના ઘાટનાં ઘરેણાં મેં ધરાઈને પહેર્યાં. કાન વીંધાવ્યા, મેંદી અને કાજળ લગાડ્યાં. મારાં બા સાદાઈમાં માને પણ મને ટોકતાં નહિ. અમારા ઘરનું વાતાવરણ એકદમ સ્વાસ્થ્યપ્રદ, કંઈ નુકસાન થાય, કે નાદાનીમાં કંઈક તોફાન કરીએ તો ય માતાપિતા બેમાંથી કોઈ ગુસ્સે થતું નહિ કે ઠપકો આપતું નહિ.

મારું કાર્યક્ષેત્ર અમુક છે કે હું સ્ત્રી છું એવું કદી મને લાગ્યું નથી. અમારા નિર્ણય અમે કરતાં. તેથી જ એક વાતાવરણમાં ઉછેરેલાં અમારામાંથી, વિક્રમ વિજ્ઞાની બન્યો, મૃદુલા દેશસેવામાં ગઈ, ગીતા સંગીતમાં, ગિરા વહીવટમાં.

પ્ર. આપનાં લગ્ન વિશે કહેશો ?

જ. બાવીસ વર્ષની ઉંમરે, આપોઆપ અને એકાએક બધું થઈ ગયું. પપ્પાને વાત કરી કે 'મારે મદનમોહન સાથે લગ્ન કરવાં છે.' એ સાંભળીને મારા પિતાને મારી સાથે અધીરા થઈ જતા મેં પહેલી વાર જોયા. મેં તેમનું આ વાત પર ધ્યાન દોર્યું અને તરત જ તેમની મૂળ સ્વસ્થતા તેમણે પ્રાપ્ત કરી લીધી. તેઓ માને કે સિવિલ મેરેજ થાય એ હિતાવહ છે, કારણ કે હિન્દુ લગ્નવિધિમાં સ્ત્રી-પુરુષના સમાન અધિકાર નથી. મદનમોહનના કાકાજીને સિવિલ મેરેજની વાત ગમતી ન હતી. થોડા સમય માટે આ પ્રશ્ન ઘણો ચર્ચાયો. મને પણ મારા પિતાના વિચારો સાચા લાગ્યા હતા તેથી કરીશું તો સિવિલ મેરેજ, નહિ તો રાહ જોઈશું. એક દિવસ સરદાર વલ્લભભાઈ મળવા આવ્યા. કહે, 'લીના, વિચારજે. તારો આગ્રહ ઠીક છે, પણ લગ્નજીવન પર તેના ઓળા ન પડે.' અન્તે સિવિલ મેરેજ અને પછી વૈદિક વિધિથી મારું લગ્ન થયું.

કન્યા કોઈ ચીજવસ્તુ નથી કે તેને દાનમાં આપી શકાય. માટે કન્યાદાન વગરનો વિવાહવિધિ કરવાનો હતો. ગુજરાતમાંથી કોઈ આ વિધિ કરાવવા તૈયાર ન થયું. છેવટે પૂનાથી એક શાસ્ત્રીજી આવ્યા હતા.

લગ્ન પછી અમારી મોટર પાછળ પાછળ મારા પિતા તેમની મોટરમાં આવ્યા, ને મારા ઘેર છેક મંગળબાગ સુધી મૂકી ગયા. તેઓ રોજ મને મળવા આવે, હું માંદી હોઉં તો મારી પાસે બેસી રહે.

પ્ર. આપના સાહિત્ય વિષે કહેશો?

ઉ. મને સાહિત્ય ગમે છે. મારાં આંખ, કાન અને સંવેદન-તંત્ર તીવ્ર છે. જે હું જોઉં, જાણું, અનુભવું એ લખું છું. ડાયરી લખું છું.

'અખંડ દીવો'માં વીતી ગયેલા દિવસો અને સ્વજનોની વાત છે. 'વ્યક્તિચિત્રોમાં' વ્યક્તિવિશેષ ટાગોર, નંદલાલ બસુ, આવનીન્દ્રનાથ, કૃષ્ણમૂર્તિ વગેરેનાં સ્મરણો છે. આ સિવાય પ્રવાસવર્ણન, નાટક, કવિતા લખ્યાં છે. શ્રેયસ વિશે, શિક્ષણાત્મક પ્રયોગો વિશે લખ્યું છે.

પ્ર. આપે રાજકારણમાં નથી પ્રવેશ કર્યો ?

ઉ. ના, મને રાજકારણ કે સરકાર ગમતાં નથી. □

કલાવાર્તા

જાપાની સભ્યતા-સંસ્કૃતિને રજૂ કરતું નોંધપાત્ર કલાપ્રદર્શન

ગુજરાતના ઇન્ડો- જાપાન ફ્રેન્ડશિપ ઍસોસિયેશન દ્વારા જાપાની ચિત્રો અને તસવીરોનું એક નોંધપાત્ર પ્રદર્શન ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮થી રવિશંકર રાવળ ગૅલેરીમાં ખુલ્લું મુકાયું. આ પ્રદર્શન ત્યાર પછી ભારતનાં અન્ય શહેરોમાં પણ ભરાશે અને એ દ્વારા ભારત-જાપાન વચ્ચે મિત્રાચારીના, સહકારના, વિચારો તથા કાર્યની આપલેના તથા એકબીજાને વધુ સારી રીતે સમજવાના સંબંધો વધુ વિકસે એ મુખ્ય હેતુઓ પણ સિદ્ધ થશે.

તે દેશના કલાપ્રવાહોથી ભારતીયોને પરિચિત કરવા તથા જાપાની કલાકારો ભારતમાં આવી ભારતને કેવી રીતે નિહાળે છે તે વાત તેમની કલાકૃતિઓ દ્વારા આ પ્રદર્શનમાં સુપેરે પ્રકટ થાય છે.

પ્રસ્તુત પ્રદર્શનમાં જાપાનની વિશિષ્ટ, પરંપરાગત ટેક્નિકોમાં થયેલી તથા ભારતીય ટેમ્પેર પદ્ધતિમાં કરેલી કૃતિઓ અને ભારતીય ઈન્કમાં કરેલી ભારતીય કૃતિઓ પણ છે. તો જાપાનના જાણીતા



તુનેકો આંદોહ



પનિહારીઓ

તસવીરકાર શ્રી સાઇચિરો મિસ્મીના વીસ હજારથી પણ વધુ રંગીન તસવીરોના સંગ્રહમાંથી ચૂંટેલી તસવીરો રજૂ થઈ છે. ગાંધીજીના આદર્શોથી પ્રેરિત થઈ અને નેતાજી સુભાષચંદ્ર બોઝના નિકટ સંબંધમાં આવી મિસ્મી ૧૯૩૮માં ટોકિયોમાં ઇન્ડો-જાપાની ઍસોસિયેશનના સભ્ય બન્યા. આજે ટોકિયોમાં આ સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે છે. તેમણે સક્રિયપણે આવાં સાંસ્કૃતિક પ્રદર્શનો તૈયાર કરવામાં સલાહ-મદદ કરી છે અને ભારતના બધા જ ભાગોમાં ફરી તેમણે તેમની તસવીરો દ્વારા ભારતની ભાતીગળ સંસ્કૃતિ તથા સભ્યતાને જાપાનના લોકો સમક્ષ ધરી છે. તેમની તસવીરોમાં કુદરતનું નિતાંત સૌંદર્ય ઝિલાયું છે તથા તેમની તસવીરો પાછળની અસરકારક વાર્તા તેનાં અર્થપૂર્ણ સંદેશ પણ સૂક્ષ્મ રીતે રજૂ કરે છે. આ પ્રદર્શનમાં પ્રદર્શિત મોટા ભાગની તસ્વીરો ફૂલોનાં (જાપાનનાં) વૈવિધ્યને, સમૃદ્ધ રંગોને, સુંદર આકારોને, ત્યાંના પ્રાકૃતિક વાતાવરણમાં અને પરિવેશમાં રજૂ કરવામાં સફળ રહી છે. જાણીતા ચેરી બ્લોઝમ્સની તો અનેક તસવીરો છે તો સાથે સાથે કુમુદિનીઓ તથા પવિત્ર પદ્મો, તેનાં વિશાળ પર્ણો સહિત સુંદર તસવીરોમાં ઝિલાયાં છે.

કીરી-એ, સૂઈબોકુગા, યુઝેન-સોમેગા, યોશિકૈગા જેવી વિશિષ્ટ પરંપરાગત જાપાની ટેક્નિકોમાં તૈયાર થયેલી સુંદર, લાલિત્યપૂર્ણ ચિત્રકૃતિઓ રજૂ થઈ છે તો ભારતના જ જાણીતા પુષ્કર, રાજસ્થાનનાં અન્ય સ્થળોને રજૂ કરતી કૃતિઓ પાશ્ચાત્ય તૈલરંગોમાં અસરકારક રીતે, કલાત્મક રીતે રજૂ થઈ છે. આ બધી જુદા જુદા પ્રકારની ટેક્નિકોવાળી કૃતિઓના ચૂંટેલા નમૂના ઍસોસિયેશન દ્વારા પ્રકટ કરવામાં આવેલા અદ્દભુત, આકર્ષક સુંદર આર્ટપેપર પર સુંદર છપાઈવાળા કૅટલૉગમાં રજૂ થઈ છે. આ પ્રદર્શનમાં

કિસો મૅગોમ-જુકુ



કાઝુઓમી ઈશી





શોડોહ (Shodoh) જેવી અમૂર્ત કેલિગ્રાફિક વિશાળ સ્ટ્રોક્સ(બ્રાશ)વાળી પ્રભાવકારી કૃતિઓ પણ રજૂ થઈ છે.

- બંસીલાલ દલાલ

જ્યોતિ પંડ્યાનું નિધન

ભાવનગરમાં હસ્તલિખિત 'કુમાર' શરૂ કરનાર શ્રી અનંત પંડ્યાનાં નાનાં બહેન જ્યોતિબહેનનો ઉછેર રાજાશાહી ઠાઠમાં થયેલો. ચિત્ર, સંગીત, નૃત્ય, નાટક, બાળપણથી જ લોહીમાં વહેતાં હતાં. દરેક વિષયના શિક્ષકો ઘેર આવતા. સાહિત્ય-રસજ્ઞો તો સ્નેહીઓ હતા. ભાવનગરના વાસ દરમિયાન સ્વ. રવિભાઈ ને સોમાભાઈ જેવા કલાકારો





મધુ જૈન

ક્રોટોન

ઘેર આવતા. જ્યોતિબહેન ગુજરાતી સાથે એમ. એ. થયા બાદ અંગ્રેજી સાથે પણ થયાં. ઑલ ઇન્ડિયા રેડિયો દિલ્હી ખાતે ન્યૂઝ રીડર તરીકે અને પછી ભાવનગરમાં અંગ્રેજીના વ્યાખ્યાતા-પ્રાધ્યાપિકા તરીકે કામ કર્યું. જીવનની ચાલીસી વટાવ્યા પછી ૧૯૭૩માં ડ્રૉઈંગ શરૂ કર્યું. આ સમયથી જીવનનો પ્રવાહ કળા અને કળાકારો સાથે જોડાઈ ગયો.

૧૯૭૪નું વર્ષ એથી ય વધુ નોંધપાત્ર. મુંબઈની મુવાની ગૅલરિ ફરતું પ્રદર્શન યોજતી હતી. તેમાં એક પ્રદર્શન જ્યોતિ બહેને યોજ્યું. ૧૯૭૫માં ગુજરાત રાજ્યનો ઍવૉર્ડ મળ્યો અને ૧૯૭૯માં નૅશનલ એક્ઝિબિશન, લલિતકલા ન્યૂ દિલ્હીનો ઍવૉર્ડ પણ મળ્યો. ૧૯૮૨માં ડ્રૉઈંગ માટેનું ઇનામ મળ્યું, ૧૯૮૪ થી '૮૬ સુધી ડિપાર્ટમેન્ટ ઑફ કલ્ચરની બે વર્ષની અગ્રિમ કલાકાર તરીકેની જૂનિઅર ફેલોશિપ મળી. ભોપાલ, દિલ્હી, ચંદીગઢ વગેરેમાં તેમનાં ડ્રૉઈંગ્સને સ્થાન મળ્યું. તે ઉપરાંત ઘણા ખાનગી સંગ્રહમાં પણ તેમનાં ડ્રૉઈંગ સંગ્રહાયાં છે.


ગ્રૂપ શોઝ અને વ્યક્તિગત પ્રદર્શનો પણ ખૂબ કર્યાં, જેમાં જહાંગીર આર્ટ ગૅલરિ મુંબઈમાં સાત જેટલાં વૈયક્તિક પ્રદર્શનો કર્યાં. તેમણે આરંભથી અંત સુધી પોતાનું માધ્યમ પેન અને ઈન્ક રાખ્યું અને ફક્ત એક કાળી શાહીથી જ કલાનું મોટું સામ્રાજ્ય ઊભું કર્યું.

ઘર, જમીન, છાપરાં, સૂકાં વૃક્ષો તેમના ચિત્રવિષયો. ઘરની બારીઓ ને ઠૂંઠાં અજબગજબનું આકર્ષણ રચે. ક્યાંક માનવપાત્ર ડોકાય, પણ તે ગૌણરૂપે. તેમનાં ડ્રૉઈંગ્સમાં વસ્તવિકતા સાથે રહી ચિત્રભૂમિ તદ્દન નિરાળી રચે છે. એક જ ચિત્રમાં વિષયાંતર કરી કરી ચિત્રને રસપ્રદ બનાવે છે. ઝાડની પાંદડાં-વિહોણી ડાળીઓ અદ્‌ભુત ભાત રચે છે. પહાડ માટે પણ એમને આકર્ષણ હતું.


૧૯૮૦ની સાલમાં અમદાવાદની વિઝ્યુઅલ આર્ટ ગૅલરિમાં તેમનાં ચિત્રોનું એક પ્રદર્શન થયેલું. ઘણાં ડ્રોઇંગ એકસાથે જોયાં. તેમને મળવાની તક મને મળી. ત્યારે વાત થઈ, 'હું કોઈ કલાશાળામાં ગઈ નથી. સતત કામ એ જ અભ્યાસ. ક્યારેક રાતના બે વાગ્યા સુધી ચીતરું. મારો સમય એટલે મારો સમય અને મારી જિંદગી એટલે મારી જ.' આ અમારા વાર્તાલાપનો સાર હતો. જ્યોતિબહેનની આ દૃઢતાએ જ એમને સ્વતંત્ર વ્યક્તિત્વ અપાવ્યું. કલાસર્જનમાં પૂરાં ઓતપ્રોત છતાં સામાજિક સંબંધો પૂરેપૂરા જાળવે. ભાતભાતની વાનગીઓ બનાવી મિત્રો ને મહેમાનોને ખવડાવી. ઘરના રામાને પણ ભણાવે ને અક્ષરજ્ઞાનનો મહિમા સમજાવે.

પ્રવાસનોય એટલો શૉખ. આખુંય ભારત અને પરદેશ ખૂંદી વળેલાં. સૌરાષ્ટ્ર અને કચ્છનાં અનેક ગામડાંઓનો એક અભ્યાસી તરીકે સર્વે કરેલો. તે વિષયક એમના એક સ્વિડિશ મિત્ર સાથે બે પુસ્તકો પ્રકટ થયાં છે. એ પુસ્તકોને હિસાબે તો તેઓ સ્વીડનનો બે વખત પ્રવાસ કરી આવ્યાં. ૧૯૭૨માં તેઓ સ્વીડન ગયાં અને ત્યાંના કલાકારગ્રૂપને મળ્યાં. અદ્યતન ભારતીય કલા પર વ્યાખ્યાનો આપ્યાં. નાટકમાં પણ રસ. ભાવનગર કે મુંબઈમાં આવા કાર્યક્રમો ગોઠવે અને તેનું સંચાલન કરે. ૧૯૮૨થી વડોદરાને એમણે ઘર બનાવ્યું. સ્નેહાળ સ્વભાવથી વડોદરાના કલાકારો સાથે આત્મીયતા બંધાઈ.

૧૯૯૩માં, તેમને ત્યાં, ભાવનગરના ઘેર ભારતના કલાકારો મળ્યા - કલાના સાંપ્રત પ્રવાહની વિચારણા માટે. એમના



(જ્યોતિબહેન પંડ્યાના બે ડ્રૉઇંગ)



ઘરનો નંબર હતો ૧૯૮૦. પરિણામે એ ગ્રૂપ તે નામે ઓળખાયું. ત્યારે કલાને લગતો મેનિફેસ્ટો બહાર પાડેલો.

આવાં કલાકાર અને કલારસિકનો જન્મ ૧૯૨૮માં શ્રી હીરાલાલ પંડ્યાને ત્યાં ગ્વાલિયરમાં થયેલો. પિતા ગ્વાલિયરમાં એગ્રિકલ્ચર ડિરેક્ટર હતા. તેમનું મૂળ વતન સૌરાષ્ટ્રનું ભાવનગર. તેમના ભાઈ વિનાયક પંડ્યા પણ જાણીતા ચિત્રકાર અને અભ્યાસી હતા. સમગ્ર પરિવારના ઉત્તમ માહોલમાં તેઓ ઊછર્યાં. પતિ જયંત પંડ્યા પણ તે જ કક્ષાના. પોતે ઉદાર હોઈ, જ્યોતિબહેનને મુક્ત અને વિકાસલક્ષી રહેવા દીધાં.

જ્યોતિબહેન યુવાવસ્થામાં ખૂબ નાજુક, નમણાં ને ગૌરવર્ણાં હતાં. તેમના મોં પર જ્ઞાનની સૌમ્ય આભા. એમને મળવાનો મોકો એક સ્મરણ બની રહે.

ઉંમરે પહોંચતાં કાર્યાન્વિત હતાં, પુસ્તકોના ઢગ વચ્ચે રહેવું એમને ગમતું એમ જયરામ પટેલ કહે છે. પુસ્તકો એમને ખૂબ પ્રિય. એમણે છેલ્લે જહાંગીર આર્ટ ગૅલરિનું બુકિંગ કરાવેલું અને વડોદરાની નઝર આર્ટ ગૅલરિમાં પણ; પરંતુ તે રદ કરાવવું પડ્યું. સ્કૂટર-સવારે ટક્કર મારી, હાથના અંગૂઠા અને આંગળાંને નુકસાન થયું. અલબત્ત, વડોદરામાં થતા બધા જ શો જોવા જતાં. છેલ્લે શરીર કથળ્યું. લોહી વારંવાર ચઢાવવું પડતું. તા. ૨૦-૨-૯૮ના રોજ આ તેજસ્વી જ્યોતિ બુઝાઈ ગઈ. તેમનાં પાછળનાં વર્ષોના મિત્ર શ્રી જયરામ પટેલે જીવનમાં સારો સાથ અને હૂંફ આપેલાં. પંખી ઊડી ગયું પણ ટહુકો મૂકતું ગયું. આ વર્ષને નારી વર્ષ તરીકે ઊજવીએ છીએ ત્યારે એમના જીવન અને સર્જન માટેની આપણી લાગણી બલવત્તર બને છે.

- નટુ પરીખ

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૩૩૮થી આવશે. આ ઉપરાંત પાનાંઓ પરનાં લખાણનાં સંયોજનમાં ફેરફાર દેખાય છે. કાર્યાલયમાં જ ટાઇપ સેટિંગ અને પેજિંગની ખેવના જોતાં લાગે છે કે ૧૦૦૦૦ ગ્રાહકોની ટહેલ પૂરી થશે. તમારી જહેમત સફળ થઈ રહી છે. આ ઉપરાંત વાનગીઓ જોઈએ તો, વિવિધતા ખૂબ જ દેખાય છે. સામાન્ય માહિતી, વિશેષ જાણકારી તો લેખોમાં હોય છે તથા તે અભ્યાસપૂર્ણ હોઈ ઉપયોગી પણ ખૂબ છે. જીવનચરિત્રો, વ્યક્તિપરિચય વિગેરે પ્રેરક હોય છે. 'કુમાર'નાં ૭૦ વર્ષમાં ૨૫૦૦થી વધુ વિશેષવ્યક્તિઓને આવરી લેવાઈ છે. આટલું ખેડાણ બીજા કોઈ સામયિકે ભાગ્યે જ કર્યું હશે.

- રમેશ શાહ (સુરત)

ભૂલસુધાર

પૃ.નં. /કોલમ	લીટી	છપાયું છે.	છપાવું જોઈએ.
૮/૧	૩૭(છેલ્લી)	આ	ચા
૮/૨	૭(નીચેથી)	રામાયણ	સાચવણ
૧૦/૧	૧૯	કહે	કરે
૧૦/૨	૧૪	તે	ને
૧૧/૧	૯	હવે	દવે
૧૧/૧	૨૮	અસલ	અતલ
૧૧/૨	૧૭	ક્રીડા	વ્રીડા
૧૧/૨	૨૮	ખમીર	અમીટ

(જાન્યુઆરી ૧૯૯૮ના અંકમાં શ્રી ભરત ના. ભટ્ટની વાર્તા 'અનુ-રાગ'માં ઉપર મુજબ કેટલીક મહત્ત્વની છાપભૂલો રહી ગઈ છે તે સુધારી લેવી.)

સમગ્ર મેઘાણી સાહિત્ય

મેઘાણી જન્મશતાબ્દી નિમિત્તે મેઘાણી-કુટુંબ તરફથી પ્રકાશિત થઈ રહેલી સમગ્ર મેઘાણી-સાહિત્યની ગ્રંથાવલિના પહેલા ચાર ગ્રંથો ગયે વરસે બહાર પડેલા. હવે આ ત્રણ ગ્રંથો પ્રગટ થયા છે : ૧. રઢિયાળી રાત, ૨. લોકસાહિત્ય : ધરતીનું ધાવણ, ૩. લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય: વ્યાખ્યાનો અને લેખો. આવતા દોઢેક વરસમાં વધુ પંદરેક ગ્રંથો બહાર પડવાના છે.

માની ન શકાય એટલી ઓછી કિંમતે સુલભ બની રહેલા આ ગ્રંથો જાણીતા પુસ્તક-વિક્રેતાઓ પાસે પ્રાપ્ય છે. ગ્રંથાવલિ વિશેની માહિતી પ્રકાશકના સરનામેથી મળી શકશે :

પ્રસાર, આતાભાઈ એવન્યૂ, ભાવનગર-૩૬૪ ૦૦૨.

સાહિત્યસંપર્ક

'દર્શક'ને સરસ્વતી સમ્માન

ગુજરાતી ભાષાના વાચક અને વિવેચક - ઉભયપ્રિય એવા નવલકથાકાર શ્રી મનુભાઈ પંચોલી 'દર્શક'ને ૧૯૯૭ના વર્ષનું કે. કે. બિરલા ફાઉન્ડેશન યોજિત 'સરસ્વતી સમ્માન' પ્રાપ્ત થયું છે. ગુજરાતી ભાષા અને સૂચિત સરસ્વતી સમ્માનના સુયોગની આ ક્ષણે 'દર્શક' અને એમની, આ સમ્માનનું નિમિત્ત થનારી યશોદાયી નવલકથા 'કુરુક્ષેત્ર' વિશે અહીં પ્રાસંગિક નોંધ કરવાનું મુનાસિબ માન્યું છે.

'વિવેચક ને વાંચનારે કરેલી કદર સહાયભૂત થાય છે, સામગ્રી વિરલ અનુભવો જ આપે છે પણ લખાય છે તેને સર્વવ્યાપી કરવાની અદશ્ય મનીષાની પરિતૃપ્તિ માટે, ધન્યનામ ગુંસાઈજીએ પણ લેખકને આ જ આદેશ આપ્યો છે : 'स्वान्तः सुखाय तुलसी रघुनाथगाथा ।' સર્જન કોઈને માટે થતું નથી, કોઈને ઉપયોગી અવશ્ય થાય છે. પણ સર્જનનાં ફૂલો તો ચડે છે અંતરદેવતાને.' ('વાગીશ્વરીનાં કર્ણફૂલો' પૃ. ૨૯૫)

વર્ષો પૂર્વે કોઈએ દર્શકને પૂછેલાં પ્રશ્ન : 'આપ કોને માટે લખો છો?' -નો સીધો ઉત્તર ન આપતાં દર્શકે તેઓ કેમ અને કયારે લખે છે - એની વાત કરતાં કરતાં અંતે માળાના મેર સમુ વાકય લખે છે :



[હરીન્દ્ર દવેનું કેરિકેચર]

'સર્જનનાં ફૂલો તો ચડે છે અંતરદેવતાને.'

દર્શકને એમના આવા, સર્જન પુષ્પોનો અભિષેક પામનારા અંતર દેવતાનો પરિચય કયાં થયો હશે, વારુ ? - એવા પ્રશ્નનો ઉત્તર સરળ નથી. પન્નાલાલની માફક સાવ ઓછું નહીં તો પણ ઘણું ઓછું ભણેલા મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક' (૧૯૧૪) જીવન-નિશાળ ના આજીવન વિદ્યાર્થી રહ્યા છે. એમની આલા દરજ્જાની આ નિશાળનાં દરવાજા-બારી-બારણાં કદી બંધ થયાં નથી. આંખ સામે ચરાચર જગત હોય તો પ્રત્યક્ષરૂપે અને



એકાન્ત એ આગવું વતાં એટલે કે એકલા પડતાં વિવિધ વિષયોમાં ઊંડું અવગાહન કરાવનાર ગ્રંથસૃષ્ટિના પરોક્ષ-જીવન - અનુભવોમાં દર્શક રસ-તરબોળ થઈ પલોટાતા રહ્યા છે. અહીં પ્રત્યક્ષ અને પરોક્ષ જીવન અનુભવ - એવા ચાર શબ્દોમાં એમની જીવનનિશાળની વિરલતા વર્ણવવી મુશ્કેલ છે. વાંકાનેર પંથકનાં તિથવા, પંચાસિયા ને લૂણસર જેવાં ગામડાંમાં શિક્ષક પિતાની થતી રહેતી ફેરબદલીની ગાડાવાટે કે નાની બહેનોની સાથે વતન વઢવાણમાં એકલી રહેતી માતાના ઘરવટમાં, ઘેરથી કોઈને કીધા વિના ભાગી આવી ધોલેરાની સ્વાતંત્ર્ય સૈનિકોની છાવણીમાં જોડાતાં કે સવિનય કાનૂનભંગ બદલ નાસિક ને વિસાપુરની જેલમાં, ભાવનગર રાજ્યનાં ત્રાપજ-તણસા કે સોંશિયા-બાબરવા જેવાં ગામડાંના ચોરે અને કવચિત્ 'બોળાવાડો કરનારા' તરીકે ગામનો સામૂહિક તિરસ્કાર પામી મસાણે કરેલા રાતવાસોમાં, ગ્રામાભિમુખી કેળવણીનો સમયપાડ્યો સાદ સમજાતાં નાનાભાઈ ભટ્ટે સ્થાપેલી લોકશાળામાં કે સૌરાષ્ટ્રના નામાંકિત કૃષિવિદ ઇસ્માઈલભાઈ નાગોરી પાસે છમાસિક સઘન કૃષિવિદ્યાતાલીમ માટે તરવડા ગામે ખેડૂતવાસ કરતાં દર્શકે પંચમહાભૂત તત્ત્વોને ખુલ્લા આંખકાને

સાહેબ

'સાહેબ' શબ્દ હવે તો ભારતની ઘણીખરી ભાષાઓમાં રોજિંદા વપરાશનો બની ગયો છે. અતિ પરિચયને કારણે જાણે કે આ શબ્દ પોતાના અર્થની મૂળ ગરિમા અને માહાત્મ્ય ગુમાવી બેઠો છે.

'સાહેબ' શબ્દનું મૂળ અરબીમાં છે, જેનો અર્થ 'સાહિબ' છે માલિક-પરમેશ્વર, 'પ્રાચીન ફાગુસંગ્રહ' (જેમાં ૧૩મીથી ૧૭મી સદીની રચનાઓનો સમાવેશ થાય છે.)માં આ શબ્દ આવા જ અર્થમાં વપરાયો છે. ભારતમાં ઇસ્લામના આગમન પછી આ શબ્દ આપણે ત્યાં આધ્યાત્મિક-ધાર્મિક સાહિત્યમાં, સજ્જાયોમાં તેમજ સંતવાણીમાં 'પરમેશ્વર'ના અર્થમાં વપરાયો છે. નોંધનીય વાત એ છે કે નરસિંહ અને મીરાંની રચનાઓમાં સાહેબ શબ્દ ક્યાંયે વપરાયો નથી. આનો અર્થ એ છે કે નિર્ગુણ-નિરાકાર ઉપાસનામાં આ શબ્દ પ્રયોજાયો છે. આમાં સૂફી પરંપરાની અસર હોઈ શકે.

ભારતમાં અંગ્રેજોના આગમન પછી અંગ્રેજી Sir શબ્દનો ભારતીય પર્યાય 'સાહેબ' બની ગયો અને ઉપરીઓને સંબોધન કરતી વખતે માન દર્શાવવા આ શબ્દ રૂઢ થઈ ગયો. સાર્થકોશોમાં પણ 'સાહેબ' શબ્દનો એક અર્થ 'ગોરા-યુરોપિયન' એવો આપવામાં આવ્યો છે. 'સર' શબ્દ આમ તો ઇંગ્લંડમાં 'નાઈટ' કે 'બૅરોનેટ' જેવા ખિતાબધારી મહાનુભાવોનાં નામ આગળ કે સંબોધનમાં મુખ્યત્વે વપરાતો; ઘરનોકરો પોતાના માલિકને સંબોધન 'સર' તરીકે કરતા. આપણે ત્યાં જેટલો અને જેવો 'સર' શબ્દ રોજિંદા જીવનમાં પ્રયોજાય છે એવો તો આજે અંગ્રેજ પ્રજામાં પણ એ નથી વપરાતો. અંગ્રેજોની ગુલામી હેઠળની આપણા ઉપરની આ દીર્ઘકાલીન અસર લેખી શકાય; કારણ કે ઇસ્લામમાં પણ માનવાચક સંબોધન તરીકે સામાન્ય રીતે 'જનાબ' શબ્દ છે, નહિ કે 'સાહેબ'.

કમ્પાલાના સ્થાનિક આફ્રિકીઓ, 'સાહેબ'નો ઉચ્ચાર 'સેબો' કરે છે. સુખસગવડો, ઠાઠમાઠની રહેણીકરણીના અર્થમાં આપણે સાહેબી, સાહ્યબી, સાહેબશાઈ જેવા શબ્દો ઉપજાવ્યા છે.

'સર'નો ફ્રેન્ચ ભાષાનો પર્યાય 'સાયર' (sire) છે,જેનો એક અર્થ 'વડીલ-માનનીય વડીલ' થાય છે. પ્રાચીન સમયમાં આ શબ્દ 'આપ નામદાર' એવા અર્થમાં સંબોધન તરીકે પણ વપરાતો, પણ સામાન્ય રીતે આ શબ્દ હવે અંગ્રેજીમાં પણ પાળેલા પ્રાણીઓના (ખાસ કરીને રેસના ઘોડાઓ) પિતૃપક્ષે જનક નિર્ધારિત કરવાના અભ્યાસક્ષેત્રે વધુ પ્રચલિત છે.

માવજી કે. સાવલા

આરાધ્યાં છે. ગાંધીવિચારસેવન અને નાનાભાઈ ભટ્ટનો અંતેવાસ એ દર્શકની આછી આત્મકેળવણીનાં આગવાં રસાયણ છે તો એમનું બહુમુખી પ્રતિભાસંપન્ન ચારિત્ર્ય એ નર્યું કનકપાત્ર છે. કેળવણી અને ગ્રામોત્થાન દ્વારા સર્વોદયની ખેવના કરનારા મનુભાઈ અનેક ક્ષેત્રોનાં નાનાવિધ કાર્યોમાં ગળાડૂબ રહે છે. આ સ્થિતિમાં એમની દિનચર્યાનો ત્રીશ ટકા સમય જ સાહિત્યને ફાળવે છે. એમાં પણ વીસ ટકા તો વહેંચાય છે વાચન માટે. અગણિત સહૃદય વાચકોના હવાલા આપીને દર્શક એમની વિશિષ્ટ 'વાચનકથા'ના પ્રારંભે 'અભિલાષા' મથાળું બાંધીને તેના અંતે નોંધે છે : 'સુંદર લખવાનું તો કોઈકથી જ બની શકે પણ તે વાંચવાનું તો બધાંથી બની શકે તેમ છે. આ કંઈ જેવીતેવી રિયાસત છે?'

વિશ્વસાહિત્યની, ગટેના એકરમાન સાથેના વાર્તાલાપો, સોક્રેટીસનું આત્મનિવેદન, શેક્સ્પિયરનું 'ઑથેલો', રવીન્દ્રનાથની 'ઘરે-બાહિરે' અને 'ગોરા'- 'ચિત્રાંગદા', શરદબાબુના 'શ્રીકાંત' - 'સ્વામી', સ્ટાઈનબેકનું 'મૂન ઈઝ ડાઉન, પ્લેટોના સંવાદો અને મહાભારતનું 'ઉદ્યોગપર્વ' જેવી પ્રશિષ્ટ કૃતિઓની સૂચિ સંપડાવીને પોતાની આગવી વિશાળ વાચન-રિયાસતનો પરિચય આપનારા દર્શકે પણ 'કબ્રસ્તાન'/ 'બંદીઘર' (૧૯૩૬), 'કલ્યાણયાત્રા' (૧૯૩૬), 'બંધન અને મુક્તિ' (૧૯૩૯), 'પ્રેમ અને પૂજા' (૧૯૪૪), 'દીપનિર્વાણ' (૧૯૪૪), 'ઝેર તો પીધાં છે જાણી જાણી' (૧: ૧૯૫૨, ૨: ૧૯૫૮, ૩: ૧૯૮૫), 'સોક્રેટીસ' (૧૯૭૪), 'કુરુક્ષેત્ર' (૧૯૯૪), 'જલિયાંવાલા' (૧૯૩૪), '૧૮૫૭' (૧૯૩૫), 'પરિત્રાણ' (૧૯૬૭), 'અંતિમ અધ્યાય' (૧૯૮૩), 'ગ્રહારણ્ય' (૧૯૯૫), 'વાગીશ્વરીનાં કર્ણફૂલો' (૧૯૬૩), 'ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી' (૧૯૭૨), 'ત્રિવેણી તીર્થ' (૧૯૫૩), 'મારી વાચનકથા' (૧૯૬૯), 'ચેતોવિસ્તારની યાત્રા' (૧૯૮૭), 'સદભિઃ સંગઃ' (૧૯૮૯), 'પત્રતીર્થ' (૧૯૯૦), 'આપણો વારસો ને વૈભવ' (૧૯૫૩), 'મહાભારતનો મર્મ' (૧૯૭૮), 'રામાયણનો મર્મ' (૧૯૮૩), 'બે વિચારધારા' (૧૯૪૫), 'લોકશાહી' (૧૯૭૩), 'રાજ્યરંગ' (૧૯૮૭), 'સર્વોદય અને શિક્ષણ'૧-૨ (૧૯૬૩), 'શાંતિના પાયા' (૧૯૭૩), તથા 'દેશવિદેશ' (૧૯૯૩) જેવાં વિવિધ સાહિત્ય સ્વરૂપોના નાના-મોટા ગ્રંથો રચીને આપણી પેઢીનાં આબાલવૃદ્ધ સહૃદય ભાવકો માટે - વાચકો માટે એક રસાળ તેમજ દૂરનું દેખાડનારી વાચન-

રિયાસત સરજી આપી છે.

'સર્જક લખે છે તેમ કહેવા કરતાં કોઈ વાર કાળ સર્જકને લખાવે છે તેમ કહેવું વધારે ઘટારત છે.' એવું વિધાન 'સોક્રેટીસ' નવલકથાના અનુકથનમાં કરનારા દર્શકને લોકભારતીના વિદ્યાર્થી તરીકે પૂછેલા વેધક પ્રશ્ન : 'તમે જે નવલકથાઓ લખી છે તેના લેખક' 'દર્શક' અને આ સંસ્થા (એટલે કે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ : સણોસરા)ના નિયામક મનુભાઈ પંચોલી વચ્ચે ખાસ્સું અંતર અનુભવાય છે, આવું કેમ ?' -નો અત્યંત સરળતાથી છતાં પૂરી સર્જકનિષ્ઠાથી, પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થીને શાબાશી આપીને વાળેલો ઉત્તર કંઈક આવો હતો :

'મૂળ એક વાત સમજી લો, આ તમારો નિયામક મનુભાઈ અને 'દીપનિર્વાણ' અને 'ઝેર તો પીધાં છે...' નો લેખક દર્શક બંને એક નથી. હા, એ બંને વસે છે એક જ ખોળિયામાં પણ તેમ છતાં તમે કહો છો તેમ એ બેયમાં આભ-જમીનનું અંતર છે. એમની વચ્ચેનો ભેદ હું તમને સમજાવું. તમે જેને દરરોજ જતાં-આવતાં, વાંચતાં-લખતાં, ભણતાં-ભણાવતાં માણસ રૂપે જુઓ છો, એ છે લોકભારતીનો નિયામક મનુભાઈ, માણસ તરીકેની ઘણી બધી જળોજથાથી વીંટળાયેલો અને નાની-મોટી મર્યાદાઓ ધરાવતો નર્યો મનુભાઈ, જ્યારે 'દીપનિર્વાણ' અને 'ઝેર તો પીધાં છે...' ના સર્જક તરીકે તમે જેને જાણો છો એ છે 'દર્શક'. તમે હમણાં જ કહ્યું તેમ, આ ટાઉનહૉલ, તેનો વાચનખંડ, તમે બેઠા હો એ ખુરશી-ટેબલ ને સાંજના છ વાગવામાં છે, હમણાં ભોજનનો બેલ વાગશે - એ સમયભાનને ભૂલવી દેનારો અનુપમ કથાલોક રચનાર એ 'દર્શક' કોણ છે? એ છે, તમારા આ હાડમાંસના મનુભાઈએ, સારાં-નરસાંની સમજ કેળવાઈ ત્યારથી ઉઘાડાં આંખકાને જે જોયું-જાણ્યું, વાંચ્યું-વિચાર્યું ને જીવ્યું-જીરવ્યું - એ સઘળાંમાંથી એક ઉદાત્ત માનવીની કલ્પનામૂર્તિ કંડારાતી હતી, જે સૌને પ્રેમ કરે ને સૌ જેને ચાહતાં હોય, જે ક્યારેય, કોઈનીય ઉપર ગુસ્સે ન થાય, કદી ભાંગી કે રડી ન પડે, કોઈને ય વહાલાં-દવાલાં ન ગણે. બસ, આવા આપણી દુનિયામાં ન જડે એવા માણસ થવાની લગની લાગી હતી. પણ મૂળે હું તો તમારી જેમ માણસ જને ? થવું હતું એ થઈ શકાયું નહીં. ને છતાં પેલી મથામણે પીછો ન છોડ્યો. એ રાગદ્વેષ ને માનાભિમાનથી વેરાયેલા તમારા મનુભાઈએ એની પેલી કલ્પનામૂર્તિને 'દર્શક'નું નામ આપી જિવાય એટલું, આવું ઉદાત્ત જીવન જીવવાની રટણા પાર પાડી. હવે તમે પૂછ્યો છે એ પ્રશ્નનો જવાબ આપું, તમે મનુભાઈને ય ઓળખો છો ને 'દર્શક'ને ય ઓળખો છે. તમને ગમે છે એમ મને ય મનુભાઈ મરી જઈને 'દર્શક' રૂપે ત્રણશેં ને પાંસઠેય દિવસ જીવવું ગમે છે, પણ મારા ભાય, 'દર્શક' બનવું એમ કાંઈ રેઢું ખરું છે? ઈ તો બહુ દોહ્યલું છે, વરસ-દા'ડે માંડ પાંચ-પચ્ચીસ કલાક 'દર્શક' તરીકે જીવાય છે! (દર્શક અધ્યયનગ્રંથ, સંપાદકીય, પૃ. ૧૧)

આ દોહ્યલું કામ કઈ રીતે થાય છે એનો પૂરો આલેખ, 'ઝેર તો પીધાં છે...' ના બીજા ભાગના અંતે મૂકેલી કેફિયતમાં આમ મળી આવે છે : 'સાહિત્યસર્જન પણ એક ઉપાસના છે, વ્રત છે. તે ગમે તે અવસ્થામાં, ગમે ત્યાં કે ગમે ત્યારે થઈ શકતું નથી. ઓછામાં ઓછું મેં તો સર્જનને એ રીતે મૂલવેલ છે. સેંકડો ને હજારોનાં ચિત્તને જે નિર્મળ, ઉજ્જવળ ને ઉદ્યત કરે તેવું સાહિત્ય ઉભડક પગે લખી શકાવું મુશ્કેલ છે. લેખક પોતે માગે તો પણ તે ન બને. અંદર વસનારું ને લખાવનારું તે નિર્મળ બને ઉજ્જવળ તત્ત્વ એકાગ્ર-અખંડ ઉપાસના માગે છે.'

દર્શકે એમની 'દીપનિર્વાણ' નામની નવલકથામાં કથાનાયક આનંદ મહર્ષિ ઐલની યવનધ્વસ્ત વિદ્યાપીઠ તક્ષશિલામાં પહોંચે છે ત્યારે પ્રવેશ દ્વારે અટકાવી ત્યાં મૂકેલી વિનંતી વંચાવી છે : 'હે ચક્રવર્તી ! આ જગ્યાએ જ્ઞાનની અધિષ્ઠાત્રી, આજીવન બ્રહ્મચારિણી, સર્વવત્સલા સરસ્વતીનું ઉપાસના સ્થાન છે એટલે અહીંની શાંતિને સળંગ રાખવા માટે તારા, સપ્તસિંધુઓનું જલ પીધેલા ઘોડાને અહીં બહાર જ વિશ્રામ દેજે. તારાં દેદીપ્યમાન અસ્ત્રશસ્ત્રનો ભાર અહીં જ રથમાં ઉતારી નાખજે; ને તારા રાજવી મદમર્દનનો અહંભાવ અહીં જ મૂકીને આ અંતર્વેદીમાં પગ મૂકજે.'('દીપનિર્વાણ' પૃ. ૧૧૯, આ. ૧૦, ૧૯૯૭) તક્ષિશલા વિદ્યાધરી સરસ્વતીનું તીર્થ છે, તેની આરાધના કરનાર મહર્ષિ ઐલ જંગમતીર્થ છે તો, 'વાચનકથા'ના સર્જક દર્શક અનુસાર પ્રશિષ્ટ મહાગ્રંથો તો જંગમતીર્થ સાધુસંતોથી ય સવાયા જંગમ છે ! તેથી જ પેલા અનામ ચક્રવર્તીને કરાયેલી વિનંતી કોઈ પણ ગ્રંથના પ્રવેશપૃષ્ઠે એના સર્જકે ભલે ન મૂકી હોય; આપણે સૌ સહૃદય વાચકે તો તેને મનોમન વાંચી-સ્મરીને જ ગ્રંથપ્રવેશ કરવો ઘટે.

દર્શકના થયેલા આ સરસ્વતી સમ્માનનું નિમિત્ત એમની 'કુરુક્ષેત્ર'નામની નાની નવલકથા બની છે. મૂળે 'કુરુક્ષેત્ર' ચુનીલાલ મડિયાના 'રુચિ' નામના માસિકમાં ક્રમશઃ આઠ પ્રકરણરૂપે પ્રગટ થઈ હતી. પણ વચ્ચે 'પરિમાણ' નામનું નાટક લખાતાં કુરુક્ષેત્રમાં કૃષ્ણનું આલેખન કરવાનો ઉદ્દેશ પૂરો થઈ જતાં નવલકથા ઢીલમાં પડી હતી તે છેક ૧૯૯૧માં દર્શકે અમેરિકા પ્રવાસ દરમ્યાન તે પૂર્ણ કરી.

કથાલેખન સમયે 'દર્શક' સમક્ષ ઉદ્દેશ તરીકે - 'એક કુરુક્ષેત્ર', કૃષ્ણ વિનાનું કુરુક્ષેત્ર તો ખેલાઈ ચૂક્યું હતું અને એનાં સંવેદનો મેં 'દીપનિર્વાણ' અને 'ઝેર તો પીધાં છે...'માં ઝીલ્યાં અને આવર્તિત કર્યાં હતાં. પણ તે કૃષ્ણ વિનાનું કુરુક્ષેત્ર હતું. મારે 'કુરુક્ષેત્ર'માં કૃષ્ણનું દર્શન કરવું હતું. ('કુરુક્ષેત્ર', સંવેદન, પૃ. ૫).

'દર્શક'ની નવલકથાઓની પૃષ્ઠભૂ હંમેશાં મધ્યમૂલક રહી છે. અહીં સર્વ

વાતે અ-પૂર્વ અને અનન્ય એવા કુરુક્ષેત્રીય યુદ્ધની કથા મંડાઈ છે. પહેલી નજરે મહાભારતમાં નિરૂપાયેલા કથાનકનું દર્શકે 'કુરુક્ષેત્ર'માં પુનઃ નિરૂપણ કર્યું છે - એવો ખયાલ બંધાય છે, પરંતુ મહાભારતમાં વૈશંમપાયન વ્યાસે એ સંકુલ યુદ્ધઘટનાનું નિરૂપણ સંજયની સાક્ષીએ-વાણીએ કરાવ્યું છે તો દર્શકે સંજયનું એ કામ કથાની નાયિકા ધૌમ્યપુત્રી તપતીને ભળાવ્યું છે.

વળી, દર્શકે અહીં આર્યકન્યા તપની અને નાગકુમાર તક્ષક વચ્ચે પાંગરેલા પ્રણયભાવની વેદિ પર આર્ય-અનાર્ય સંઘર્ષ અને સંમિલનની કથા પણ યુદ્ધકથાની આસપાસ કહો કે પડછે/પછીતે માંડી છે. અને એમની આગવી હથોટીએ બહેલાવી છે. પણ સૌથી અલગ તરી આવતી અને વિશેષ ઉલ્લેખ માગતી, આ કથાની મહત્તા તો કૃષ્ણનું અહીં મનુષ્યરૂપ ચરિત્રચિત્રણ સિદ્ધ થયું છે, તે છે. ગાંધારીએ કરેલા દેવત્વના આરોપણને મળતો કૃષ્ણનો આ પ્રત્યુત્તર જુઓ 'માતા, હું સર્વસમર્થ, સર્વનિયંતા હોત તો દૃષ્ટિમાત્રથી દુર્યોધનને દૃષ્ટિ આપી શક્યો હોત, તો યાદવો પર તમારાં શાપ ન ઊતરત. ના, ના, આપણે કરી છૂટીએ, બાકી તો બધું જગતનિર્માતાના હાથમાં છે.' વળી, ઉત્તરાના ગર્ભસ્થ શિશુને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્ર સાથે અભય આપવા કૃષ્ણ આ વાણી : 'હું વૃષ્ટિવંશનો દેવકીપુત્ર કૃષ્ણ, મારાં બધાં પુણ્યને સામે પલ્લે મૂકી આ પ્રતિજ્ઞા લઉં છું. બ્રહ્માસ્ત્ર કે પશુપતાકાસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ નહીં મરે.' પણ દર્શક આ પ્રતિજ્ઞા પછી એક મહત્ત્વનું નિરૂપણ નાના શા વાક્ય દ્વારા કરે છે :

'ઉત્તરાના પુત્રને ખોળામાં લઈ, તેના તાળવે હાથ મૂકી (કૃષ્ણ) કહે, હજુ આનું બ્રહ્મરંધ્ર ગરમ છે.' જે પેલી દેવવાણીને મનુષ્યોચિત ઠેરવે છે.


આમ, દર્શકની આ કૃતિ વિશિષ્ટ પરિમાણ ધારણ કરે છે. - **રમેશ ર. દવે**

હરકિસન મહેતાનું નિધન

'ચિત્રલેખા'ના ઉદ્યમી સફળ તંત્રી અને પોતાની નવલકથાઓ દ્વારા વિશાળ વાચકવર્ગમાં પ્રિય થયેલા હરકિસન મહેતાનું ૩ એપ્રિલ ૧૯૯૮ના રોજ ૭૨ વર્ષની વયે મુંબઈ ખાતે અવસાન થયું છે. પત્રકારત્વના ક્ષેત્રે એમની બેધડક વ્યવહારનીતિ અને સર્જનક્ષેત્રે આમવર્ગને દૃષ્ટિમાં રાખી ઘડાયેલી લેખનરીતિ એમના વ્યાપક વ્યક્તિત્વનાં મજબૂત પાસાં. એમની છેલ્લી નવલકથા તે 'અંત-આરંભ'. પત્રકારત્વમાં એમને ઊંડો રસ અને એની છાયા એમના સર્જન પર પડેલી પણ દેખાય. ૧૯૮૮માં પોતાની ષષ્ટિપૂર્તિ વખતે એમણે મુંબઈમાં વિલે પારલેની મીઠીબાઈ કૉલેજમાં પત્રકારત્વની સંસ્થા શરૂ કરાવી તેમાં પણ આ પત્રકારત્વનો અસીમ પ્રેમ જ ધસી આવે છે. એમણે માત્ર મેજ-પત્રકારત્વ જ નહોતું સ્વીકાર્યું, એઓ ક્ષેત્રકામમાં પણ એટલો જ સક્રિય રસ ધરાવતા - પછી તે કોઈ રાજકીય ઘટના હોય કે કોઈ અસામાજિક તત્ત્વોની માથે ભારે ભીંસ હોય. ગમે ત્યાં જઈ પહોંચવું તે તેમનો નીડર પત્રકારત્વનો આદર્શ. શ્રદ્ધેય સમાચારો પીરસવા જેટલી જહેમત ઉઠાવવી પડે તેટલી તે હિમ્મતપૂર્વક અને પરિશ્રમ-પુરુષાર્થથી ઉઠાવતા.

તેમનો જન્મ ભાવનગર જિલ્લાના મહુવા ગામે ૧૯૨૮ની ૨૫મી મેએ થયો હતો. આમ તો ડૉક્ટર બની સમાજસેવાનું સ્વપ્ન લઈ ૧૯૪૮ના અરસામાં તેઓ મુંબઈ આવેલા. પરન્તુ મહાત્મા ગાંધીની અસર નીચે કૉલેજ શિક્ષણને તિલાંજલિ આપી દીધી અને લેખન તેમજ પત્રકારત્વના ક્ષેત્રે ક્રમશઃ ઝંપલાવ્યું. ડાકુઓના જીવન પર આધારિત એમની નવલકથાઓ જિજ્ઞાસાને સદા સતેજ રાખે તેવી રહસ્યમયી વસ્તુગૂંથણીથી લોકાદર પામી છે. ૧૯૮૧માં સ્ટૉકહોમ ખાતે યોજાયેલી 'ઇન્ટરનૅશનલ ક્રાઈમ રાઈટર્સ કૉંગ્રેસ'માં ભારતનું તેમણે પ્રતિનિધિત્વ કરેલું. એમની નવલકથાઓ પરથી 'ખામોશી', 'વકતકી રફતાર' અને 'જીવનમૃત્યુ' જેવી ટી.વી. સીરિયલો તૈયાર થઈ છે. એમણે લગભગ ૨૧ જેટલી કૃતિઓ સર્જી છે. આ લોકપ્રિય સર્જકનું નિધન એમના વિશાળ ચાહકવર્ગને વસમા ઘા રૂપ છે ! -ધી. પ.

(હરકિસન મહેતાનું કેરિકેચર)



આયુર્વેદ અને ઔષધી-૩

ગૂગળ

ગૂગળનાં વાંકીચૂકી ડાળીવાળાં, કાગળની જેમ પીળાશ પડતી સફેદ ઊખડતી છાલનાં મોટાં ઝાડ થાય છે. આ ઝાડનો ગુંદર તે ગૂગળ.



ગૂગળનો સ્વાદ કડવો અને સહેજ તીખો, તૂરો અને મીઠો છે. તાસીરે ગૂગળ ગરમ છે. ગુણમાં ત્રિદોષહર છે. ગૂગળ પચવામાં હલકો, જલદ, ચીકણો, સુંવાળો, સૂક્ષ્મ અને સરકતો છે. વધુમાં ગૂગળ બલ્ય, રસાયન, વૃષ્ય, અગ્નિદીપક, બૃંહણ, વર્ણ્ય, મૂગલ, આર્તજનક અને પથ્ય છે. જૂનો ગૂગળ મેદહર છે.

ત્રિફળાના ઉકાળામાં ગરમ કરીને ગૂગળને શુદ્ધ કરાય છે અને ટીપીને તેને ગુણકારી બનાવાય છે. દિવેલ સાથે ટીપવાથી તે શ્રેષ્ઠ વાતહર બને છે. દરેક વાના રોગોમાં ગૂગળ ગુણકારી છે.'

ગૂગળનું સેવન કરનારે વધુ પડતી ખટાશ, મહેનત, તડકો, દારૂ અને સ્ત્રી- સેવન ઉપર નિયંત્રણ મૂકવું જેથી વધુ લાભ થશે. હાડકું તૂટે તો ગૂગળના સેવનથી તે જલદી સંધાય છે. ઘા, પાક, ભગંદર, ફીશર વગેરે ગૂગળથી રુઝાય છે.

ગૂગળના સેવનથી પ્રસૂતિ પછી ગર્ભાશય સંકોચાય છે. વળી ગૂગળથી કષ્ટાર્તવ અને અલ્પાર્તવ મટે છે. ગૂગળ શરીરની ચરબી ઘટાડે છે, રંગ ખૂલતો કરે છે, લોહીને શુદ્ધ કરે છે, શરીરને બળ અને પોષણ આપે છે, ભૂખ લગાડે છે અને પાચનતંત્ર સુધારે છે.

આયુર્વેદની ઘણી ગોળીઓ ગૂગળમાં બને છે. તેથી તેની પાછળ ગૂગળ શબ્દ લાગે છે. ઉ. ત. કિશોર ગૂગળ, યોગરાજ ગૂગળ, પુનર્નવા ગૂગળ, ગોક્ષુરાદિ ગૂગળ ઇત્યાદિ. ગૂગળનું નિયમિત સેવન અમૃતની ગરજ સારે છે.

- વૈદ્ય નવીનભાઈ ઓઝા




સૂર્યના વૃક્ષનું મૂળ આ હૃદયમાં,
ગુંજતા કિરણનાં પર્ણપર્ણો ઝૂલે ગગનમાં.
સપ્ત અંબોધિના અતલ તલ હૃદયમાં,
ઘૂઘવતી છોળ પર છોળ છવરઈ રહે ગગનમાં.
('લયલીન'માંથી) - નલિન રાવળ

પદ્મવિભૂષણ ઉષા મહેતા

આ વર્ષના ગણતંત્ર દિવસે ડૉ. મહેતાને, તેમની અર્ધી સદીની દેશસેવા તથા સમાજસેવાની કદર કરી ભારત સરકારે પદ્મવિભૂષણનો ઇલ્કાબ આપીને એમનું સન્માન કર્યું છે. તેમનો જન્મ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામમાં, ૨૫મી માર્ચ ૧૯૨૦ ને દિને થયો. એમના પિતા ન્યાયાધીશ હતા, એથી વારંવાર એમની બદલી થતી એટલે એમનું પ્રાથમિક શિક્ષણ ખેડામાં થયું. તથા માધ્યમિક શિક્ષણ ભરૂચ અને મુંબઈમાં.એમણે વિદ્યાર્થીકાળમાં જ વક્તૃત્વકક્ષાની હરીફાઈમાં પ્રથમ પારિતોષિક મેળવેલ. ઉચ્ચ શિક્ષણ માટે એમણે મુંબઈની વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવેલો. એ સમયગાળામાં, મુંબઈ ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ વક્તૃત્વકળા હરીફાઈ યોજાતી, એમાં લાગલાગટ ત્રણ વર્ષ પ્રથમ ઇનામ મળેલાં. ૧૯૩૦માં એમણે ઇન્ટરની પરીક્ષા આપી, તેમાં મુંબઈ વિશ્વવિદ્યાલયમાં એ પ્રથમ આવ્યાં. બી.એ.માં એમણે સ્વૈચ્છિક વિષય તરીકે ફિલસૂફી લીધી. એ સમયે દેશમાં દેશપ્રેમનો જુવાળ આવ્યો હતો. એનાથી પ્રભાવિત થઈ એમણે હિન્દીનું અધ્યયન શરૂ કર્યું. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની કોવિદની પરીક્ષા આપી. જેમાં એમણે સમગ્ર ભારતના પરીક્ષાર્થીઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું ને હિન્દીનું અધ્યાપન પણ શરૂ કર્યું. આજે પણ એ મુંબઈની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના અધ્યક્ષ છે.

ફિલસૂફી વિષયમાં બી.એ.ની પરીક્ષામાં મુંબઈ યુનિવર્સિટીમાં એ પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યાં. ને કૉલેજમાં દક્ષિણા ફેલો તરીકે નિયુક્ત થયાં. પિતાના આગ્રહથી એમણે એમ.એ.ની સાથે સાથે એલએલ.બી.નું અધ્યયન શરૂ કર્યું. અને ૧૯૪૧માં એલએલ.બી.ની પદવી મેળવી.



એ સમયે દેશનું વાતાવરણ ગાંધીમય હતું. પ્રત્યેક ભાવનાશાળી યુવક-યુવતી દેશભક્તિ માટે ઝંખતાં થયાં. ૧૯૩૦-૩૧માં ઉષાબહેન તો દશ વર્ષનાં જ હતાં, એ વખતે પિતા ખેડામાં જજ હતા. તેઓ કુટુંબને અમદાવાદ ગાંધીદર્શન માટે લઈ ગયા. ત્યારે ગાંધીબાપુએ એને ખાદી પહેરવાનું કહ્યું ત્યારથી એમણે ખાદી અપનાવી. એ પછી પિતાની ભરૂચ બદલી થઈ, ત્યારે પિતાની નામરજી છતાં એ વાનરસેનામાં જોડાઈને પકડાયાં. એ કૉલેજમાં હતાં ત્યારે કૉંગ્રેસના

સક્રિય કાર્યકર્તા બનેલાં.

૧૯૪૨માં જ્યારે મુંબઈના ગોવાળિયા તળાવ મેદાન (જે આજે ઑગસ્ટ ક્રાંતિ મેદાન તરીકે ઓળખાય છે)માં ઑગસ્ટમાં અખિલ ભારત કૉંગ્રેસ મહાસમિતિનું અધિવેશન ભરાયેલું એ વખતે એ ત્યાં સ્વયંસેવિકા હતાં. એમણે મુંબઈના બધા કૉંગ્રેસી નેતાઓની ચાહના મેળવેલી. નવમી ઑગસ્ટે જ્યારે બધા કૉંગ્રેસી નેતાઓ પકડાયા ત્યારે સમાજવાદી નેતાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા. એમને આંદોલન જોરશોરથી ચલાવી શકે તેવા તેજસ્વી યુવાન કાર્યકરોની જરૂર હતી. સમાજવાદી નેતા રામમનોહર લોહિયાને કૉંગ્રેસ રેડિયો સ્થાપી, ત્યાંથી 'ભારત છોડો' યુદ્ધનો પ્રચાર કરવાનો વિચાર આવ્યો. એ સમયે સારા વક્તા તરીકે ઉષાબહેનનું નામ જાણીતું હતું. રેડિયો સ્ટેશન સ્થાપિત કરી શકે એવા એક નિષ્ણાત રેડિયો એન્જિનીઅર મળી ગયા. સ્ટેશન સ્થપાયું, અને રેડિયો પરથી યુદ્ધઘોષણા તથા લડત ચલાવવામાં ઉષાબહેનને સહયોગ આપવા જણાવાયું. ઉષાબહેન તો એ માટે ઝંખતાં હતાં. એ રીતે રોજ રાત્રે ગેરકાયદે કૉંગ્રેસ રેડિયો પરથી ઉષાબહેનની ગર્જના દેશભરમાં સંભળાવા લાગી. ગાંધીવાદી કાર્યકર વિઠ્ઠલભાઈ ઝવેરી, નેતાઓનાં ભાષણોની રેકર્ડ ઉતારી લેતા, જે ભાષણોનું રેડિયો પરથી પ્રસારણ થતું. ઉષાબહેન સમાચારો પ્રસારિત કરતાં અને યુવાનોને લડત જોરશોરથી ચલાવવા જોશીલી વાણીમાં પ્રોત્સાહિત કરતાં. દર પાંચ દિવસે રેડિયો સ્ટેશનનું સ્થાનાંતર થતું. સરકારે રેડિયો સ્ટેશન પર તરાપ મારવા ઘણી કોશિશ તો કરી, પણ સફળતા મળી નહીં. પછી રેડિયો વિષેની માહિતી આપનારને મોટાં ઇનામો આપવાની જાહેરાત કરી. પણ આખરે પેલા રેડિયો ઇજનેરે જ દગો દીધો.

પોલીસે રેડિયો સ્ટેશન પર છાપો માર્યો. એ વખતે રેડિયો પરથી 'વન્દેમાતરમ્' ગવાતું હતું. એથી ઉષાબહેને હિંમતથી પકડવા આવેલા પોલીસોને ગીત પૂરું થાય ત્યાં સુધી થોભવા જણાવ્યું. પોલીસ ગીત પૂરું થયું ત્યાં સુધી શાંત ઊભા રહ્યા.

પછી તો પોલીસે પારાવાર જુલ્મો કર્યા. એકાંત કોટડીમાં પૂરી રાખ્યાં. પરિણામે એમના સ્વાસ્થ્ય પર માઠી અસર થઈ.ખાસ અદાલતમાં મુકદ્દમો ચાલ્યો. એ વખતે ઉષાબહેને એટલી નીડરતા બતાવી કે ન્યાયાધીશે પણ એમની હિંમતની પ્રશંસા કરી. એમને ચાર વર્ષની સખત કેદની સજા ફટકારી અને યરવડા જેલમાં લઈ ગયા. ત્યાં પણ જે ત્રાસ આપાયો તેથી સ્વાસ્થ્ય એટલું બગડ્યું કે આજે પણ એ ખોરાક લઈ શકતાં નથી.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં મુંબઈમાં કૉંગ્રેસ સરકાર રચાતાં ગૃહપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ પહેલું કામ ઉષાબહેનને મુક્ત કરવાનું કર્યું.

જેલમાંથી છૂટી એમનો વિચાર એમ.એ.નો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવાનો હતો. પણ વિલ્સન કૉલેજના પ્રિન્સિપાલે એમને કૉલેજમાં વ્યાખ્યાતાનું કાર્ય કરવા આમંત્ર્યાં એટલે ત્યારથી એમની અધ્યાપિકા તરીકેની કારકિર્દીની શરૂઆત થઈ. એ દરમ્યાન 'ગાંધીજીની રાજકીય ફિલસૂફી' પર શોધપ્રબંધ લખીને ૧૯૫૩માં એમણે પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. તે પછી અમેરિકાની ફૂલબ્રાઈટ છાત્રવૃત્તિ મળતાં એ અમેરિકા ગયાં, અને ત્યાં બે વર્ષ અધ્યયન કર્યું.

ત્યાંથી પાછાં આવ્યાં પછી મુંબઈ વિશ્વવિદ્યાલયના રાજકારણવિજ્ઞાન વિભાગમાં વ્યાખ્યાતા નિમાયાં, અને પછી ક્રમશઃ વિભાગાધ્યક્ષ બન્યાં. એમાં એમણે એટલી પ્રતિષ્ઠા મેળવી કે ૧૯૮૦માં મુંબઈ વિશ્વવિદ્યાલયનાં શ્રેષ્ઠ પ્રાધ્યાપિકા તરીકે પારિતોષિક મળ્યું. ૧૯૮૪માં મુંબઈ યુનિવર્સિટી તથા કૉલેજ યૂનિયન તરફથી શ્રેષ્ઠ અધ્યાપિકાનું પારિતોષિક મળ્યું. ૧૯૯૮માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ભારતના શ્રેષ્ઠ અધ્યાપકોને અપાતા પારિતોષિક માટે એમની પસંદગી થઈ. એ અધ્યાપિકા હોવાથી મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડીનાં માર્ગદર્શિકા તો હતાં જ, પણ સૌરાષ્ટ્ર, નાગપુર તથા શ્રીમતી નાથીબાઈ ઠાકરશી મહિલા યુનિવર્સિટીએ પણ એમને પીએચ. ડી.ના માર્ગદર્શિકા તરીકે નિયુક્ત કર્યાં.

યુનિવર્સિટીમાં શિક્ષણક્ષેત્રમાં તથા સમાજસેવાના ક્ષેત્રમાં એમના કાર્યની કદર કરતાં મુંબઈ વિશ્વવિદ્યાલયે તથા શ્રીમતી નાથીબાઈ ઠાકરશી મહિલા વિશ્વવિદ્યાલયે એમને વિશેષ પદવીદાન સમારંભ યોજી એલએલ.ડી.ની પદવી આપી.

આજે એ અનેક શિક્ષણસંસ્થાઓ સાથે સંકળાયેલાં છે, જેમાં મુખ્ય છે ગાંધી અધ્યયન સંસ્થાન વારાણસી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ સ્ટડીઝ સિમલા, વનસ્થલી વિશ્વવિદ્યાલય.

મહારાષ્ટ્ર સરકારે મરાઠી સિવાયની અન્ય પ્રાદેશિક ભાષાના શિક્ષણ પર કાપ મૂક્યો છે, તેથી પ્રાદેશિક ભાષાને એનું ગૌરવભર્યું સ્થાન મળે તે માટે એમણે 'માતૃભાષા મંચ'ની સ્થાપના કરી. તેના દ્વારા ઝુંબેશ ઉપાડી છે અને કાર્યસિદ્ધિ માટે એ સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી ગયાં છે. એ 'મણિભુવન ગાંધીસંગ્રહાલય'ના તથા મુંબઈ ગાંધી સ્મારક નિધિનાં અધ્યક્ષ છે. ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન દિલ્હીની કાર્યકારિણી સમિતિનાં સભ્ય છે. પૂણેની ગાંધી સ્મારકનિધિની કાર્યકારિણી સમિતિમાં છે. વારાણસીની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ગાંધીઅન સ્ટડીઝ'ની પણ કાર્યકારિણી સમિતિનાં સભ્ય છે. ૧૯૮૪માં એ અખિલ ભારત સર્વોદય સંમેલનનાં પ્રમુખ હતાં. આમ, ભારતની બધી ગાંધી સંસ્થા જોડે એ ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં છે. આજે ૭૭ વર્ષની વયે પણ એમની કાર્યદક્ષતામાં અને પ્રવૃત્તિમાં વાર્ધક્ય શિથિલતા લાવી શક્યું નથી. એમને પદ્મવિભૂષણ આપી સરકારે સ્તુત્ય પગલું ભર્યું છે.

– ડૉ. ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)

હળવી જો'યે ચાલ, ન ભાંગે સાવ રે સૂકું પાન;
વાયરાનો બોલ સાંભળે એવા સરવા જો'યે કાન.

— રાજેન્દ્ર શાહ

એક વખત ઢેબરભાઈ એક મોટા અધિકારી સાથે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફરતા હતા. અધિકારી રાજવી કુટુમ્બના નબીરા હતા. બંને એક ગામને પાદરેથી પસાર થતા હતા ત્યારે ત્યાંના તળાવમાંથી પાણી ભરતી એક છોકરીને જોઈ. એમણે મોટર થોભાવી એ છોકરીને પૂછ્યું, 'આવું ગંદું પાણી કેમ ભરે છે?' છોકરીએ કહ્યું: 'પીવાના પાણીનો ખટારો થોડા દિવસથી આવ્યો નથી.'

ઢેબરભાઈએ પેલા અધિકારીને પૂછ્યું: 'ખટારો કેમ આવ્યો નથી?' 'સાહેબ, ખટારામાં કંઈક ખરાબી થઈ હશે.'

ઢેબરભાઈએ પેલી છોકરી પાસેના પાણીમાંથી એક પ્યાલો પાણી લઈ પેલા અધિકારીને આપ્યું. ને કહ્યું : 'આ પીઓ.' અધિકારીએ કહ્યું : 'આવું ગંદું પાણી કેવી રીત પિવાય?' 'જો તમારાથી ન પીવાય તો અહીંનાં આ લોકો કેવી રીતે પી શકે? પાણીનો ખટારો આવે ત્યાં સુધી મારે તમને અહીં જ રોકવા પડશે.' આટલું કહીને એમણે ડ્રાઈવરને ગાડી ચલાવવાનું કહ્યું. પેલા અધિકારી ગામમાં હાજર રહ્યા એટલે બે કલાકમાં પાણીનો ખટારો આવી પહોંચ્યો.

આજે આવા લોકનેતાઓ કેટલા ?

★

ચહેરા પરની તૈલી ચામડીની સ્વચ્છતા માટે સફરજનના ગરને છૂંદીને મલમ જેવું બનાવી ચહેરા પર પાતળા પડની જેમ લગાવી, ૧૦-૧૫ મિનિટ રાખી પછી ચહેરો ધોઈ નાખો.

★

સંસ્કૃત મહાભારત જગતમાં લાંબામાં લાંબું મહાકાવ્ય છે.

★

ગરમીથી માથાનો દુખાવો થતો હોય તો લીમડાનાં પાનને વાટી તેનો કપાળ પર લેપ કરવાથી મટે છે.

ઈ. ૧૯૯૮ સંબંધિત અંકયંત્ર-૧

૪૯૮	૫૦૫	૪૯૬	૪૯૯
૫૦૪			૪૯૭
૪૯૫			૫૦૨
૫૦૧	૪૯૪	૫૦૩	૫૦૦

ઉપરોક્ત અંકયંત્રમાં નાના બાર ચોરસોમાં - ૪૯૪ થી ૫૦૫ સુધીની ૧૨ સંખ્યાઓને એવી રીતે ગોઠવી છે, જે નીચે જણાવ્યા પ્રમાણે ચાર સંખ્યાઓનો સરવાળો ૧૯૯૮ આવે છે :

૪૯૮ + ૫૦૫ + ૪૯૬ + ૪૯૯ = ૧૯૯૮.
ઉપરની આડી હાર.

૫૦૧ + ૪૯૪ + ૫૦૩ + ૫૦૦ = ૧૯૯૮.
નીચેની આડી હાર

૪૯૮ + ૫૦૪ + ૪૯૫ + ૫૦૧ = ૧૯૯૮.
ડાબી ઊભી હાર

૪૯૯ + ૪૯૭ + ૫૦૨ + ૫૦૦ = ૧૯૯૮.
જમણી ઊભી હાર

૫૦૫ + ૪૯૬ + ૪૯૪ + ૫૦૩ = ૧૯૯૮.
ઉપર-નીચેની હારની વચ્ચેની સંખ્યાઓ

૫૦૪ + ૪૯૫ + ૪૯૭ + ૫૦૨ = ૧૯૯૮.
ડાબી-જમણી હારની વચ્ચેની સંખ્યાઓ

૪૯૮ + ૪૯૯ + ૫૦૦ + ૫૦૧ = ૧૯૯૮.
ચારે ખૂણાઓની સંખ્યાઓ

૪૯૮ + ૫૦૫ + ૫૦૧ + ૪૯૪ = ૧૯૯૮.
ઉપર-નીચેની હારની ડાબી તરફની સંખ્યાઓ

૪૯૬ + ૪૯૯ + ૫૦૩ + ૫૦૦ = ૧૯૯૮.
ઉપર-નીચેની હારની જમણી તરફની સંખ્યાઓ

૪૯૮ + ૫૦૪ + ૪૯૯ + ૪૯૭ = ૧૯૯૮.
ડાબી-જમણી હારની ઉપરની સંખ્યાઓ

૪૯૫ + ૫૦૧ + ૫૦૨ + ૫૦૦ = ૧૯૯૮.
ડાબી-જમણી હારની નીચેની સંખ્યાઓ.

-માધવજી દેવળીઆ

ઈ. ૧૫૫૬માં ચીનમાં વિનાશકારી ધરતીકંપ થયેલો, જેમાં અંદાજે ૮,૩૦,૦૦૦ લોકો મરી ગયાં હતાં.

★

હિમાલયની લંબાઈ ૨૫૦૦ કિ.મી. અને પહોળાઈ પશ્ચિમમાં ૪૦૦ કિ.મી. અને પૂર્વમાં ૧૫૦ કિ.મી. છે.

★

ફ્રાન્સમાં શરૂઆતમાં મૉડર્ન આર્ટ અને 'ક્યૂબિઝમ'ની વિરુદ્ધમાં ઘણો ઊહાપોહ હતો. એક વખતે કલાકૃતિઓના એક વેપારીએ પિકાસોની કૃતિઓ ખરીદવા માંડી, એથી એના મિત્રે એને પૂછ્યું: 'પિકાસોની કલાકૃતિઓ કલાની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ છે?'


'ના રે,' વેપારીએ હસતાં હસતાં કહ્યું: 'પણ અત્યારનો પ્રવાહ જોતાં ભવિષ્યે એના સારા દામ ઊપજશે એમ લાગે છે.'

★

નવા જમાનાની કહેવતો

- ગુનો સાબિત થાય તો જ ગુનેહગાર બાકી તારણહાર.
- સાગમટે પક્ષપલટો એટલે રક્તવિહિન ક્રાન્તિ.
- રોતાને છાનો રખાય, ગાતાને નહીં.
- અધૂરી યોજનામાં વધુ કમાણી.

('આજ કહે વાત'માંથી)



ઈઝરાયલમાં મળી આવેલી ધાતુની કલાત્મક દીવી.